


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર સુદ– ૧૫ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપકઃ- બાબુભાઈ શાહ તા. ૨૩–૪–૨૦૨૪ – મંગળવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૦૭ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT


### સૈયદના સાહેબના નિધન બાદ એક દસકાથી ચાલી રહેલા કાનુની જંગમાં આખરી મુંબઈ હાઈકોર્ટનો ચુકાદો

# દાઉદી વ્હોરા સમુદાયના ધાર્મિક વડા તરીકે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન (૫૩માં દાઈ)ની વરણી યોગ્ય : હાઈકોર્ટ

મુંબઈ, તા. ૨૩ ગુજરાત સહિત દેશભરમાં વિશાળ સંખ્યા ધરાવતા દાઉદી વ્હોરા સંપ્રદાયના ધાર્મિક વડા તરીકે મુફદ્દલ સૈફુદ્દીનની નિયુકિતને પડકારતી એક રીટ અરજી મુંબઈ હાઈકોર્ટે ફગાવી દીધી છે.

### આસ્થા નહીં, માત્ર પુરાવાના આધારે ચુકાદો આપ્યોઃ જસ્ટીસ પટેલ

દાઉદી વ્હોરા સમાજમા ધાર્મિક વડા તરીકે સૈયદના મુફધલ સૈફુદીનની નિયુક્તિને મુંબઈ હાઈકોર્ટે યોગ્ય ઠરાવી છે ત્યારે ચુકાદો આપનારા સીંગલ બેંચના જસ્ટીસ ગૌતમ પટેલે નોંધ્યું છે કે ચુકાદો આસ્થા નહીં પણ માત્ર પુરાવાના આધારે આપવામાં આવ્યો છે.

### ૨૦૧૪માં સૈયદના મહમદ બુરહાનુદ્દીન સાહેબના નિધન બાદ તેમના વારસદાર તરીકે મુફદ્દલ સૈફુદ્દીનની નિયુકિત કરવામાં આવી હતી જેને પડકારતી રીટ અરજી ફગાવાઈ : પરિવારના પિતરાઈ ભાઈઓ વચ્ચે વારસદારના દાવામાં સૈયદના સાહેબના પુત્રનો વિજય

૨૦૧૪માં સંપ્રદાયના પરમાં દાઈ–અલ–મુતકલ સૈયદના મહમદ બુરહાનુદ્દીન સાહેબના નિધન બાદ તેમના વારસદાર તરીકે બીજા નંબરના પુત્ર મુફદ્દલ સૈફુદીન સાહેબની નિયુકિત કરવામાં આવી હતી જેમાં ચાલી રહેલા અદાલતી વિવાદમાં આજે મુંબઈ હાઈકોર્ટે સૈયદના મુફદ્દીન સૈફુદીનની દાઉદી વ્હોરા સમુદાયના વડા




તરીકે નિયુકિતને બહાલ રાખી છે તથા તેમના પિતરાઈ તાહેર ફખરૂદ્દીનના દાવાને ફગાવી દીધો છે. આ સાથે ૨૦૧૪ બાદ જે વિવાદ શરૂ થયો હતો તેનો અંત આવ્યો છે. દાઉદી વ્હોરા સીયા

(અનુસંધાન છઠ્ઠા પાને)

### દાઉદી વ્હોરા સમાજની ૪૦ દેશોમાં વસતી; સૌથી વધુ વસ્તી ભારતમાં

દાઉદી વ્હારા સમાજના ધાર્મિક વડા વિશેના ચુકાદાના વ્યાપક ધાર્મિક અને કાનૂની વિવાદો સર્જાવાની શકયતા રહેલી જ છે. દાઉદી વ્હોરા સમાજ વિશ્વના ૪૦થી વધુ દેશોમાં પથરાયેલો છે અને ૧૦ લાખથી વધુની વસતી છે. સૌથી મોટી વસ્તી ભારતમાં છે.

## ડિજિટલ કૌભાંડ રોકવા કદમઃ આંખોની કીકીને સ્કેન કરીને બેંક ખાતા સુરક્ષિત કરાશે



નવી દિલ્હી તા.૨૩ ડીજીટલ યુગમાં ઓનલાઈન કૌભાંડોની ભરમાર છે ત્યારે તેના પર લગામ કસવા માટે સરકાર અત્યંત મહત્વપૂર્ણ કદમ ઉઠાવવાની તૈયારીમાં છે. બેંકીંગ ઓનલાઈન લેવડદેવડ સુરક્ષિત બનાવવા માટે ગ્રાહકની આંખોની કીકીનો સ્કેનીંગમાં ઉપયોગ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. આ મામલે રિઝર્વ બેંક સાથે બેંકો ચર્ચા કરી રહી છે.

બેંકીંગ સૂત્રોએ કહ્યું કે ગત મહિને બેઠક થઈ હતી. આ યોજના લાગુ કરવાના પડકારો સહિતના મુદા પર ચર્ચા થઈ હતી

(અનુસંધાન છઠ્ઠા પાને)

## હવે ભારતમાં પણ એમડીએચ અને એવરેસ્ટ સહિત બ્રાન્ડના મસાલાના સેમ્પલ લેવાયા

### હોંગકોંગ અને સિંગાપોર સરકારે ભારતીય બ્રાન્ડના મસાલામાં કેન્સર સર્જે તેવા એથીલીન ઓકસાઈડનું પ્રમાણ હોવાનું જણાવીને પ્રતિબંધ મુકતા દેશમાં પણ કાર્યવાહી




નવી દિલ્હી તા.૨૩ સિંગાપોર અને હોંગકોંગમાં ભારતીય બ્રાન્ડના એમડીએચ અને એવરેસ્ટના ચાર મસાલાઓના વેચાણ પર પ્રતિબંધ બાદ હવે ભારતમાં પણ ફુડ સેફટી ઓથોરીટી એકશનમાં આવી છે અને આ બંને સહિતની અનેક બ્રાન્ડના બજારમાં વેચાતા મસાલાઓના સેમ્પલીંગ શરુ કર્યા છે. હોંગકોંગ અને સિંગાપોરના ફુડ સેફટી ઓથોરીટી દ્વારા આ મસાલામાં જંતુનાશક, એથીલીન ઓકસાઈડનું પ્રમાણ હોવાનું જાહેર કર્યુ હતું અને તેનાથી કેન્સરની બિમારી થવાની પણ શકયતા દર્શાવાઈ હતી જે બાદ આ બંને દેશોએ એવરેસ્ટ અને એમડીએચના મસાલાઓ પર પ્રતિબંધ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### સિંગાપોરમાં અમારા ફકત એક મસાલા સામે કાર્યવાહી થઈ છેઃ એવરેસ્ટ

નવી દિલ્હી તા.૨૩ બે વિદેશી સરકારો દ્વારા ભારતના બ્રાન્ડેડ મસાલાઓ પર પ્રતિબંધ મુકયાના અહેવાલમાં એવરેસ્ટ મસાલા ઉત્પાદકોએ સિંગાપોર કે હોંગકોંગમાં તેના મસાલા પર પ્રતિબંધ મુકાયો હોવાનું નકારી કાઢયું છે અને દાવો કર્યો છે કે સિંગાપોર ઓથોરીટીએ તેના દેશમાં આ મસાલાના આયાતકારને હાલ તમામ ઉત્પાદન પાછા ખેંચી લેવા અને તેની વધુ તપાસ બાદ વધુ નિર્ણય લેવાય તેવું જણાવ્યું છે અને એવરેસ્ટના ૬૦ મસાલામાંથી ફકત એક મસાલા માટે જ આ કાર્યવાહી થઈ છે.





## આકાશમાં બે હેલીકોપ્ટર ટકકર બાદ અગનગોળો બન્યા : ૧૦ના મોત

### મલેશીયામાં નેવી ડેની ઉજવણીના રિહર્સલમાં દુર્ઘટના

કવાલાલુમ્પુર, તા. ૨૩ મલેશીયામાં રીયલ મલેશીયન નેવી પરેડના રિહર્સલ વખતે બે હેલીકોપ્ટર સામસામા ટકરાઈ ગયા હતા તેમાં ૧૦ લોકોના મોત નિપજયા હતા. લુમુતના નૌકાદળના મથકે જ આ દુર્ઘટના સર્જાઈ હતી.

મલેશિયન નૌકાદળે જ સતાવાર નિવેદનમાં એમ કહ્યું હતું કે નેવી પરેડના રિહર્સલમાં સામેલ એમ૫૦૩–૩ અને એમ ૫૦૨–૬ હેલીકોપ્ટર હવે સામસામી ટકકર થઈ હતી. એક હેલીકોપ્ટરમાં ૭ અને બીજામાં ૩ લોકો સવાર હતા. નેવીના ૯૦માં સ્થાપના દિનની ઉજવણી માટે આ રિહર્સલ યોજવામાં આવી રહ્યું હતું.

બે હેલિકોપ્ટર વચ્ચેની અવકાશી ટકકરનો ૨૧ સેકન્ડનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. આકાશમાં અધવચ્ચે જ ટકકર બાદ બંને હેલીકોપ્ટર જમીન પર ખાબકી પડતા હોવા સુધીનો ઘટનાક્રમ વિડીયોમાં દેખાઈ રહ્યો છે. રીહર્સલ વખતે મેદાન પર મોટી

(અનુસંધાન છઠ્ઠા પાને)

## કેજરીવાલની ન્યાય કસ્ટડી લંબાવાઈ : તા.૭ મે સુધી જેલમાં રહેવું પડશે

### દિલ્હીના મુખ્યમંત્રી લોકસભા ચૂંટણીના ત્રણ તબકકા સુધી પ્રચાર નહીં કરી શકે તે નિશ્ચિત

નવી દિલ્હી, તા. ૨૩ દિલ્હીના શરાબ કાંડ મુદ્દે જેલમાં રહેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વધુ એક આંચકો લાગ્યો છે અને તેઓને તા.૭ મે સુધી જેલમાં રહેવું પડશે. તેમની સાથે બીઆરએસના નેતા કવિતાની પણ કસ્ટડી લંબાવાઈ છે. દિલ્હીની રાઉજ એવન્યુ કોર્ટે ઈડીના કેસમાં કેજરીવાલની ન્યાય કસ્ટડી તા. ૭ સુધી લંબાવી છે. ગત તા. ૨૧ માર્ચના રોજ કેજરીવાલની ધરપકડ થયા બાદ તેઓ પહેલા ઈડીના કસ્ટડીમાં હતા અને હવે ન્યાય કસ્ટડીમાં છે. તેમણે પોતાની ધરપકડ સામે સુપ્રિમ કોર્ટ સુધી લડત આપી છે. પરંતુ સફળતા મળી નથી. હાઈકોર્ટે પણ કેજરીવાલની શરાબ કાંડમાં ધરપકડને વ્યાજબી ગણાવી હતી અને આ રીતે લોકસભા ચૂંટણીના ત્રણ તબકકા સુધી કેજરીવાલ જેલમાં જ રહેશે. તે ઉપરાંત બીઆરએસ નેતા કે.કવિતા જેની ધરપકડ કેજરીવાલની પહેલા જ થઈ હતી. તેમને પણ હવે ૭ મે સુધી જેલમાં રહેવું પડશે. કેજરીવાલના સ્વાસ્થ્ય અંગે પણ સતત વિવાદ ચાલી રહ્યો છે અને તેમને ડાયાબીટીસની બિમારી હોવાથી ઈન્સ્યુલીનની સુવિધા અપાતી નહીં

(અનુસંધાન છઠ્ઠા પાને)


જોઈએ છે
આસી.એકાઉન્ટન્ટ
મીરેકલમાં કામ કરી શકે તેવા રાજકોટ ઓફિસ માટે, (મેલ/ફિમેલ)
સેલ્સમેન
ગવર્મેન્ટ ડીપાર્ટમેન્ટ માટે પાઈપ લાઈનનાં અનુભવી
સુપરવાઈઝર
લેબર
બામણબોર - ફેકટરી માટે ત્યાં રહી શકે તેવા
અરજી સાથે રૂબરૂ મળો
એલીગન્ટ પોલીમર્સ
૬, રજપુતપરા, લોહાણા બોર્ડીંગ બિલ્ડીંગ, રાજકોટ.
M. 97371 97375, 97376 11127
MANISH ADS

4BHK ફલેટ ભાડે / વેચવાનો છે
ફર્નિશ્ડ (વેસ્ટઓપન)
કોપર એલીગન્સ, ૧૧ મો માળ, સુવર્ણ ભુમી ફલેટની બાજુમાં, પોલીસ ગ્રાઉન્ડની સામે, રાજકોટ.
M. 98250 77995

દિપકભાઈ - 98253 57124 મહેશભાઈ - 97257 45743
પ્લમ–કેક | વોલનટ–કેક
ફજ–બ્રાઉની | ફ્રૂટ–કેક
નાની મોટી બધી સાઈઝ હાજરમાં મળશે
ધી બોમ્બે બેકરી
સદર બજાર મેઈન રોડ, રાજકોટ.
આકાશ - ૯૯૧૩૩ ૭૭૮૧૨

સમર વેકેશન પેકેજ | રેલ્વે દ્વારા
8N /9D
કુલુ-મનાલી-સિમલા
12 May, 20 May
♦ગુજરાતી કીચન ♦સાઈટ સીન ♦ટુર મેનેજર સાથે
SKY Tours & Travels
૧૦૫-આકાર કોમ્પલેક્ષ, લીમડા ચોક, રાજકોટ.
97374 73723, 90674 99964
MANISH ADS















AUTHORIZED DEALER : COOLING PLANET (EXCLUSIVE SHOWROOM): RAJKOT: AIMS ENTERPRISE - 9099055339, BHAVNAGAR: KOTHARI AGENCY - 9737859999.
MEQ HIROBA (EXCLUSIVE SHOWROOM): RAJKOT: SHREE KRISHNA ENTERPRISE - 9825646120. JUNAGADH: SHREE KRISHNA FREEZE - 9825504105,
AUTHORIZED DISTRIBUTOR: RAJKOT: VIJAY INCORPORATION - 9099970086, 9099970315,
AUTHORIZED SALES & SERVICE DEALER: RAJKOT: MAYURI ENT. - 9825210103, SHREE HARI AIRCON - 9372185888, AMRELI: RAM ENT. - 9426952111, AKSHAR SALES: 9426232260, JAMNAGAR: AKASH ENT. - 9879235475, PATEL ELECTRONICS: 7878484624, MORBI: SUNRISE MARKETING - 9712700017, GONDAL: BOMBAY TELE. - 9426611198, SURENDRANAGAR: SALES MEDIA LTD. - 9879613777, SALES MEDIA - 9824503041, BOTAD: SALES MEDIA - 8000082725, PORBANDAR: UTSAV ELE. - 9825219413.
FOR TRADE INQUIRY CONTACT: 9586605009, 9319591911, 7357273699.
0% Consumer Finance Available | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES | IDFC FIRST Bank | EMI Option Available | pine labs

# તાલિબાનનું ડહાપણ : હિન્દુઓ અને શીખોને છીનવેલી જમીનો પરત કરશે!

**અફઘાનિસ્તાનના તાલિબાન શાસને અફઘાનિસ્તાનમાં નિવાસ કરી રહેલા હિન્દુઓ અને શીખો પાસેથી અગાઉ જપ્ત કરેલી ખાનગી જમીન પરત કરવાની યોજના જાહેર કરી છે. આ નિર્ણય જો અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવે તો આંતરરાષ્ટ્રીય અલગતાનો સામનો કરી રહેલી અને તબાહ થઈ ગયેલી અફઘાનિસ્તાનની અર્થવ્યવસ્થાને તાલિબાન સરકાર ફરીથી બેઠી કરી શકે તેવી સંભાવનાઓ સર્જાઇ છે.**








**ઓગસ્ટ ૨૦૨૧માં એટલે કે અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા પહેલા, અફઘાનિસ્તાનમાં હિંદુ અને શીખ સમુદાયોની સંખ્યા લગભગ ૪૦,૦૦૦ જેટલી હતી કે જે કુલ વસ્તીના આશરે ૧% જેટલી હતી. દાયકાઓના સંઘર્ષ, સતામણી અને હિંસાઓના લીધે આ લઘુમતીઓને સામૂહિક સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નર ફોર રેફ્યુજીસ (UNHCR) ના ૨૦૨૪ના અહેવાલ મુજબ હાલમાં અફઘાનિસ્તાનમાં ૩૦૦થી ઓછા હિંદુઓ અને શીખો વસે છે.**

એક આશ્ચર્યજનક નિર્ણય તરીકે અફઘાનિસ્તાનના તાલિબાન શાસને અફઘાનિસ્તાનમાં નિવાસ કરી રહેલા હિન્દુઓ અને શીખો પાસેથી અગાઉ જપ્ત કરેલી ખાનગી જમીન પરત કરવાની યોજના જાહેર કરી છે. આ નિર્ણય જો અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવે તો આંતરરાષ્ટ્રીય અલગતાનો સામનો કરી રહેલી અને તબાહ થઈ ગયેલી અફઘાનિસ્તાનની અર્થવ્યવસ્થાને તાલિબાન સરકાર ફરીથી બેઠી કરી શકે તેવી સંભાવનાઓ સર્જાઇ છે. જો કે, આ નીતિની પ્રામાણિકતા અને લાંબા ગાળાની અસરો અંગે અનેક શંકાઓ હજુ પણ છે.

ઓગસ્ટ ૨૦૨૧માં એટલે કે અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા પહેલા, અફઘાનિસ્તાનમાં હિંદુ અને શીખ સમુદાયોની સંખ્યા લગભગ ૪૦,૦૦૦ જેટલી હતી કે જે કૂલ વસ્તીના આશરે ૧% જેટલી હતી. દાયકાઓના સંઘર્ષ, સતામણી અને લક્ષિત હિંસાઓના લીધે આ લઘુમતીઓને સામૂહિક સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. ઈસ્લામિક સ્ટેટ દ્વારા કાબુલ ગુરુદ્વારા પર વર્ષ ૨૦૨૨માં કરવામાં આવેલા હુમલા બાદ મોટા ભાગના હિંદુઓ અને શીખો પણ અફઘાનિસ્તાન છોડી ચૂક્યા હતા. યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નર ફોર રેફ્યુજીસ (UNHCR) ના ૨૦૨૪ના અહેવાલ મુજબ એક અંદાજો સૂચવે છે કે હાલમાં અફઘાનિસ્તાનમાં ૩૦૦થી ઓછા હિંદુઓ અને શીખો વસે છે. લઘુમતીઓની સંખ્યામાં થયેલો આ તીવ્ર ઘટાડો માત્ર અફઘાનિસ્તાનમાં આ સમુદાયોના સાંસ્કૃતિક વારસાને જ ખતરો નથી, પરંતુ તેમના પૂર્વજોના વતન સાથેના તેમના જોડાણને પણ નબળો પાડે છે.

અફઘાનિસ્તાનમાં રહેતા હિન્દુઓ અને શીખો મોટે ભાગે વેપાર સાથે સંકળાયેલા છે. તેમનો મુખ્ય ધંધો મસાલા અને ડ્રાયફ્રૂટ્સનું વેચાણ અને એક્સપોર્ટ કરવાનો છે. આ ઉપરાંત કેટલાક લોકો ખેતી સાથે પણ સંકળાયેલા છે. પરંતુ વિવિધ સરકારો દ્વારા તેમની સતામણી થતાં તેમની જમીન કથિત રીતે કબજે કરવામાં આવી હતી. જો કે, અફઘાન હિંદુઓ અને શીખોએ દાયકાઓથી જમીનના નિકાલનો સામનો કર્યો છે. ઐતિહાસિક રીતે, તેઓ વારંવાર વેપાર અને વાણિજયમાં અગ્રણી ભૂમિકાઓ પર પ્રભુત્વ ધરાવતા હતા અને મિલિટનટસ તેમને વસૂલી અને મિલકતની ચોરીનું લક્ષ્ય બનાવતા હતા. ભેદભાવપૂર્ણ નીતિઓ અને સરકારી સંસ્થાઓમાં મર્યાદિત પ્રતિનિધિત્વ દ્વારા આ સમુદાય વધુ હાંસિયામાં ધકેલાયો હતો. અફઘાન હ્યુમન રાઈટ્સ કમિશનના વર્ષ ૨૦૧૯ના અહેવાલમાં લઘુમતી સમુદાયો દ્વારા બળજબરીપૂર્વક રૂપાંતરણ, ગેરકાયદેસર કરવેરા અને ધાકધમકીનો સામનો કરવાના અસંખ્ય ઉદાહરણોનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. તેથી, જમીનનું વળતર, માત્ર મિલકતના અધિકારોની પુનઃસ્થાપના જ નહીં પરંતુ જુલમની પ્રણાલીને ખતમ કરવા તરફનું સંભવિત પગલું પણ દર્શાવે છે.

હવે જ્યારે તાલિબાન સરકારે અફઘાનિસ્તાનની લઘુમતીઓ એટલે કે હિન્દુઓ અને શીખોને તેમની જમીન પરત કરવાનો નિર્ણય લીધો છે ત્યારે તેની પાછળ કેટલાક આંતરરાષ્ટ્રીય અને આંતરિક કારણો પણ જવાબદાર છે કે જેણે તાલિબાન સરકારને આ નિર્ણય લેવા માટે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે મજબૂર કર્યા છે. હાલમાં તાલિબાન સરકાર આંતરરાષ્ટ્રીય કાયદેસરતા માટે વલખાં મારે છે અને યુદ્ધગ્રસ્ત રાષ્ટ્રના પુનઃનિર્માણ માટે તેને વિદેશી સહાયની સખત જરૂર છે. આથી આ પગલાને આંતરરાષ્ટ્રીય સમુદાય અને તેમાંય ખાસ કરીને ભારતને ખુશ કરવાના પ્રયાસ તરીકે જોઈ શકાય છે કે જેણે

**લાઈવ WIRE**
**પરખ ભટ્ટ**
bhattparakh@yahoo.com

અફઘાનિસ્તાનને પરંપરાગત રીતે વર્ષોથી માનવતાવાદી સહાય પૂરી પાડી છે. ભારત સાથે રાજદ્વારી સંબંધો પુનઃસ્થાપિત કરવાથી તાલિબાનને ખૂબ જ જરૂરી આર્થિક અને રાજકીય સમર્થન મળી શકે છે.

લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવા માટેની પ્રતિબદ્ધતા દર્શાવીને, તાલિબાન અફઘાનિસ્તાનમાં નવા રોકાણ અને વેપારને આકર્ષવાની આશા રાખે છે. વધુમાં, જમીન પરત કરવાથી કેટલાક હિંદુઓ અને શીખો અફઘાનિસ્તાનમાં પાછા ફરવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે કે જે સંભવિતપણે તેમની વ્યાપારી કુશળતા દ્વારા અર્થતંત્રને મજબૂત બનાવશે. ઐતિહાસિક રીતે, આ સમુદાયોએ અફઘાન અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને તેમની ઉદ્યોગ સાહસિક ભાવના અફઘાનિસ્તાનના આર્થિક માળખાના પુનઃનિર્માણમાં મૂલ્યવાન સંપત્તિ બની શકે છે.

તાલિબાનને સ્થિરતા જાળવવા માટે આંતરિક દબાણનો પણ સામનો કરવો પડે છે. અસંતુષ્ટ લઘુમતીઓ તેમની સુરક્ષા માટે જોખમ ઊભું કરી શકે છે. જમીન પાછી આપવી એ ફરિયાદોનું નિરાકરણ કરવાની અને સંભવિત રીતે વધુ શાંતિપૂર્ણ વાતાવરણને પ્રોત્સાહન આપવાની તાલિબાન સરકારની ઇચ્છા દર્શાવે છે. જો કે, આ વ્યૂહરચનાની સફળતા તેના પર નિર્ભર છે કે શું તાલિબાન લઘુમતી અસંતોષના મૂળ કારણો જેમ કે, ભેદભાવપૂર્ણ કાયદાઓ અને સામાજિક પ્રથાઓને અસરકારક રીતે સંબોધિત કરી શકે છે કે કેમ !

તાલિબાન સરકારના આ નિર્ણયના સંભવિત લાભો હોવા છતાં કેટલાક નોંધપાત્ર પડકારો પણ છે. દાયકાઓ પછી માલિકી સ્થાપિત કરવી એ અમલદારશાહીનું દુઃસ્વપ્ન હોઈ શકે છે. જમીનના ટાઈટલ્સની ચકાસણી કરવી અને જટિલ કાનૂની મુદ્દાઓની શોધખોળ કરવી એ સમય માંગી લેતો પ્રયત્ન હશે. તાલિબાને જમીન વિવાદોના નિરાકરણ માટે પારદર્શક અને કાર્યક્ષમ પ્રક્રિયા સ્થાપિત કરવાની જરૂર પડશે કે જે ક્ષતિગ્રસ્ત અથવા ખોવાઈ ગયેલા રેકોર્ડને કારણે વધુ જટિલ બની શકે છે.

અફઘાન નાગરિકો અને તેમાંય લઘુમતીઓ અને અફઘાનિસ્તાન છોડીને અન્ય દેશોમાં શરણાર્થી તરીકે વસેલા લોકોને તાલિબાન સરકાર પર વિશ્વાસ ઓછો છે. આથી અફઘાનિસ્તાન પરત ફરનાર લઘુમતીઓને સલામતીની બાહેંધરી આપવી મહત્વપૂર્ણ છે, પરંતુ તાલિબાને અન્ય આતંકવાદી જૂથો સાથે હિંસા રોકવા માટે સંઘર્ષ કર્યો છે.

તાલિબાનની સર્વસમાવેશકતા પ્રત્યેની પ્રતિબદ્ધતા હજુ અસ્પષ્ટ છે. આ પોલિસી કાયમી વાસ્તવિક પરિવર્તનને બદલે ફકત ટૂંકાગાળાનો ફાયદો મેળવવા માટેની વ્યૂહાત્મક ચાલ હોઈ શકે છે. આંતરરાષ્ટ્રીય સમુદાય જમીન પરત કરવાની પહેલના અમલીકરણ અને તાલિબાન શાસન દ્વારા લઘુમતીઓ સાથે વ્યાપક વ્યવહાર પર નજીકથી નજર રાખશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

આંતરરાષ્ટ્રીય સમુદાયે આ પહેલને સાવધાનીપૂર્વક આવકારી છે. સંયુક્ત રાષ્ટ્રએ તાલિબાનને વિનંતી કરી છે કે તેઓ ખાતરી કરે કે આ સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને સમાવેશી બની રહે. આ ક્ષેત્રના મુખ્ય ખેલાડી ભારતે તેને 'સકારાત્મક વિકાસ' ગણાવ્યો છે પરંતુ ભારતે હજુય તાલિબાન શાસનને સત્તાવાર માન્યતા નથી આપી. ભારતનું વલણ સંભવતઃ જમીન પરત કરવાની નીતિના વાસ્તવિક અમલીકરણ અને તાલિબાન દ્વારા લઘુમતીઓ સાથેના એકંદર વ્યવહાર પર નિર્ભર રહેશે.

**હાલમાં તાલિબાન સરકાર આંતરરાષ્ટ્રીય કાયદેસરતા માટે વલખાં મારે છે અને યુદ્ધગ્રસ્ત રાષ્ટ્રના પુનઃનિર્માણ માટે તેને વિદેશી સહાયની સખત જરૂર છે. આથી આ પગલાને આંતરરાષ્ટ્રીય સમુદાય અને તેમાંય ખાસ કરીને ભારતને ખુશ કરવાના પ્રયાસ તરીકે જોઈ શકાય છે કે જેણે અફઘાનિસ્તાનને વર્ષોથી માનવતાવાદી સહાય પૂરી પાડી છે. ભારત સાથે રાજદ્વારી સંબંધો પુનઃસ્થાપિત કરવાથી તાલિબાનને ખૂબ જ જરૂરી આર્થિક અને રાજકીય સમર્થન મળી શકે છે.**

## સુવિચાર

**સારા કાર્યો કરવાનો એક ફાયદો છે...**
**કે કોઈ સન્માન કરે કે ના કરે..**
**પણ આપણો અંતરાત્મા જરૂર**
**આપણું સન્માન કરે છે...!!**

## આત્માના સાત ગુણો સાત રંગ સમાન (સત-ચિત-આનંદ સ્વરૂપ આત્મા-૭)

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

ચિંતન, ચિત્તમાં જ્યારે એક સત્ય પરમાત્માનું નિરંતર સ્મરણ છે ત્યારની અતિ સુખ અને આનંદની અનુભૂતિ આત્માને સત-ચિત-આનંદમયી બનાવે છે. સત્યતા, આનંદનો અનુભવ માત્ર ત્યારે જ શક્ય છે જ્યારે કે સંકલ્પ, વૃતિ, બુધ્ધિ સહિત સર્વ કર્મેદ્રિયોનું આકર્ષણ એક તરફ હોય છે. જેવી રીતે ઉચા દબાણવાળા પાવરહાઉસમાંથી શક્તિ(વીજળી) તેનાથી નીચા દબાણવાળા ઘર-કારખાના તરફ પ્રવાહિત થાય છે. હવે તે ઘરોમાં માત્ર એક સ્વિચ ઓન થતા જ ચારે તરફ રોશની ફેલાય છે. તેવી જ રીતે પરમ-શક્તિથી પ્રવાહિત શક્તિ, ગુણની અનુભૂતિ આપણા સ્વયંની આત્મિક સ્થિતિની સ્વિચ ઓન કરતા જ થવા લાગે છે. નવી ઉર્જા(પ્રકાશ), શક્તિનો સંચાર સ્વયંમાં થાય છે. બુધ્ધિ વિવેકશીલ બને છે. સંતુષ્ટતા, ધૈર્યતા, શાંતિ, કરૂણાનો અનુભવ થાય છે. જેવી રીતે પારસમણિના સ્પર્શથી લોખંડ પણ પારસ બની જાય તેમ પરમાત્મા જે સદૈવ પાવન છે, સર્વ શક્તિઓ સંપન્ન છે તેની સાથે આત્માને યાદ દ્વારા જોડવાથી, અવસ્થા સત-ચિત-આનંદ સ્વરૂપનો અનુભવ કરે છે. મન તૃપ્ત થાય છે ત્યારબાદ કોઈ ચીજની આવશ્યક્તા દિલમાં રહેતી નથી. દિલ ખુશીમાં ગાઈ ઉઠે છે- પાના થા સો પા લિયા, ઔર ક્યા બાકી રહા! આમ લગનમાં મગન અવસ્થાની એ પરમાનંદ સ્થિતિનું જ ગાયન છે કે- ચઢે તો ચાખે વૈકુંઠ રસ...અને અતિંદ્રિય સુખનું પુછ્યું હોય તો ગોપીવલ્લભ(પરમાત્મા)ના ગોપ-ગોપીઓને પુછો. તે ગોપ અને ગોપીઓ એ જ છે કે જેમણે પરમાત્માની નિકટનો અનુભવ, આનંદનો અનુભવ કર્યો છે.

આનંદના ગુણની અનુભૂતિ એ આત્માની ઉચ્ચતમ સ્થિતિ છે. સ્વયંમાં જાગૃત પ્રેમ, ખુશી અને સમ્માન બીજાને નિસ્વાર્થભાવે વહેચવાથી તે બધુ અનેક ગણુ થઈને આપણને પરત મળે છે. આત્માના આ ગુણો માંગીને નથી મેળવી શકાતા તે નિસ્વાર્થ લેન-દેનથી જ ફરી પરત મળે છે. મનુષ્યાત્માઓનો એ વાસ્તવિક ગુણ છે કે જે તેમની પાસે છે તે વહેચવું. આમ પરમાત્મા પાસેથી પ્રાપ્ત જ્ઞાન, ગુણ અને શક્તિઓને જેટલા બીજામાં વહેચીશું તેટલા જ તે આપણામાં વધશે, ઘટશે નહી અને સાથે સાથે દુવાઓનું ખાતુ પણ વધે છે અને પરમાત્મા દ્વારા આપણી સર્વ જરૂરીયાતો સ્વતઃ પૂર્ણ થાય છે.

### * આનંદ સ્વરૂપ સ્થિતિ માટે ચિંતનબિંદુઓ *

★ જો આપ જ્ઞાન, ગુણ અને શક્તિઓને વહેચવામાં કંજુસ છો તો આપ નુકશાનમાં છો. આત્માની ઉદારતા તેમની પ્રાપ્તિમાં વધારો કરે છે.

★ લેવાની વૃતિ(લેવતા) કરતા આપવાની(દેવતા) વૃતિ વધુ સૌભાગ્યશાળી છે.

★ જયા સત્યતા છે ત્યાં જ દિવ્યતા પણ છે અને જયાં દિવ્યતા છે ત્યાં પરમ આનંદની અનુભૂતિ છે.

★ પરમાત્મા તેને જ પ્રેરણા, શક્તિ કે ગુણો ભરે છે કે જેના દિલમાં તેમના સમાન કલ્યાણની ભાવના રહેલી હોય. તે માટે સ્વયંનો સમય, શ્વાસ, સંકલ્પ સાથે તન, ધન અને સંબંધને સમર્પિત કરી, નવીનતા માટે પરમાત્માની પ્રેરણા સ્વીકારવા માટે ઈચ્છા ધરાવતા હોય છે.

★ કળિયુગના અતિના, અંતિમ સમયે આપણે સૌ આત્માઓ સ્વયંના દુઃખદાયી સ્વભાવ-સંસ્કારોનું, પ્રકૃતિ સહિતના પરિવર્તનનું લક્ષ્ય રાખી પુરૂષાર્થ કરીએ છીએ ત્યારે પરમાત્મા આપણને સર્વ રીતે સહયોગ આપે છે. વિકર્મોનો વિનાશ કરી આત્માઓમાં નવા દૈવી સંસ્કારો ભરવા માટે રાજયોગનું જ્ઞાન અને વિધિ શીખવે છે. આપણને શ્રેષ્ઠ કર્મો કરતા શીખવે છે. તે માટે હર પળ, હર સ્થાને

# આવકવેરા રિટર્નમાં આ બાબતોની અવગણના કરવામાં આવશે તો નોટીસ આવશે

નવી દિલ્હી : આવકવેરા વિભાગે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે આવકવેરા રિટર્ન ભરવા માટે ઓનલાઈન અને ઓફલાઈન સુવિધા શરૂ કરી છે. કરદાતાઓએ પણ ITR ફાઈલ કરવાનું શરૂ કરી દીધું છે. ટેક્સ નિષ્ણાંતો કહે છે કે, તેને ભરતી વખતે સાવચેતી રાખવાની જરૂર છે. ભૂલના કિસ્સામાં, વિભાગ કરદાતાને નોટિસ મોકલી શકે છે. આ ઉપરાંત, જો ટેક્સ મુક્તિના દાવા અથવા વ્યવહારોમાં કોઈપણ અનિયમિતતા જોવા મળે તો દંડ પણ લાદવામાં આવી શકે છે, તેથી આવકવેરા રિટર્ન ફાઈલ કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખો.

### બેંક ડિપોઝિટ

જો તમે એક વર્ષમાં બેંક અથવા સહકારી બેંકમાં ૧૦ લાખ રૂપિયા કે તેથી વધુ રોકડ જમા કરાવ્યા છે, તો તેની વિગતવાર માહિતી ITRમાં આપવી પડશે. આમ કરવામાં નિષ્ફળતા કરદાતાને આવકવેરા વિભાગની તપાસ હેઠળ મૂકશે.

### ક્રેડિટ કાર્ડ બિલની વધુ ચૂકવણી

જો કરદાતા ક્રેડિટ કાર્ડ બિલના રૂપમાં એક સમયે ૧ લાખ રૂપિયાથી વધુ રોકડ જમા કરે તો આવકવેરાની વિગતો માંગવામાં આવી શકે છે. તે જ સમયે, જો ૧૦ લાખ રૂપિયાથી વધુનું બિલ રોકડમાં ચૂકવવામાં આવે છે, તો તેના સ્ત્રોતનો ખુલાસો કરવો પડશે.



### મિલકત ખરીદી

જો કરદાતાએ રૂ. ૩૦ લાખ કે તેથી વધુની સ્થાવર મિલકત રોકડમાં ખરીદી હોય, તો મિલકત રજિસ્ટ્રાર આવકવેરા વિભાગને જાણ કરશે. જો કરદાતા તેને ITRમાં જાહેર ન કરે તો વિભાગ રોકડ વ્યવહાર વિશે પૂછપરછ કરી શકે છે. કરદાતાએ તે નાણાંના સ્ત્રોત વિશે પણ માહિતી આપવી પડશે.

### શેર અને મ્યુચ્યુઅલ ફંડ ખરીદવું

જો કોઈ કરદાતા સ્ટોક માર્કેટ, મ્યુચ્યુઅલ ફંડ, ડિબેન્ચર અને બોન્ડમાં રોકડ રોકાણ કરે છે, તો આ માહિતી પણ ITRમાં આપવાની રહેશે. આવકવેરા વિભાગના નિયમો અનુસાર, જો નાણાકીય વર્ષમાં ૧૦ લાખ રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવે છે, તો વિભાગ પૂછપરછ કરી શકે છે.

### એફડીમાં રોકડ આપવી

જો કોઈ કરદાતા એક વર્ષમાં તેની FDમાં ૧૦ લાખ રૂપિયાથી વધુ રોકડ જમા કરાવે છે, તો તેણે તેના સ્ત્રોત વિશે માહિતી આપવી પડશે. તેથી, નોટિસ ટાળવા માટે, તમે FDમાં ઓનલાઈન રોકાણ કરી શકો છો. આ સાથે વિભાગ તમારા વ્યવહારોનો રેકોર્ડ રાખે છે.

### AIS તપાસવું આવશ્યક છે

આવકવેરા રિટર્ન ફાઈલ કરતી વખતે વાર્ષિક માહિતી અહેવાલ (AIS) નો ઉપયોગ કરવાનું સુનિશ્ચિત કરો. આ સમગ્ર નાણાંકીય વર્ષમાં થયેલા વ્યવહારોની વિગતો છે. તેમાં ૪૬ પ્રકારના વ્યવહારો વિશે માહિતી છે. જો રિટર્ન ફાઈલ કરતી વખતે કોઈ વિસંગતતા જોવા મળે છે, તો તેને AIS સાથે મેચ કરીને સુધારી શકાય છે.

### આવકવેરા રિટર્ન ફાઈલ કરવાના ફાયદા

૧. તમે ITR ભરીને જ ટેક્સ રિફંડનો દાવો કરી શકો છો.
૨. ટેક્સ બચાવવા માટે કપાત અને છૂટનો લાભ લઈ શકે છે.
૩. વિદેશ જવા માટે વિઝા મેળવવા માટે ITR જરૂરી છે, દૂતાવાસો આ માટે પૂછે છે.
૪. ઉચ્ચ વીમા કવર સાથે પોલિસી ખરીદવા માટે આ જરૂરી છે.
૫. કેટલીક સરકારી યોજનાઓ અને સબસિડીનો લાભ મેળવી શકે છે.

## આજનું ચિંતન



### પસંદ કરીને બોલાયેલ શબ્દો અસરકારક બને છે

**સામાના હાથમાં ગટરજળને બદલે હું જયારે ગંગાજળ આપું છું ત્યારે સામાનો ચહેરો પુલકિત થઇ ગયા વિના નથી રહેતો.**

**સામાના ઘરે હું જયારે કાંટાને બદલે ફુલ લઇને જાઉં છું ત્યારે એ ઘરના તમામ સભ્યો પ્રસન્ન-પ્રસન્ન થઇ ગયા વિના નથી રહેતા.**

**અલબત્ત, વસ્તુની પસંદગી હું ગમે એટલી સરસ કરવા માંગુ છું તોય એમાં મને સફળતા ન મળે એ સંભવિત છે કારણ કે મારી પાસે જો સરસ વસ્તુ છે જ નહીં તો હું કરી શું શકું ?**

**પણ, શબ્દોની પસંદગી જો હું સારી કરવા માંગુ છું તો એમાં મને કોઇ જ પરિબળ પ્રતિબંધક બની શકે તેમ નથી.**

**કારણ ? વિચારોની પસંદગી જો મને જ આધીન છે તો શબ્દોની પસંદગી પણ મને જ આધીન છે.**

**વસ્ત્રો જો હું સારા જ પહેરૂ છું, ફર્નિચર જો હું સારૂ જ રાખું છું, શરીર જો હું સારૂ જ રાખું છું, અરે, જીભ પણ જો હું સારી અને સ્વચ્છ જ રાખું છું તો એ જીભ દ્વારા બોલાતા શબ્દો સારા જ રાખીને હું શા માટે સહુના દિલને જીતતો ન રહું ?**

**- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.**
**('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૧, તા.૨૪/૪/૨૪, બુધવાર

સૂર્યોદય : ૬-૨૨, સૂર્યાસ્ત : ૭-૦૮, જૈન નવકારશી : ૭.૧૦
રાશિ : તુલા (ર.ત.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-તુલા

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** બીજાના પ્રશ્નોને ઝડપથી સમજી શકવાની તમારી કુનેહ તમોને સફળતા અપાવે છે, નોકરી વ્યવસાયમાં અચાનક પરિવર્તન થાય.

**વૃષભ :** તમારા પ્રયત્નો યોગ્ય દિશામાં વાળવાની જરૂર છે, આજના દિવસે તમો કોઈ નવું કામકાજ કરવાના મુડમાં છો.

**મિથુન :** તમો જે ઈચ્છો તે માટે થોડી રાહ જુઓ, તમારી મહેનતનું ફળ મળવાનું, આત્મવિશ્વાસ જાળવી રાખવો.

**કર્ક :** તમો નકામુ ટેન્શન રાખો છો, સમયનો સાથ તમોને મળવાનો છે, તેમાં શંકા નથી, હરીફો પણ તમોને ઝુકવાના છે.

**સિંહ :** નિર્ણયો બાબત તમો ચોકકસ છો તેવું ન માનતા, કર્મચારી વર્ગને સમજવાની જરૂર છે, મિલ્કતના પ્રશ્નોમાં તક મળવાની.

**કન્યા :** તમોએ કરેલી ભુલો સુધારવાની તક મળવાની, નોકરીમાં બદલીના ચાન્સ રહે, વિજાતીય સંબંધોમાં સાવધાની રાખવી.

**તુલા :** મહત્વના કાર્યો ઉપર તમો પોતે જ ધ્યાન દેજો, કોઈ વાત રજુ કર્યા પહેલા તેની ઉપર વિચાર કરવો જરૂરી.

**વૃશ્ચિક :** લાલચથી દુર રહેવાની સલાહ છે, નોકરીમાં સ્થિરતા જરૂરી, કોર્ટ-કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ રહે.


**ધન :** પુરૂષાર્થનું ફળ મળવાનું છે, ભાઈ બહેનોથી સહકાર મળવાનો, ભાગ્યોદયની તક માટે સારો સમય રહેવાનો.

**મકર :** મહત્વના કાર્યોમાં આવતા અવરોધો દુર થાય, વિદેશ જવાની ઈચ્છા ફળવાની, વિજાતીય મિત્રતા વધુ ગાઢ બને.

**કુંભ :** ગૃહજીવનમાં કોઈ ગેરસમજો ઉભી ન થાય, તેનું ધ્યાન રાખજો, નોકરીમાં ચીવટ રાખવી, પ્રવાસમાં સફળતા.

**મીન :** મિલ્કતના પ્રશ્નોમાં સફળતા ધાર્મિક યાત્રા પ્રવાસ થાય, ઉત્સાહ જળ વાઈ રહે, માંગલિક પ્રસંગો ઉભા થાય.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




### આડી ચાવી

૧. ઉમિયા માતાનું સૌરાષ્ટ્રનું સ્થાનક (૪)
૫. નફાનું વિરોધી (૨)
૬. કોન્ટ્રાકટ (૩)
૭. બિહારમાંથી બનેલું રાજય (૪)
૯. કાનોમાતર વગરનું ગામ (૫)
૧૧. નિસ્તેજ (૨)
૧૩. પાનાની એક રમત (૨)
૧૫. ભુદેવ (૩)
૧૬. કાયમ અમર છે એ (૫)
૧૮. કાકીના સસરા (૨)
૧૯. પાણી સાથે જોડાયેલું વાદ્ય (૫)
૨૨. ડોશીમા (૨)
૨૩. ઓછું-હિન્દી (૨)
૨૫. ક્ષણ (૨)
૨૮. પોરબંદરની વખણાતી ખાદ્ય સામગ્રી (૩)
૨૯. નાનો પર્વત (૩)
૩૧. બચપન (૪)
૩૨. કોપી (૩)

### ઊભી ચાવી

૧. છ રન આપતો શોટ (૬)
૨. તિરાડ-હિન્દી (૩)
૩. સર્પ જોડણી છુટ્ટી પાડો (૩)
૪. મા ઉમિયાનું ગુજરાતમાં આવેલું સ્થાનક (૨)
૭. ખોડિયાર માતાનું સૌરાષ્ટ્ર સ્થિત તીર્થ (૫)
૮. અ ... સૌભાગ્યવતી (૨)
૧૦. એક દિશા (૩)
૧૨. ...યાત્રા : મુસ્લિમ બિરાદરોનું લક્ષ (૨)
૧૪. પસીનો (૪)
૧૫. એક દેશ (૩)
૧૬. મોટી ઉંમરના વડીલ માટેનો શબ્દ (૨)
૧૭. મારી આંખે કંકુના સૂરજ આથમણે ... કવિ (૬)
૧૮. રાજેશ ખન્ના-રાખી-શર્મિલા ટાગોરની ફિલ્મ (૨)
૧૯. નવલકથા ... ચેતન (૨)
૨૦. ...વાદી, ...સાધુ (૨)
૨૧. કોમી તોફાન (૪)
૨૪. મેલું (૩)
૨૬. અપના ... પહેન કે ચલો (૨)
૨૭. પાણી (૨)
૩૦. રઘુકુલ ... સદા ચલી આઇ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉ | પે | ન્દ્ર | ત્રિ | વે | દી | | અ | ડ | દ |
| ન | શા | | જ | વા | ન | | ર | | વા |
| | વ | | | ણ | | ખા | વિં | દ | |
| કા | ર | સે | વા | | શ | ર | દ | | ભા |
| જ | | વા | | સ | | | ત્રિ | વે | ણી |
| લ | વ | | બા | ચે | મા | ર્ચા | વે | ર | |
| | | | દ | રા | ર | | દી | | સ |
| ક | સ્તુ | ર | બા | | વા | ટ | | ઢા | લ |
| પ | તિ | | કી | ચ | ડ | | હ | | વા |
| ટ | | બે | | લ | | ત | લ | વા | ર |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો )

# હનુમાન પ્રાગટયોત્સવમાં શ્રધ્ધા અને ભકિતના રંગે રંગાયુ રાજકોટ : સાંજે શોભાયાત્રા

## બાલાજી હનુમાન મંદિર, પેડક રોડ બાલક હનુમાનજી મંદિરે યોજાયા અનુષ્ઠાનો : વહેલી સવારથી જ હનુમાનજી મંદિરોમાં ભાવિકોની ભીડ : સદ્ગુરૂ આશ્રમ, બાલબટુક હનુમાનજી મંદિર, કોઠારીયા કોલોની-મોજીલા હનુમાન મંદિરમાં ધાર્મિક અનુષ્ઠાનોમાં ભકતો જોડાયા











**જય હનુમાન જ્ઞાન ગુણસાગર :** રામભકત હનુમાનજી મહારાજનો આજે ચૈત્ર સુદ પુનમના પ્રાગટોત્સવ છે. રાજકોટમાં હનુમાનજી મહારાજના મંદિરો અને દેરીઓની સંખ્યા ચાર હજારથી વધારે છે. આજે દરેક સ્થાનો પર મહાઆરતી, મહાપ્રસાદ તથા બટુક ભોજન સહિતના વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો ચાલી રહ્યા છે. આજે બે સંસ્થાઓ દ્વારા શોભાયાત્રાનું આયોજન પણ કરવામાં આવેલ છે. ઉપરોકત તસ્વીરમાં પ્રથમ ચાર તસ્વીરો ભુપેન્દ્ર રોડ પર આવેલ હજારો શ્રધ્ધાળુઓની ભકિતનું પરમધામ બાલાજી હનુમાનજી મંદિરની છે જેમાં પ્રથમમાં બાલાજી હનુમાનજી જોવા મળે છે. દિવ્ય શણગાર કરવામાં આવ્યો છે, બીજી તસ્વીરમાં બાલાજી મંદિરના મહંત શ્રી વિવેકસાગર સ્વામીના સાંનિધ્યમાં ૫૧ કુંડી મારૂતિ યજ્ઞ યોજાયો હતો તેની છે, ત્રીજી તસ્વીર યજ્ઞની છે, ચોથી તસ્વીરમાં વિશાળ સંખ્યામાં આવેલા દર્શનાર્થીઓની છે. પાંચમી તસ્વીર સામા કાંઠે પેડક રોડ પર આવેલ બાલક હનુમાનજી મંદિરમાં બિરાજમાન બાલક હનુમાનજી મહારાજની છે, છઠ્ઠી તસ્વીર દર્શનાર્થીઓનો અવિરત પ્રવાહ જોવા મળે છે. સાતમી તસ્વીર કાલાવડ રોડ પર અંડરબ્રીજ પાસે આવેલ સંકલ્પ સિધ્ધ હનુમાન મંદિરમાં બિરાજમાન હનુમાનજીની છે, આઠમી તસ્વીર કુવાડવા રોડ પર આવેલ પ્રાચીન સાત હનુમાનજી મંદિરની છે જેમાં સાત હનુમાનજી મહારાજના દર્શન થાય છે. છેલ્લી તસ્વીરમાં દર્શનાર્થીઓ જોવા મળે છે. **(તસ્વીર : દેવેન અમરેલીયા)**

રાજકોટ, તા. ૨૩

આજે રાજકોટ હનુમાન ભકિતમાં રસતરબોળ બન્યું છે. લાખો ભકતો આજે હનુમાનજીના દર્શન તથા વિવિધ અનુષ્ઠાનો જોડાયા છે. આજે મંગળવારના હનુમાન જયંતી હોવાથી ભકતોમાં બેવડો ઉત્સાહ-ઉમંગ જોવા મળી રહ્યો છે.

આજે બડા બજરંગ દાદાની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા રામનાથપરાના બડા બજરંગ દાદાના મંદિરેથી સાંજે પાંચ વાગે આરંભાશે. શોભાયાત્રામાં ૬૧ ફલોટસ સામેલ થશે. જય હનુમાનજીનો નાદ ગુંજી ઉઠશે. શોભાયાત્રા વિવિધ રાજમાર્ગો પરથી પસાર થશે. જયારે શ્રી ફાઉન્ડેશન તથા શેર વિધ સ્માઇલ એનજીઓ દ્વારા કષ્ટભંજન શોભાયાત્રાનું આયોજન ચૌધરી હાઇસ્કુલના પટાંગણથી સાંજના કરવામાં આવેલ છે. જે વિવિધ માર્ગો પરથી પસાર થઇને સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક ખાતે સંપન્ન થશે.

**બાલાજી હનુમાનજી મંદિર**

હજારો ભકતોનું શ્રધ્ધા અને ભકિતના ધામ સમા બાલાજી હનુમાનજી મંદિરે આજ વહેલી સવારથી ભકતોની ભારે ભડ જોવા મળી રહી છે. રાત સુધીના વિવિધ અનુષ્ઠાનો યોજવામાં આવેલ છે. બાલાજી મંદિરને સુશોભન તથા રોશનીના શણગાર કરવામાં આવ્યા છે. મંદિરના મહંત પૂ. શ્રી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે. આજે આખો દિવસ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આજે રાત્રી સુધીમાં લાખો શ્રધ્ધાળુઓ દાદાના દર્શને આવીને માથુ ટેકવશે. આજે સવારે પૂ. વિવેકસાગર સ્વામી, પૂ. મુનિવત્સલ સ્વામી, પૂ. રાધારમણ સ્વામી સહિતના સંતોની ઉપસ્થિતિમાં ૫૧ કુંડી મહામારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું આજે બાલાજી હનુમાનજી મહારાજનો ભવ્યાતિભવ્ય શણગાર કરવામાં આવ્યો છે.

**કમલેશ્વર મહાદેવ**

રાજકોટના સોરઠીયાવાડી ચોક નજીક કોઠારીયા મેઇન રોડ પર આવેલ કમલેશ્વર મહાદેવ મંદિરમાં શયન મુદ્રામાં વિરાટ બડે બાલાજીની મૂર્તિ બિરાજમાન છે. કમલેશ્વર મહાદેવ મંદિરે સવારથી જ ભકતોની ભીડ જોવા મળી રહી છે.

**સદગુરૂ આશ્રમ**

સદગુરૂ આશ્રમ ખાતે આજે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી મનોકામના સિધ્ધ હનુમાનજી મંદિરમાં સવારે ૯ થી ૧૧ મહાપૂજન, હનુમાન બાહુક પાઠ (શ્રીફળ સાથે, અન્નકૂટની આરતી, અન્નકુટની ભેળરૂપી) પ્રસાદીનું વિતરણ કરવામાં આવેલ હતું. અહીં મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડયા હતા.

**પુનિત સદગુરૂ ભજન મંડળ**

પુનિત સદગુરૂ ભજન મંડળ દ્વારા આજે સાંજે ૪ થી ૪.૩૦ શ્રી ગણેશ વંદના, બપોરે ૪.૩૦ થી ૫.૩૦ સંત પુનિત તથા મહાદેવના ભજનો ત્યારબાદ હનુમાન ચાલીસાના પાઠ સાંજે ૬ વાગે થાળ, આરતી, પ્રસાદ વગેરે ઉપરોકત કાર્યક્રમ રામેશ્વર મહાદેવ મંદિર, સિવિલ હોસ્પિટલ, ઇમરજન્સી વિભાગ પાસે યોજાશે.

**બાલ બટુક હનુમાનજી મંદિર**

બાલ બટુક હનુમાનજી મંદિર ૧/૬ વાણિયાવાડી ખાતે આજે હનુમાનજી મહારાજની જન્મ જયંતિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ રહ્યો છે. સાંજે ૭ વાગે મહાઆરતી, મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

**રંગીલા હનુમાનજી મંદિર**

પ્રહલાદ પ્લોટ, કેનાલ રોડ કોર્નરે બિરાજતા રંગીલા હનુમાનજી મંદિરે આજે મહાઆરતી બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

**સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિર**

બીએપીએસ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, કાલાવડ રોડ સ્થિત વિશ્વ વંદનીય પૂ. પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ નિમિત્તે મહાઆરતી, ભજન, ભકિત તથા સાંજે ૭ વાગે હનુમાન પૂજન કરવામાં આવશે. દિવસ દરમ્યાન હનુમાનજીનો પ્રસાદ દરેક દર્શનાર્થીઓને વિતરણ કરાશે.

**કોઠારીયા કોલોનીના મોજીલા હનુમાન મંદિર**

કોઠારીયા કોલોનીના ગરબી ચોકમાં આવેલ મોજીલા હનુમાનજી મંદિરે સવારે ધજારોહણ કરવામાં આવેલ. આખો દિવસ છાસ-સરબતનું વિતરણ કરાશે. મંદિરને પુષ્પ શૃંગાર, ધજા પતાકાથી શણગારવામાં આવેલ છે. સાંજે હનુમાન ચાલીસાના પાઠ તથા બટુક ભોજનનું આયોજન કરવામાં આવેલ છે.

**બાલક હનુમાન મંદિર**

સામાકાંઠે પેડક રોડ ખાતે આવેલ બાલક હનુમાન મંદિરે આજે સવારે ૪ વાગ્યે મંગળા આરતી, સવારે ૮ વાગે હોમ હવન તથા ૧૦ થી ૧ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ. જેનો લાભ મોટી સંખ્યામાં ભકતોએ લીધો હતો. આજે સાંજે ૮.૩૦ કલાકે મહાઆરતી, સાંજે પાંચ વાગ્યાથી રક્ષા દોરી વિતરણ કરાશે. ઉપરોકત કાર્યક્રમમાં સાધુ-સંતો, ધાર્મિક સંસ્થાના વડાઓ, સામાજિક કાર્યકરો, રાજકીય આગેવાનો અને વિશાળ સંખ્યામાં ભાવિકોની અવર જવર રહી છે. ભવ્યાતિત સુશોભન તથા રોશનીનો શણગાર કરવામાં આવેલ છે.

રામદૂત હનુમાનજી મહારાજના જન્મ વધામણાનાં અવસરે સમગ્ર રાજકોટ હનુમાન ભકિતમાં ગરકાવ બન્યું છે.


## ભોળાનાથને હનુમાનજીનો શણગાર : આજે હનુમાન જન્મજયંતિ પર બજરંગબલીના રૂપમાં બાબા મહાકાલના દર્શન




ભગવાન હનુમાનની જન્મજયંતિ આજે દેશભરમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહી છે. મંદિરોમાં સવારથી જ ભારે ભીડ જોવા મળી રહી છે. ઉજ્જૈનના પ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિરમાં ભસ્મ આરતી બાદ મહાકાલને હનુમાનજીના રૂપમાં શણગારવામાં આવ્યો હતો.

## સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક ખાતે અદ્ભુત સુશોભન



રાજકોટના સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક ખાતે આજે હનુમાન જયંતીની ઉજવણીને અંતર્ગત ભવ્યાતિત સુશોભન કરવામાં આવેલ છે. અત્યંત દર્શનીય અને નયનરમ્ય કૃતિઓ મૂકવામાં આવી છે. જે ભાવિકોને ભકિતમાં ભીંજવી મૂકે તેવી છે. પ્રથમ તસ્વીરમાં ભગવાન રામચંદ્ર તથા હનુમાનજી મહારાજ, બીજી તસ્વીર શ્રી રામચંદ્રની છે, ત્રીજી તસ્વીરમાં વાસુદેવ તથા હનુમાનજી જોવા મળે છે, ચોથી તસ્વીર દર્શનાર્થીઓની છે. **(તસ્વીર : દેવેન અમરેલીયા)**

# સાળંગપુરધામ હનુમાન ભકિતમાં લીન : હજારો ભકતો ઉમટી પડયા

## 'કિંગ ઓફ સાળંગપુર' મૂર્તિ પર પાંચ હજાર કિલો પુષ્પની વર્ષા કરવામાં આવી : ગઇકાલે ભકિત સંગીતનો કાર્યક્રમ યોજાયો : આજે મહાઆરતી, મહાપ્રસાદ તથા મારૂતિ યજ્ઞ યોજાયો






સાળંગપુર, તા. ૨૩

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રી હનુમાન જન્મોત્સવ અંતર્ગત તા.૨૧ના શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને રંગબેરંગી ઓર્કિડ ફુલોનો દિવ્ય શણગારતથા શ્રી કષ્ટભંજનદેવ દાદાનું ૫૫૫ કિલો ફુલો દ્વારા ભવ્ય રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવેલ.

ગઇકાલે સાંજે ૪ વાગ્યે રાજોપચાર પૂજન અંતર્ગત શ્રી નિલકંઠ મહાદેવ મંદિરથી શોભાયાત્રા નાસિક ઢોલની સાથે વાજતે-ગાજતે મંદિરમાં પહોચી હતી, ત્યારબાદ શ્રી કષ્ટભંજનદેવદાદાનું ભવ્યાતિભવ્ય રાજોપચાર પૂજન દક્ષિણ ભારતના વિદ્વાન પંડિતો દ્વારા વેદોક્ત વિધિ સાથે સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. દાદાને ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલઅને વાંસળી,સિતાર.ઢોલ,તબલા વિગેરે સંગીતમય વાદ્યોની સાથે સમગ્ર મંદિરનું વતાવરણ રમણીય બની ગયું હતું. પૂજન-અર્ચન-અભિષેક-૫૫૫ કિલોથી વધુ ગુલાબ વિગેરે ફુલોની પાંખડીઓની પુષ્પવર્ષા કર્યા બાદ૫.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા ૭:૦૦ કલાકે રાજોપચાર પૂજનની મહાઆરતી કરવામાં આવી હતી સાથો સાથ યજમાનને રૂડા આશીર્વાદ આપ્યા હતા. દાદાના ભકતોએઆ અનેરા દર્શનનો પ્રત્યક્ષ તેમજ દેશ-વિદેશમાં વસતા દાદાના તમામ ભકતજનોએ ઓનલાઈન દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તથા કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી ગુરુ પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી(અથાણાવાળા)ના માર્ગદર્શનથી શ્રી હનુમાન જયંતી મહોત્સવ એવં લોકડાયરો, દાદાને વિશેષ ૧૫ કિલો ચાંદીના ૧ લાખ ૮ હજાર હીરાજડિત વાઘા ધરાવી, પુષ્પવર્ષા વિગેરે કાર્યક્રમનું ભવ્યાતિભવ્ય આયોજન તા.૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં ૫૪ ફૂટ ઊંચી કિંગ ઓફ સાળંગપુરની કિંગ ઓફ સાળંગપુર મૂર્તિ પર ૫ હજાર કિલો પુષ્પની વર્ષા સાંજે ૬ કલાકે કરવામાં આવી.

૫૪ ફૂટ ઊંચી હનુમાનજીની કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ પર ૫,૦૦૦ કિલો પુષ્પનો અભિષેક સાંજે ૬.૦૦ કલાકે આવી હતી આ માટે ૩થી ૪ પ્રકારના પુષ્પો વડોદરા અમદાવાદ અને ઉત્તર ગુજરાત અને મધ્યપ્રદેશથી મંગાવ્યા હતા પુષ્પાભિષેક કરવા માટે ૧૬ ટનની ક્રેન વડે ૮૦ ફૂટ ઉપર ૧૫×૨૫નું સ્ટેજ બનાવાયું હતું. જયાંથી સંતો અને યજમાનો દાદાનો પુષ્પાભિષેક કરવામાં આવ્યો હતો. આ પછી અમેરિકન ગોટ ટેલેન્ટ વિજેતા ડાન્સ ગ્રુપ દ્વારા ભવ્ય ડાન્સરજુ કરવામાં આવશે.કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ સમક્ષ અનેક પ્રકારની અગ્નિઓથી પૂજન એવમ મહાઆરતી કરવામાં આવી, મહાઆરતીમાં સંપ્રદાયના મૂર્ધન્ય સંતો, ભકતો, યજમાનઓ અને સ્વયંસેવકો ભાવપૂર્વક જોડાયા હતા. આજે તા.૨૩ના શ્રી હનુમાનજી મહારાજનો જન્મોત્સવ અનેરા ધર્મોલ્લાસ સાથે ઉજવાઇ રહ્યો છે. હજારો લોકો સાળંગપુર આવી પહોંચ્યા છે અને વિવિધ અનુષ્ઠાનોમાં ભાગ લઇ રહ્યા છે. આજે મારૂતિ યજ્ઞ પણ યોજવામાં આવેલ હતો.

# ગાંધીનગરના વૃધ્ધના ૧૫ લાખના શેર ધોરાજીના બે સહિત ત્રણ શખ્સોએ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી નાખ્યા

## રાજકોટમાં પંચનાથ મંદિર પાસે આવેલ એ.એન.એસ.પ્રા.લી. પેઢીમાં કર્મચારી ધોરાજીના મહેન્દ્ર ધાંધલે ગાંધીનગરના નરેન્દ્રભાઈનું ડિમેટ એકાઉન્ટ બિનવારસી સમજી અશોક શેખવા સાથે મળી અમિત સુચકના એકાઉન્ટમાં ૧૫ લાખના શેર બોગસ ડોક્યુમેન્ટથી ટ્રાન્સફર કરાવી લીધા

### ધોરાજીમાં સ્ટેમ્પ પેપર પર બોગસ ડોક્યુમેન્ટ અને સહીઓથી નોટરી કરાવી ગિફ્ટ ડિડ કરાવી લીધું'તુંઃ આર્થિક ગુના નિવારણ શાખાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૨૩

ગાંધીનગરના વૃધ્ધના ૧૫ લાખના શેર ધોરાજીના બે સહિત ત્રણ શખ્સોએ બોગસ ડોક્યુમેન્ટ અને સહીઓ કરી પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધાનું કૌભાંડ સામે આવતાં વૃધ્ધની ફરીયાદ પરથી આર્થિક ગુના નિવારણ શાખાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા પાસે રહેતાં નરેન્દ્રભાઇ ધીરજલાલ સાદરાણી (ઉ.વ.૭૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મહેન્દ્ર જયરાજ ધાંધલ (રહે.રાજકોટ), અમીત અમૃતલાલ સૂચક (રહે.ધોરાજી) અને અશોક વલકુ શેખવા (રહે. ફરેણી, ધોરાજી) નું નામ આપતાં રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે આઈપીસી ૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩ પહેલા જુનાગઢમાં એ.એન.એસ. પ્રા.લી. (અજય નટવરલાલ શેઠ) નામની ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ નામની કંપની જે સેબીમાં નોંધાયેલ છે, તેમાં ડીમેટ એકાઉન્ટ નંબર ૧૨૦૧૯૮૦૦૦૦૦૦૫૧૬૯ થી ખોલાવેલ હતું. જે એકાઉન્ટમાં બેંક ઓફ બરોડાના ૧૫૦૦ શેર, બેંક ઓફ મહારાષ્ટ્રના ૧૦૦ શેર, લાર્શન એન્ડ ટુર્બોના ૨૨૫ શેર, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ૨૪ શેર, અલ્ટ્રાટેક સિમેન્ટના ૨૦ શેર મળી કુલ ૧૮૬૯ શેરની ખરીદી કરેલ હતી. બાદમાં તેઓએ ડીમેટ એકાઉન્ટમાં કોઇ લેવડ દેવડ કરેલ નથી કે તેમાં આર્થીક વ્યવહારો કરેલ ન હોય જેથી એકાઉન્ટ ડોરમેન્ટ થયેલ હતું. અને શેર તેમાં જમા હતા.

બાદમાં તા.૧૫/૦૧/૨૦૨૪ ના તેઓએ ઇ મેઇલ ચેક કરતા સી.ડી.એસ.એલ. કંપની દ્વારા મેઇલ મોકલવામાં આવેલ હોય જે જોતા કંપનીના તમામ શેર અંગેની કોઇ વિગત દર્શાવવામાં આવેલ ન હોય અને ડીમેટ એકાઉન્ટમાં એકપણ શેર નથી તેવુ સ્ટેટમેન્ટ આવેલ હતું. જેથી રાજકોટમાં પંચનાથ મંદિરની બાજુમાં આવેલ એ.એન.એસ. પ્રા.લી. ની મેઇન ઓફીસે કોલ કરી ડીમેટ એકાઉન્ટમાં રહેલ કંપની શેર કેમ એકાઉન્ટમાં બતાવતા નથી. જેથી તેણે કહેલ કે, હું તમને તમારા ડીમેટ એકાઉન્ટમાં થયેલ ટ્રાન્ઝેકશન અંગેની શીટ ઇ-મેઇલ કરુ છું. જે સ્ટેટમેન્ટ જોતા ડીમેટ એકાઉન્ટમાં રહેલ તમામ કંપનીના શેર તા.૨૩/૦૩/૨૦૨૩ ના કલાયન્ટ આઇ.ડી. નંબર ૧૨૦૩૩૨૦૧૬૪૩૨૧૩૯૬ માં જમા થયેલ હોવાનુ જણાય આવેલ હતું. જેથી તેઓએ વળતો ઇ-મેઇલ મોકલી જણાવેલ કે, મેં મારા એકાઉન્ટમાંથી અન્ય કોઇના ડીમેટ એકાઉન્ટમાં કયારેય શેર ટ્રાન્સફર કરેલ ન હોય અને તે બાબતે માહિતી પુરી પડવાનું જણાવ્યું હતું.

**સેબીના નિયમ મુજબ ટ્રાન્જેક્શન થયાની સામે આવતાં ફરિયાદી ચોંકી ઉઠયા**

બાદમાં ફરિયાદી ગાંધીનગરથી રાજકોટ દોડી આવ્યા અને એ.એન.એસ.પ્રા.લી. ની ઓફિસે ગયેલ અને ત્યાં કંપની સેક્રેટરીને રૂબરૂ મળી જણાવ્યું હતું કે, ડીમેટ એકાઉન્ટમાં રહેલ તમામ કંપનીના શેર અન્ય કલાયન્ટ આઇ.ડી. માં કેવી રીતે ટ્રાન્સફર થયા અને તેઓએ કયારેય આવુ કોઇ ટ્રાન્ઝેકશન કરેલ નથી. જેથી કંપની સેક્રેટરીએ સાંજે પાંચ વાગ્યે ડીમેટ એકાઉન્ટની ટ્રાન્ઝેકશન કોપી બતાવેલ અને જણાવેલ કે, તમારા ડીમેટ એકાઉન્ટમાં જે કાંઈ પ્રક્રીયા થયેલ છે તે તમામ (સેબી)ના રૂલ્સ મુજબ કરવામાં આવેલ છે. જેથી અમોએ કંપની સેક્રેટરીને તમામ ડોકયુમેન્ટ આપવાનુ કહેતા કંપની સેક્રેટરીએ અમને જણાવેલ કે અમે તમને તમામ ડોકયુમેન્ટ મોકલી આપશું.

**અમૃતલાલ સુચકના નામે ગિફ્ટ ડિડ થયાનું સામે આવ્યું**

બાદમાં બે-ત્રણ દિવસ બાદ એ.એન.એસ.પ્રા.લી. તરફથી ફોન આવેલ અને જણાવેલ કે, તમે રૂબરૂ રાજકોટ ઓફીસે આવો. જેથી તેઓ તેના પુત્ર સાથે રાજકોટ ઓફિસે આવી લીગલ એડવાઇઝરને રૂબરૂ મળેલા અને તેની પાસે રહેલ ફાઇલમાંથી તમામ ડોક્યુમેન્ટની નકલ બતાવવામાં આવેલ જેમાં તેઓની સહીઓ કરેલ હોય જેથી લીગલ એડવાઝરને જણાવેલ કે, મેં કયારેય આવી પ્રોસેસ કરેલ નથી કે આવા કોઇ ડોકયુમેન્ટમાં સહીઓ કરેલ નથી. ઉપરાંત ગીફ્ટ ડીડની ઝેરોક્ષ કોપી પણ બતાવતા તેઓએ જણાવેલ કે, મેં આવુ કોઇ ગીફ્ટ ડીડ કરી આપેલ નથી કે અમીત અમૃતલાલ સુચકને ઓળખતો પણ નથી,તેમજ આવો કોઇ સ્ટેમ્પ પેપર પણ ખરીદ કરેલ નથી અને આ તમામ ડોકયુમેન્ટ બોગસ બનાવેલ છે. તેમજ તા.૧૬/૦૩/૨૦૨૩ ના તેમના નામનુ એકાઉન્ટ ડીટેઇલ એડીશન ઓડીફીકિશન રીકવેસ્ટ બતાવેલ જેમાં કોઇ એડ્રેસ દર્શાવવામાં આવેલ નથી અને ફકત મોબાઈલ નંબર અને ઇ-મેઇલ એડ્રેસ લખેલ હોય અને ફોર્મમાં નીચે તેઓની અંગ્રેજીમાં સહી કરેલ હતી. જે જોઈને લીગલ એડવાઇઝરને કહેલ કે, મેં કયારેય આવુ કોઈ ફોર્મ ભરેલ નથી કે મોબાઇલ નંબર પણ મારો નથી અને ફોર્મમાં એડ્રેસ પણ લખેલ નથી. તમામ ડોકયુમેન્ટ બોગસ બનાવવામાં આવેલ છે

**ખોટી સહીથી ખાતું અનફ્રિજ કરી નંખાયું**

ઉપરાંત ડીમેટ એકાઉન્ટમાં જુનાગઢ રહેતા તેઓના સબંધીના ઘરના લેન્ડ લાઇન નંબર લખાવેલ હતાં. તેમજ તેઓએ પોતાના મોબાઈલ નંબર અને ઈમેઈલ એડ્રેસ ડીમેટ એકાઉન્ટમાં તા.૦૨/૧૧/૨૦૨૩ ના એડ કરેલ હતું. જે અંગે મેસેજ પણ આવેલ હતો. બાદમાં કંપની તરફથી તા.૨૦/૦૧/૨૦૨૪ ઈ-મેઇલ મારફતે અમુક ડોક્યુમેન્ટ ઇ-મેઇલ મારફતે મોકલાવેલ હતા. જેમાં તા.૧૬/૦૩/૨૦૨૩ ના ડીમેન્ટ એકાઉન્ટ અનફ્રીઝ કરવા માટે મારી સહીથી ફોર્મ ભરી પેઢીમાં રજુ કરવામાં આવેલ અને તે બાબતે એ.એન.એસ.પ્રા.લી. પેઢીએ આ ખોટા ડોક્યુમેન્ટને ખરા ગણી ખાતું અનફ્રીઝ કરેલ હતું. તેમજ એકાઉન્ટમાં તેમની જાણ બહાર મોબાઈલ નંબર અપડેટ કરવામાં આવેલ જે મોબાઇલ નંબર તેઓ ધરાવતો નથી અને તે મોબાઇલ નંબર કોનો છે તે તેઓને ખબર નથી.

**ધોરાજીમાં સ્ટેમ્પ ખરીદી ગિફ્ટ ડિડ બનાવ્યું**

ફરિયાદીના નામે રૂા.૩૦૦ નો સ્ટેમ્પ પેપર ધોરાજીથી ખરીદ કરવામાં આવેલ જેમાં તેઓની નીચે અંગ્રેજીમાં સહી કરવામાં આવેલ છે અને તેમાં ડેકલેરેશન ગીફ્ટનું અંગ્રેજમાં લખાણ કરવામાં આવેલ હતું. ડીમેટ એકાઉન્ટમાં રહેલ તમામ શેર અમીત સૂચકને ગીફ્ટ કરેલ હોય તે અંગેનુ લખાણ કરેલ હતું. જેમાં ડોનર તરીકે તેઓની અંગ્રેજીમાં ખોટી સહી કરવામાં આવેલ છે. તેમજ બે સાક્ષીઓની અંગ્રેજીમાં સહીઓ કરેલ હતી. પરંતુ તેઓ અમીત સૂચક કે સાક્ષીઓ આર.પી. મહેતા,

બી.બી.કોટક ને ઓળખતાં નથી. જેથી ગીફ્ટ ડીડ ખોટી સહીઓ કરવામાં આવેલ છે. ડીમેટ એકાઉન્ટમાં રહેલ તમામ શેર અમીત સૂચકના એંજલ વનના ડીમેટ એકાઉન્ટમાં ટ્રાન્સફર થયેલ છે. તેમજ એ.એન.એસ.પ્રા.લી. કંપનીના જવાબદાર અધિકારીઓએ સ્લીપમાં સહીઓ કરી મંજૂર કરવામાં આવેલ હતી.

**પેઢીના કર્મચારીએ જ અન્ય શખ્સો સાથે મળી કૌભાંડને અંજામ આપ્યો**

બાદમાં તેઓને જાણવા મળેલ કે, એ.એન.એસ.પ્રા.લી. કંપનીના જવાબદાર અધીકારી તરીકે નોકરી કરતા મહેન્દ્ર ધાંધલ પાસે ડીમેન્ટ એકાઉન્ટની સમગ્ર માહિતી હોય અને એકાઉન્ટ છેલ્લા ઘણા સમયથી એકટીવ હતું. જેમાં ઇમેઇ એડ્રેસ કે મોબાઇલ નંબર પણ અપડેટ થયેલ ના હોય જેથી ડીમેન્ટ એકાઉન્ટ બીન વારસી સમજી પોતાના આર્થીક લાભ માટે તેને તેના ઓળખીતા અશોક શેખવા અને અમીત સૂચક સાથે મળી કાવતરું રચી ડીમેટ એકાઉન્ટની માહિતી મેળવી તેમા તેઓની બનાવટી સહીઓ વાળા ખોટા ડોક્યુમેન્ટ ઉભા કરી એકાઉન્ટમા રહેલ તમામ શેર અમીત સુચકના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી તે શેર વેચી દિધા હતાં. ફરિયાદીના ડીમેટ એકાઉન્ટમાં જમા શેર રૂ. ૧૫ લાખના હતાં. જે તેઓની જાણ બહાર આરોપીએ ટ્રાન્સફટ કરાવી આર્થીક નુકશાન પહોંચાડેલ હતું.

બનાવ અંગેની ફરીયાદ પરથી આર્થિક ગુના નિવારણ શાખાના પીઆઈ જે.એમ.કૈલા અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

# લિફ્ટમાં માથુ ફસાતા મહિલા મજુરનું મોત થયાના ગુનામાં કારખાનેદારના જામીન રદ

## પ્રથમ દ્રષ્ટિએ કારખાનાના માલિકની સંડોવણી જણાતા સાપરાધ મનુષ્યવધનો ગુનો માનતી સેશન્સ અદાલત

રાજકોટ,તા.૨૩

ગત તા.૧૫/૦૨/૨૦૨૪ના રોજ પોતાના કારખાનામાં જાતે ફીટ કરેલ લીફ્ટ અચાનક બંધ થઈ જઈ ફરી અચાનક ચાલુ થઈ જતા મજુર મહિલાનું માથુ ચગદાય જવાથી નિપજેલ મોતના કેસમાં અધિક સેશન્સ જજ બી.બી.જાદવે કારખાનેદાર પીયુષ દેવચંદભાઈ ખૂંટની રેગ્યુલર જામીન અરજી રદ કરેલ છે. આ કેસની હકીકત એવી છે કે, આરોપી કારખાનેદાર દ્વારા પોતાના કારખાનામાં માલ અને મજુરોની હેરફેર માટે જાતે લીફ્ટ બનાવી ઉપયોગ કરવામાં આવી રહેલ હતો.તા.૧૫/૦૨/૨૦૨૪ના રોજ આ લીફ્ટ અચાનક અધવચ્ચે બંધ થઈ ગયેલ જેથી લીફ્ટની અંદરની મજુર મહિલાએ પોતાનું માથુ બહાર કાઢી જાણવાની કોશીષ કરેલ તે જ સમયે અચાનક લીફ્ટ ચાલુ થઈ ગયેલ. આમ થવાથી લીફ્ટ અને તેની ઉપરના ભાગેની સીલીંગ વચ્ચે મહિલાનું માથુ ચગદાય ગયેલ.આ બનાવ બનતા મહિલાનું મૃત્યુ થવાથી કારખાનેદાર સામે આઈપીસી કલમ-૩૦૪ હેઠળ સાપરાધ મનુષ્ય વધનો ગુન્હો નોંધાયેલ અને તેની ધરપકડ કરવામાં આવી હતી.



સંજયભાઈ વોરા જિલ્લા સરકારી વકીલ

આરોપી તરફેની જામીન અરજીમાં રજૂઆત કરવામાં આવેલ હતી.કે મહિલાએ પોતે પોતાનું માથુ લીફ્ટની બહાર કાઢેલ તેથી આ બનાવ બનેલ છે. અને તે કારણે આરોપીની જામીન અરજી મંજુર કરવી જોઈએ.સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ રજૂઆત કરતા જણાવેલ હતું કે લીફ્ટ એક એવુ મીકેનીઝમ છે જેના ઉપયોગ દરમ્યાન કોઈપણ પ્રકારનો અકસ્માત થઈ શકે અને આવા અકસ્માતને નિવારવા માટે સરકારે લીફ્ટ એકટ નામનો કાયદો બનાવેલ છે. આ કાયદા મુજબ ફકત માન્ય ઈન્ડસ્ટ્રીઝ જ લીફ્ટ બનાવી શકે અને તેઓએ જ આવી લીફ્ટ ફીટ કરવી પડે આ ઉપરાંત લીફ્ટ ઉપયોગનું લાયસન્સ પણ મેળવવાનું હોય છે જે લાયસન્સ વીના લીફ્ટનો ઉપયોગ થઈ શકે નહી અને આ આવુ લાયસન્સ સમયાંતરે રીન્યુ કરાવવાનું હોય છે. આરોપી પીયુષ ખુંટે પોતાના નાણાકીય લાભ ખાતર જાતે જ લીફ્ટ બનાવી તેનો ઉપયોગ કરેલ છે. લીફ્ટ બનાવવા માટે ની તેમની પાસે કોઈ જ પ્રકારની યોગ્યતા ન હોવાના કારણે એક મજુર મહિલાનું મોત થયેલ છે. આરોપી પોતે ઉધોગપતિ હોવાથી જાણતા હતા કે ઉધોગ ક્ષેત્રમાં અકસ્માતના કારણે કોઈ મજુરનું મૃત્યુ થઈ શકે તેમ છતાં તેઓએ આવી ખામીયુકત લીફ્ટ બનાવેલ જે કોઈ જ કારણ વગર જાતે જ બંધ થઈ ગયેલ અને જાતે જ ચાલુ થઈ ગયેલ. આ ગુન્હો આરોપીના જ કારખાનામાં બનેલ છે. તેથી પ્રોસીકયુશને વિશેષ કોઈ તત્વો સાબીત કરવાના રહેતા નથી આથી આ આરોપીને આઈપીસી કલમ ૩૦૪ના ગુન્હા સબબ હાલના તબકકે જ તકસીરવાન ઠરાવી શકાય તેવા પુરતા પુરાવા છે. સરકાર તરફેની આ દલીલના અંતે અધિક સેશન્સ જજ બી.બી.જાદવે પીયુષ ખૂંટની રેગ્યુલર જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે જિ સરકારી વકીલ સંજયભાઈ કે વોરા રોકાયેલ હતાં.

# રાજકોટ જેલમાંથી પેરોલ જમ્પ કરેલ કેદી બિહારથી ઝડપાયો

(મિલન મહેતા દ્વારા) શાપર તા .૨૩

રાજકોટ મધ્યસ્થ જેલમાંથી પેરોલ જમ્પ કરેલ કેદીને પોતાનાં વતન બિહારમાંથી શાપર વેરાવળ પોલીસે પકડી પાડ્યો હતો.

બનાવની વિગત અનુસાર રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા ભોગવી રહેલ જાફરમેનુદીન ઉર્ફે જાકિરહુસેન નબીરાસુલ અંસારી (ઉ.વ.૩૨ રહે- પથોરા તા. ચરપોખરી બિહાર) કેદી પેરોલ પર બહાર નીકળી નાસી ગયેલ હતો. જેની શોધખોળ શાપર વેરાવળ મથકના પએસઆઈ આર.કે. ગોહિલ, જી. બી. જાડેજા થતાં પેરોલ ફર્લોસ્કોર્ડના ઈન્ચાર્જ પીએસઆઈ એસ. જે. રાણા દ્વારા અલગ અલગ ટીમો બનાવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સ આધારે તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન બાતમીના આધારે પેરોલ જમ્પ કરનાર કેદીને પોતાના વતન બિહારમાંથી દબોચી લીધો હતો. બાદ પોલીસની ટીમે પેરોલ જમ્પ કરનાર કેદીને રાજકોટ મધ્યસ્થ જેલમાં સોંપવાની કાર્યવાહિ કરેલ. આ કામગીરીમાં શાપર પીએસઆઈ આર. કે ગોહીલ, પેરોલ ફર્લો સ્કોડની ટીમ તથા એએસઆઈ હરદિપસિંહ જાડેજા, કોન્સ્ટેબલ લગધિરસિંહ જાડેજા, નીમુબેન મેર, ઘનશ્યામસિંહ જાડેજા રોકાયેલ હતાં.

# અપહરણના ગુનાના આરોપીને શોધી કાઢતી શાપર વેરાવળ પોલીસ

શાપર, તા.૨૩

શાપર વેરાવળમાંથી સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કરનાર આરોપીને ઉત્તરપ્રદેશના અલીગઢમાંથી સગીરા સાથે આરોપીને શાપર વેરાવળ પોલીસે પકડી પાડયો હતો.બનાવની વિગત મુજબ શાપરમાંથી ગત તા.૨૭/૦૩/૨૦૨૪ માં સગીરાનું અપહરણ કરી આરોપી નાસી ગયો હતો. બાદ શાપર વેરાવળ પોલીસે શોધખોળ શરૂ કરી હતી. શાપર વેરાવળના પીએસઆઈ આર.કે. ગોહિલ તથા જી. બી. જાડેજા દ્વારા અલગ અલગટીમો બનાવી ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સ આધારે તપાસ હાથ ધરી હતી. જે અનુસંધાને બાતમી મળી હતી કે આરોપી ઉત્તરપ્રદેશના અલીગઢમાં રહેતો યુવક શાહરૂખખાન આઝાદખાન (ઉ.વ.૨૪, રહે. અલીગઢ, ઉત્તર પ્રદેશ) સગીરાને પોતાનાં વતન લઈ ગયેલ છે. જે સ્થળે તપાસ કરતા ઉત્તરપ્રદેશના અલીગઢમાંથી સગીરા સાથે આરોપીને દબોચી લીધો હતો. આ કામગીરીમાં એએસઆઈ હરદિપસિંહ જાડેજા, કોન્સ્ટેબલ લઘધિરસિંહ જાડેજા તથા નીમુબેન મેર રોકાયા હતા.

# લોધિકાના ખાંભામાં અજાણ્યા યુવાનની હત્યા

## ઔદ્યોગિક વિસ્તારમાંથી યુવકનો ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળતા લોધિકા પોલીસ, એલસીબી, એસઓજીની ટીમો દોડી ગઈ

**મૃતકની ઉંમર આશરે ૩૫ વર્ષ, લાશ પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ, તીક્ષ્ણ હથિયારથી ગળુ ચીરી નાખી હત્યા કરાયાનું અનુમાન**



**યુવાન પરપ્રાંતિય શ્રમિક હોવાની ધારણા, ઓળખ કરવા તજવીજઃ હત્યારાને પકડવા આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવવા પોલીસની કસરત**

રાજકોટ તા.૨૩

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના ખાંભા ગામે ગઈકાલે સાંજે હત્યા કરાયેલી હાલતમાં અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવતા લોધિકા પોલીસનો કાફલો દોડી ગયો હતો અને આશરે ૩૫ વર્ષીય મૃતકની ઓળખ કરવા અને હત્યારાને ઝડપી લેવા તજવીજ શરૂ કરી હતી.

આ અંગે વિસ્તૃત વિગત મુજબ, ગઈકાલે સાંજે લોધિકા પોલીસને જાણ થઈ હતી કે, ખાંભા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં એક અજાણ્યા યુવાનનો મૃતદેહ પડયો છે. બનાવના પગલે લોધિકા પોલીસના પીએસઆઈ કે.વી. પરમાર તેમની ટીમ સાથે દોડી ગયા હતા. સ્થળ પર પહોંચી જોતા મૃતકની ઉંમર આશરે ૩૫ વર્ષની હોવાનું જણાયું. મૃતકના ગળામાં તીક્ષ્ણ હથિયારનો ઘા મારી ગળુ ચીરી નાખ્યું હોવાનું જોવા મળ્યું. ઉપરાંત માથામાં, ચહેરા પર અને શરીરના અન્ય ભાગો ઉપર પણ ઈજાના નિશાન હતા. જેથી બનાવ હત્યાનો હોવાનું પ્રાથમિક દ્દષ્ટિએ જણાતા ફોરેન્સીક ટીમને જાણ કરાઈ હતી. સ્થળ પરથી નમૂના લેવાયા હતા. જરૂરી કાગળ કાર્યવાહી અને પંચનામુ કરી મૃતદેહને ફોરેન્સીક પીએમ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવેલ. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૃતક પરપ્રાંતિય શ્રમિક હોવાનું જણાઈ રહ્યું છે. જો કે, તેની ઓળખ કરવા બનાવ સ્થળ આસપાસના કારખાનામાં, અહીં ઓરડીઓમાં રહેતા શ્રમિકો અને વિસ્તારમાં પુછપરછ કરવામાં આવી રહી છે. હત્યારાની જાણકારી માટે સીસીટીવી ફૂટેજ મેળવવા તજવીજ કરાઈ છે. હાલ મૃતક કોણ? અને તેનો હત્યારો કોણ? આ બે સવાલના જવાબ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. લોધિકા પોલીસની જુદી જુદી ટીમો, એલસીબી-એસઓજીની ટીમો તપાસમાં જોડાઈ છે.


દશમી વાર્ષિક પુણ્યતિથીએ

**શ્રદ્ધાંજલી**



**સ્વ. સેજલબેન અરજનભાઈ કેશવાલા**

સ્વ.તા. ૧૫-૪-૨૦૧૪

(હનુમાન જયંતિ, પૂનમ)

અશ્રુઓ ત્યારે આંખમાંથી વહી જાય છે, જયારે પ્રેમભરી તસ્વીર તમારી દેખાય છે. સ્નેહભરી એ સર્વે યાદો તુર્ત જ તાજી થાય છે. આપની ઉપસ્થિતિ આજે અમ સર્વેની આજુબાજુ અનુભવાય છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના પ્રેમાળ આત્માને શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના....

| | |
|---|---|
| જેઠાભાઈ ખીમાભાઈ કેશવાલા | જેઠીબેન જેઠાભાઈ કેશવાલા |
| ભીમાભાઈ જેઠાભાઈ કેશવાલા | મનિષાબેન ભીમાભાઈ કેશવાલા |
| લાખાભાઈ સરમણભાઈ કેશવાલા | મંજુબેન લાખાભાઈ કેશવાલા |
| અરજનભાઈ જેઠાભાઈ કેશવાલા | નિતાબેન અરજનભાઈ કેશવાલા |
| રોહનભાઈ ગીરીશભાઈ કેશવાલા | રેખાબેન રોહનભાઈ કેશવાલા |

હિત - મીત - રણજીત - ખમીર - માહિર - મહેક - વીર

હિન્દુસ્તાન પ્રોજેકટ - શ્રી લીરબાઈ એન્ટરપ્રાઈઝ - શ્રી લીરબાઈ પેટ્રોલીયમ


# વિરપુર પોસ્ટ માસ્તર વિશાલ ગોંડલીયાએ ખાતા ધારકોના એકાઉન્ટમાંથી રૂા.૧૨ લાખની ઉચાપત કરી

## ખાતું ખોલાવવા આવતાં વિરપુરના ગ્રામજનોના ખોટા એકાઉન્ટ બનાવી ડુપ્લીકેટ પાસબુકમાં એન્ટ્રી કરી રૂપિયા પોસ્ટ ઓફિસમા જમા કરાવ્યા વગર છેતરપીંડી આચરી

રાજકોટ. તા.૨૩

વિરપુર પોસ્ટ માસ્તર વિશાલ ગોંડલીયાએ વિરપુરના ગ્રામજનોના ખોટા એકાઉન્ટ બનાવી ડુપ્લીકેટ પાસબુકમાં એન્ટ્રી કરી રૂપિયા પોસ્ટ ઓફિસમ જમા કરાવ્યા વગર રૂ.૧૨ લાખની ઉચાપત કરી છેતરપીંડી આચર્યાની વિરપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે ગોંડલમાં ટેલિફોન એકસચેન્જની બાજુમાં રહેતાં નિલય મહેશકુમાર પરમાર (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ગોંડલના વિશાલ વિજય ગોંડલીયાનું નામ આપતાં વિરપુર પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગોંડલ પોસ્ટલ ડીવીઝનમાં સબ ડીવીઝનલ ઈન્સપેકટર સાઉથ સબ ડીવીઝન તરીકે છેલ્લા સવા વર્ષથી ફરજ બજાવે છે. તેમની ઓફીસમાં ઈન્ચાર્જ સબ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા વિશાલ ગોંડલીયાએ પોતાની ફરજના સમય દરમ્યાન તેમણે સબ પોસ્ટ માસ્તરના હોદાની રૂએ જાહેર જનતા પાસેથી કે અન્ય કોઇ રીતે ફરજ બજાવવાના સંદર્ભમા ખાતુ ખોલવા મળેલ રકમ સરકારી ખાતે જમા કર્યા વગર તેમજ ખાતુ ખોલ્યા વગર ખાતા ધારકોને બનાવટી પાસબૂક આપી મળેલ રકમની ઉચાપત કરેલ તેમજ પોસ્ટ ઓફીસના ખાતાધારકોના સેવિંગ ખાતામાંથી ખાતા ધારકની જાણ બહાર પૈસા ઉપાડી લીધેલ હતાં.

**વિરપુર પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા**

**★ ખાતા ધારકોની યાદી**

હંસાબેન બાબુભાઇ સોલંકી (રહે. વિરપુર) ના પોસ્ટ ઓફીસના બચત ખાતામાં કાયમી ઉચાપત રૂ.૪.૧૨ લાખ ખાતેદારની જાણ બહાર ઈન્ટરનેટ બેન્કીંગની સુવીધા ચાલુ કરી તેનો ઉપયોગ કરી ખાતેદાર ના બચત ખાતામાંથી કુલ રૂ. ૪.૧૨ લાખની ઉચાપત કરેલ છે.

જયશ્રીબેન એલ. પઢીયાર તથા શુશીલાબા ખુમાણસિંહ જાડેજા (રહે.બંન્ને વિરપુર) તરફથી ખાતુ ખોલવા મળેલ રૂ.૨ લાખ પોસ્ટ ઓફીસમાં ખાતુ ખોલ્યા વિના તેઓને રૂ.૨ લાખની કોમ્પ્યુટરાઇઝ એન્ટ્રી તેમજ પોસ્ટમાસ્તર વિરપુર ના હોદાના સહી સીકકા વાળી બનાવટી પાસબુક આપેલ અને મળેલ પોસ્ટ ઓફીસના હીસાબમાં જમા ન કરીને કાયમી ઉચાપત કરેલ છે.

દયાબેન રાજેશભાઇ વઘાસીયા (રહે. વિરપુર) નું ખાતુ ખોલવા તેમના પોસ્ટ ઓફીસ બચત ખાતામાંથી રૂ.૭૮ હજારનું ઉપાડ ફોર્મ આપેલ જેના અનુસંધાને પોસ્ટઓફીસમાં ખાતુ ખોલ્યા વગર તેમને રૂ. ૭૮ હજારની કોમ્પ્યુટરાઇઝ એન્ટ્રી વાળી ખાતાની બનાવટી પાસબુક આપેલ અને મળેલ રકમ પોસ્ટ ઓફીસના હીસાબમાં પણ જમા ન કરીને કાયમી ઉચાપત કરેલ છે.

વિજયાબેન દીપકભાઇ જાદવ (રહે. વિરપુર) ના તરફથી ખાતુ ખોલવા મળેલ રૂ. ૧.૫૦ લાખ તેમના બચત ખાતાના ઉપાડ ફોર્મ પોસ્ટ ઓફીસમાં ખાતુ ખોલ્યા વીના રૂ. ૧.૫૦ લાખની કોમ્પ્યુટરાઇઝ એન્ટ્રી વાળી બનાવટી પાસબુક આપેલ અને મળેલ રકમ રુ. ૧.૫૦ લાખ પોસ્ટ ઓફીસના હીસાબમાં પણ જમા ન કરીને કાયમી ઉચાપત કરેલ છે.

વિશાલભાઇ ઉકાભાઇ સરવૈયા તેમજ વીલાશ વિશાલભાઇ સરવૈયા (રહે. વિરપુર)એ કીશાન વિકાસ પત્ર ખાતુ ખોલવા તેમના પોસ્ટ ઓફીસ બચત ખાતામાં રૂ. ૩.૫૦ લાખનું ઉપાડ ફોર્મ આપેલ જે પણ ખાતુ ખોલ્યા વગર તેમને રૂ.૩.૫૦ લાખની ખાતાની કોમ્પ્યુટરાઇઝ એન્ટ્રી તેમજ પોસ્ટમાસ્તર વિરપુરના હોદાના સહી સીકકા વાળી બનાવટી પાસબુક આપેલ અને મળેલ રકમ પોસ્ટ ઓફીસ ના હીસાબમાં પણ જમા ન કરીને કાયમી ઉચાપત કરેલ છે.

ઉપરાંત કાન્તાબેન જેરામભાઇ વઘાસીયા (રહે. વીરપુર) ના રૂ.૭૫ હજાર પણ હિસાબમાં જમા ન કરી બનાવટી પાસબુક આપેલ અને મળેલ રકમ પોસ્ટ ઓફીસના હીસાબમાં પણ જમા ના કરી ને કાયમી ઉચાપત હતી. જે વિશાલ ગોંડલીયાએ છેતરપીડી કરેલ હોય જે પોસ્ટ ડીપાર્ટમેન્ટમાં ખાતાકીય તપાસ કરતા સાબીત થયેલ હોય છે.જ

આરોપી વિશાલ ગોંડલીયાએ તા. ૨૭/૦૫/૨૦૨૨ થી તા. ૧૭/૦૮/૨૦૨૩ ના સમયગાળા દરમ્યાન ઇન્ચાર્જ સબ પોસ્ટ માસ્તર વિરપુર સબ પોસ્ટ ઓફીસ તરીકે ફરજ બજાવેલ ત્યારે ખાતુ ખોલવા મળેલ રકમ પોસ્ટ ઓફિસમાં ખાતુ ખોલ્યા વગર પોસ્ટ ઓફીસના હીસાબમાં જમા ન કરીને તેમને બનાવટી પાસબુક આપેલ તેમજ ખાતા ધારકના ખાતામાંથી તેમની જાણ બહાર નાણાની ઉપાડ કરી કુલ રૂ.૧૨.૬૫ લાખની ઉચાપત કરેલ હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી વિરપુર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# અવસાન નોંધ

**રાજકોટ:** હંસાબા કિશોરસિંહ જાડેજા, મુળ ગામ જીલરીયા, હાલ રાજકોટ તે ઈન્દ્રસિંહ સજુભા જાડેજા, ગિરિરાજસિંહ સજુભા જાડેજાના ભાભી તેમજ યશપાલસિંહ કે. જાડેજાના માતુશ્રી, હરકિશનસિંહ આઈ. જાડેજા, દક્ષરાજસિંહ જી. જાડેજાના મોટાબા, તેમજ ભાગ્યરાજસિંહ વાય. જાડેજાના દાદીનું તા.૨૧ને રવિવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૫ને ગુરૂવારે સાંજે ૪થી ૬ કલાકે ચંદ્રેશવાડી, પ્રાઈમ હોસ્પિટલની બાજુમાં, પંચવટી મેઈન રોડ, અતિથિ ચોક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**વેરાવળ:** હમીરભાઈ જીવાભાઈ નંદાણીયા તે અરવિંદભાઈ નંદાણીયા (પ્રોફેસર મહિલા કોલેજ)ના પિતાશ્રીનું તા.૨૨ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૪ને બુધવારે બપોરે ૪થી ૬ કલાકે બીલેશ્વર મંદિર, શિક્ષક કોલોની, વેરાવળ ખાતે રાખેલ છે.

**મોરબી:** મોરબી નિવાસી સ્વ. ખેલશંકર ગંગારામભાઈ ભટ્ટના પુત્ર સુરેશભાઈ (ઉ.૭૪) તે સ્વ. કનૈયાલાલ, મહેશભાઈ, અશ્વિનભાઈ, વસંતબેન, ગીતાબેનના ભાઈ તેમજ હાર્દિકના પિતા અને માલવના દાદા તા.૨૨ના રોજ કૈલાશવાસી થયેલ છે. સદગતનું બેસણું તા.૨૫ને ગુરૂવારે સાંજે ૫થી ૬ સોમેશ્વર મહાદેવ મંદિર, ગાયત્રીનગર, વાવડી રોડ, મોરબી ખાતે રાખેલ છે.

**લીલીયા:** લીલીયા તાલુકાના લોકી (ઉમિયાનગર) નિવાસી નવલગીરી રતીગીરી ગોસ્વામી (ઉ.૫૮)નું તા.૧૮ને ગુરૂવારના રોજ કૈલાસવાસ થયેલ છે. તે વિલાસગીરી ભાણગીરી ગોસ્વામીના ભોટાભાઈ તેમજ ઓમકારગીરી અને વિજેન્દ્રગીરીના પિતાશ્રી તેમજ અર્જુનગીરીના સસરા થાય. તેમનું શકિતપૂજન ભંડારો અને સંતવાણી તા.૨૯ને સોમવારે તેમના નિવાસસ્થાન લોકી તાલુકો લીલીયા મુકામે રાખેલ છે.


**રાજકોટ:** ધોરાજી નિવાસી હાલ કલકતા સ્વ. ચુનિલાલ નરભેરામ કોટીચાના પુત્ર મુકેશભાઈ (ઉ.૬૮) તે અમિત તથા અંકિતના પિતાશ્રી, પ્રવિણભાઈ તથા દિપકભાઈના ભાઈ, કાવ્યા તથા યુવાંશના દાદા તેમજ અમરતલાલ મહેતા (ભવાનીપુર)ના જમાઈ, હેમતભાઈ તથા શૈલેષભાઈના બનેવી તા.૨૧ને રવિવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ.અ.સૌ. કમળાબેન (ઉ.૬૫) તે મહેશભાઈ જયંતિભાઈ માત્રાવડીયાના ધર્મપત્ની તા.૨૧ને રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સુમીત તથા ભાવિનના મમ્મી અને આશાબેન તથા હિનાબેનના સાસુ, જાનકી, હેત્વીક, દીયા, યશના દાદી તેમજ સ્વ. કંકુબેન ન્યાલચંદભાઈ દાવડા (કુંકાવાવ)ના દીકરી થાય. સદગતનું બેસણું તા.૨૫ને ગુરૂવારના સાંજે ૪થી ૬ કલાકે શબરીબાઈ આશ્રમ- બોમ્બે હાઉસીંગ સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. સુમીત ૯૦૪૯૫ ૫૫૫૭૫.

**રાજકોટ:** ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજનાં મુળ ગામ માણાવદર હાલ રાજકોટ નિવાસી રાજેન્દ્રભાઈ દયાશંકરભાઈ ભટ્ટ (ઉ.વ.૬૮) તે સ્વ.દયાશંકરભાઈ ગોવિંદભાઈ ભટ્ટના પુત્ર, કિર્તીભાઈ, બટુકભાઈ, દિલીપભાઈ, પ્રમિલાબેન ગિરિશભાઈ ઠાકર (રાજકોટ)ના ભાઈ તેમજ ભાવેશભાઈ, જીજ્ઞાશાબેન દેવેનકુમાર વ્યાસ (અમરેલી)ના પિતાશ્રી સ્વ.રવિભાઈ શિવશંકરભાઈ જોષી (અમરેલી)નાં જમાઈ તથા રાજુભાઈ, નિમિષભાઈનાં બનેવીનું તા.૨૨ને સોમવારનાં રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સોપાન હિલ કોમ્પ્યુનિટી સેન્ટર, સોપાન હિલ, એલ-૧૦૧, રૈયાધાર, શાંતિનગર ગેઈટ પાસે, રાજકોટ ખાતે તા.૨૫ તે ગુરૂવારે બપોરે ૩ થી ૫ અને શિવકૃપા રતનપરા શેરી, માણાવદર ખાતે તા.૨૬ને શુક્રવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

**રાજકોટ:** મર્હુમા હાજીયાણી જુબેદાબેન હાજી સુલ્તાનભાઈ બેલીમ તે હાજી સલીમભાઈ, ઈસ્માઈલભાઈ, રફીકભાઈના વાલીદા સરદારભાઈ, દિલાવરભાઈ, મુસ્તાકભાઈના મોટા બા હબીબભાઈ બાપુભાઈના ભાભી અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. મર્હુમાનું બેસણું તા.૨૫ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે રોશની કિડવાઈનગર-૫ નાગરિક બેંક પાછળ ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**ધારી:** દાઉદી વ્હોરા નસીમબેન (ઉ.વ.૬૭) તે અસગરઅલીભાઈ ગુલામહુશેનભાઈ ત્રવાડીના પત્ની આસિફભાઈ, સોહિલભાઈ, મુમતાઝબેન ફખરુંદીનભાઈ (ગોંડલ) ના માતા તા.૨૧ને રવિવારના રોજ ધારી મુકામે વફાત પામેલ છે.(આસિફભાઈમો.૯૪૨૭૨૬૯૬૦૭)



સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# સેલ્ફ કાર ભાડે લઈ જઈ પડાવી લેવાના કૌભાંડનો પર્દાફાશ: બેલડીની મોરબીથી ઉઠાવી લેતી ક્રાઈમ બ્રાન્ચ

## શહેરમાંથી અંદાજીત ૫૦ થી વધુ મોંઘીદાટ કાર ભાડે લઈ જઈ કોઠારીયાના કાનજી ઉર્ફે આકાશ અને જામનગરના બિલાલ શાહમદારે પડાવી લીધી હોવાનું સામે આવ્યું

રાજકોટ. તા.૨૩

રાજકોટમાંથી સેલ્ફ કાર ભાડે લઈ જઈ પડાવી લેવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે કોઠારીયાના કાનજી ઉર્ફે આકાશ અને જામનગરના બિલાલ શાહમદારને મોરબી પંથકમાંથી દબોચી લઈ કરોડો રૂપિયાની મોંઘીદાટ કાર કબ્જે કરી હોવાનું સામે આવ્યું છે. જ્યારે બી. ડિવિઝન પોલીસ મથકમાં વાહનના ધંધાર્થી અને તેના મિત્ર વર્તુળ સાથે બેલડીએ ૨૬ કાર લઈ જઈ રૂ.૧.૮૧ કરોડની છેતરપીંડીની આચર્યાની ફરિયાદ દાખલ થઈ છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે બંને આરોપીની સઘન પૂછતાછ હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં રેલનગર-૨ માં જાનકી વાટિકા સોસાયટી શેરી નં.૨ માં રહેતાં પીન્ટુભાઈ રાજેશભાઈ ચાવડા (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકી ગોગન પટેલ (રહે. ખોડલધામ સોસાયટી ગેઈટ નં.૨, કોઠારીયા રોડ) અને બિલાલ હશન શા શાહમદાર (રહે. હર્ષદ મિલની ચાલી, જામનગર) નું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મોરબી રોડ જકાતનાકા પાસે

### બી. ડિવિઝન પોલીસ મથકમાં વાહનના ધંધાર્થી અને તેના મિત્ર વર્તુળ સાથે બેલડીએ ૨૬ કાર લઈ જઈ રૂા.૧.૮૧ કરોડની છેતરપીંડી આચર્યાની ફરિયાદ દાખલ થઈ

પિતૃકૃપા કોમ્પ્લેક્ષમા મહાદેવ સેલ્ફ ડ્રાઈવીંગ નામની ઓફિસ આવેલ છે અને ફોરવ્હીલ સેલ્ફ ડ્રાઈવીંગમાં ભાડે આપવાનો ધંધો કરે છે. તેઓની સાથે જયકિશનભાઈ હરેશભાઈ ભટ્ટ, શીવમભાઈ ભટ્ટ, કૌશીકભાઈ ગાંગાણી, દેવાંગભાઈ હરસોડા, પ્રતીક પટેલ ભાગીદાર છે. તેઓની પાસે ગ્રુપની કુલ ૨૦ ફોરવ્હીલ ગાડીઓ છે અને સેલ્ફ ડ્રાઈવીંગમાં ગ્રાહકનુ આધાર કાર્ડ તેમજ ડ્રાઈવીંગ લાઈસન્સ લઈ ભાડુ એડવાન્સ લઈને ગાડી સેલ્ફ ડ્રાઈવીંગથી ભાડે આપે છે.

એકાદ વર્ષ પહેલા કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકીનો ફેસબુક મારફતે તેમના પાર્ટનર જયકિશનભાઈ ભટ્ટને સંપર્ક થયેલ હતો. કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે એકીની બેઠક આહીર ચોકમાં હતી. તેને કયારેક કયારેક ગાડીઓની જરૂર હોય તો સંપર્ક કરતો અને તેને તેઓ ગાડીઓ ભાડેથી આપતા અને તે પોતાનુ કમીશન રાખી ગાડીઓ તેના કસ્ટમરને સેલ્ફ ડ્રાઈવીંગથી ભાડેથી આપતો હતો. બે મહિના પહેલા કાનજી ઉર્ફે આકાશનો ભાગીદાર જયકિશનભાઈ ભટ ઉપર આવેલ અને કહેલ કે, મારી પાસે એક પાર્ટી આવેલ છે. તેને પાંચ દિવસ માટે તેને એક નાની સારી ગાડી જોય છે. પાર્ટી વિશે પૂછતાં તેને કહેલ કે, બિલાલભાઈ શાહમદાર નામના શખ્સને ગાડી જોઈએ છે. જેથી જયકિશનએ કહેલ કે, સારૂ અમારી પાસે કિયા સેલટોસ ગાડી છે અને એક દિવસનું ભાડુ રૂ.૩ હજાર જણાવતાં કાનજી ઉર્ફે આકાશ હા પાડી રાત્રીના આરોપી ઓફીસે આવેલ અને કીયા સેલટોસ ગાડી ભાડેથી સેલ્ફ ડ્રાઈવીંગમાં પાંચ દિવસ માટે આપેલી હતી પાંચ દિવસનું ભાડુ રૂ.૩ હજાર લેખે રૂ.૧૫ હજાર એડવાન્સ લીધેલ હતુ.

ત્યારબાદ પાંચ દિવસ પુરા થતા હોય જેથી કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકીએ જયકીશનને ફોન કરીને કહેલ કે, આ ગાડી ગમી ગયેલ છે અને હજુ પાંચ દિવસ ગાડી જોય છે તેમ વાત કરેલી અને ઓફીસે આવી બીજા પાંચ દિવસનું ભાડુ રૂ.૧૫ હજાર આપેલ હતાં. તેમજ તે પાર્ટીને બીજી એક ગાડી જોય છે તેમ વાત કરેલી જેથી ટોયોટા કોરોલા હતી. જે ગાડી પાંચ દિવસ માટે સેલ્ફ ડ્રાઈવીંગથી ભાડેથી પાંચ દિવસના રૂ.૯ હજાર તેણે આપેલા હતાં.

ત્યારબાદ કિયા ગાડી કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકીએ પંદરમાં દિવસે પરત કરેલી અને તેનું ભાડુ આપી દીધેલ હતુ અને ટોયોટા કોરોલા ગાડી દિવસ - ૧૦ રાખી તેનું ભાડુ પણ આપી દિધેલ હતુ. ત્યારબાદ બંને આરોપી રેગ્યુલર ધંધાનુ ગાડીનુ ભાડુ સમયસર આપી દેતા હોય જેથી તેઓ ઉપર પુરો વિશ્વાસ બેસી ગયેલ હતો. ત્યારબાદ કાનજીએ જામનગર વાળા બિલાલને ગાડીઓ આપવા ગાડીઓનું અલગ અલગ ભાડુ નકકી કરી આર્ટિગા, થાર, ફોર્ચ્યુનર, વર્ના, સ્કોર્પિયો, કિયા બ્રેઝા સહિતની ૧૪ કાર રૂ.૨ હજારથી રૂ.૪૫૦૦ ના ભાડે મોરબી રોડ આવેલ ઓફિસથી લઈ ગયેલ હતાં. જે ગાડીઓનુ ભાડુ તથા ગાડીઓ પરત આપેલ નથી.

જે ગાડીઓનુ ભાડુ કાનજી ઉર્ફે આકાશ સમયસર ચુકવતા ન હોય જેથી વારંવાર ભાડુ ચુકવવા તેમજ ગાડીઓ પરત આપવા માટે કહેતા ખોટા વાયદાઓ કરી સમય પસાર કરતા હોય અને કહેલ કે, તમામ ગાડીઓ જામનગર વાળા બિલાલને ભાડે આપેલ છે, ત્યાંથી ભાડુ આવશે એટલે હું આપને ચુકવી આપીશ તેમ જણાવતા પરંતુ બંને શખ્સોએ તમામ ગાડીઓનુ ભાડુ ચુકવેલ ન હોય અને ગાડીઓ પણ પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હતી.

ઉપરાંત આરોપીઓએ વધું ગાડી ભાડે આપવાનું કહેતાં ફરિયાદીના મિત્ર વિપુલભાઈ કરશનભાઈ રાતડીયા (રહે.માનસરોવર સત્યમપાર્ક શેરી નં.૩) એ ગ્રીનલેન્ડ ચોકડીએથી ૧૨ મોંઘી ગાડીઓ આકાશ ઉર્ફે કાનજી ઉર્ફે અકી અને બિલાલને ભાડેથી આપેલ હોય અને તેઓને પણ ભાડુ ન ચૂકવી ગાડી પણ પરત આપેલ ન હોય અને તેઓની સાથે પણ વિશ્વાસઘાત છેંતરપિંડી કરેલ હોવાનુ જાણવા મળેલ હતું. જેથી આરોપીઓ કાનજી ઉર્ફે આકાશ અને બિલાલ શાહમદારે તેઓનો સંપર્ક કરી ભાડે ગાડીઓ લઈ તેનુ ભાડુ સમયસર ચુકવી ગાડી પરત આપી વિશ્વાસ કેળવીને બાદમા તેઓની તેમજ ભાગીદારોની કુલ-૧૪ ગાડીઓ તેમજ વિપુલભાઈ કરશનભાઈ રાતડીયાની કૂલ-૧૨ ગાડીઓ મળી કુલ ૨૬ ગાડીઓ કુલ અંદાજીત રૂ. ૧,૮૧,૫૦,૦૦૦ ની કાર પરત ન આપી છેતરપીંડી આચરી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એમ.જે. હુણ અને ટીમે તપાસ હાથ ધરી મોરબીમાંથી બંને આરોપીની ધરપકડ કરી મોંઘી મોટી કારોનો કાફલો પકડી પાડી આરોપીઓની વિશેષ તપાસ હાથ ધરી અલગ અલગ વિસ્તારમાંમાંથી છેતરપીંડીથી પડાવી છે તે અંગે પૂછતાછ હાથ ધરી હતી.

### ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ મેહુલ ગોંડલીચાની રાહબરીમાં પીએસઆઈ એમ.જે. હુણ અને ટીમને મળી મોટી સફળતાઃ અંદાજીત કારની કિંમત ત્રણ કરોડથી પણ વધુ હોવાની સંભાવનાઃ આરોપીની વિશેષ પૂછતાછ

### આરોપી કારમાંથી જીપીએસ સિસ્ટમ કાઢી સૌરાષ્ટ્રના અલગ અલગ શહેરોમાં ગિરવે મૂકી દેતાં

રાજકોટ. તા.૨૩

સેલ્ફ કાર ભાડે લઈ જઈ પડાવી લેતી બેલડી કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકી અને જામનગરના બિલાલ શાહમદારને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધાં બાદ ખુલાસો થયો હતો કે, શહેરમાંથી અલગ અલગ કાર ભાડે આપતાં ધંધાર્થીઓ પાસેથી કાર ભાડે લઈ જીપીએસ સિસ્ટમ કાઢી કાર સૌરાષ્ટ્રના અલગ અલગ જીલ્લાઓમાં ગિરવે મૂકી દઈ રૂપિયા પડાવતાં હતાં. જે વેંચેલી કાર કબ્જે કરવા ક્રાઈમ બ્રાન્ચની ટીમે કવાયત હાથ ધરી છે.

### વિશ્વાસ કેળવી થાર, ફોર્ચ્યુનર, બ્રેઝા, કિયા સહિતની મોંઘીદાટ કાર ભાડે મેળવતા

રાજકોટ. તા.૨૩

૫૦ થી વધું કાર પડાવી લેવાના ગુનામાં પકડાયેલા આરોપી કાનજી ઉર્ફે આકાશ વાહન ભાડે આપતાં ધંધાર્થીઓને જામનગરના બિલાલને કારનો મોટો ધંધો હોવાનું કહીં વિશ્વાસ કેળવી થાર, ફોર્ચ્યુનર, બ્રેઝા, કિયા સહિતની મોંઘીદાટ કાર ભાડે મેળવતાં અને બાદમાં કાર ગિરવે મૂકી દેતાં હતાં.

### ભોગ બનેલા કારના ધંધાર્થીઓને ગાડી મોરબી હોવાની જાણ થઈ, ત્યાં જતાં સામે માથાકૂટ થઈ અને ૧૩ સામે ફરિયાદ નોંધાઈ 'તી


રાજકોટ. તા.૨૩

શહેરમાં બેલડીનો ભોગ બનેલા કારના ધંધાર્થીઓને પોતાની કાર મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલ ચાર ગોદામની પાછળના ભાગમાં ગુલાબનગરમાં ઘર પાસે હોવાની જાણ થતા ત્યાં પહોંચેલા લોકોએ કોઈપણ જાતની ખાતરી કે તપાસ કર્યા વગર તે ગાડી પોતાની હોવાનું કહીં લઈ જવાની કોશિશ કરી હતી. જેથી કરીને દંપતીએ તેને રોકવાનો પ્રયત્ન કરતા તેની સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને મારી નાખવાની ધમકી આપતા મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૧૩ શખ્સોની સામે ફરિયાદ નોંધાઈ હતી.

બનાવમાં મોરબીના વીસીપરા વિસ્તારમાં ચાર ગોદામની પાછળના ભાગમાં આવેલ ગુલાબનગરમાં રહેતા શરીફાબેન ઉર્ફે મુમતાજબેન દાઉદભાઈ જામ જાતે મિયાણા (૪૦)એ આનંદ ગણપતભાઈ દવે (રહે. ખોડીયારનગર રાજકોટ), ભાવિક ભરવાડ, રવિ ભરવાડ, અભય મકવાણા, ધવલ મકવાણા, ધર્મેશ બારોટ, ધવલભાઈ મુકેશભાઈ પ્રજાપતિ, રજત સાવલિયા, પાર્થ પટેલ, વિવેક ઉમરેઠીયા, ભરત ડાંગર, સમીર સલીમભાઈ શાહમદાર અને સાહિલ બોદુભાઈ (રહે.તમામ રાજકોટ) સામે ફરિયાદ નોંધાવેલ હતી.

# મહાપુજા ધામ ચોક પાસે આવારા તત્વોનો આતંકઃ કારને આંતરી તોડફોડ કરી

### બુલેટ કારને અથડાવી ચાર શખ્સોએ દરવાજાના અને બોનેટ પર ચડી કાચ તોડી નાખી ધમકી આપીઃ માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી



રાજકોટ. તા.૨૩

મહાપુજા ધામ ચોક પાસે અવાર તત્વોએ આતંક મચાવી કારને આંતરી તોડફોડ કરી કારમાં મોટું નુકસાન કરી કાર ચાલકને ધમકી આપતાં માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

બનાવ અંગે મનહર પ્લોટ શેરી નં.૧૫ માં રાજ લક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતાં દર્શન મનીષભાઈ જયસ્વાલ (ઉ.વ.૨૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યાં ચાર શખ્સોના નામ આપતાં માલવીયાનગર પોલીસે આઈપીસી ૪૨૭,૫૦૪,૨૯૪(ખ) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ૧૫૦ ફૂટ રિંગરોડ પર પુનીતનગર સર્કલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનું કામ કાજ કરે છે. ગઈ તા.૧૯/૦૪/૨૦૨૪ ના સાંજના સમયે ઘરેથી કાર લઈ ઓફીસે જતો હતો ત્યારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર મહાપુજા ધામ ચોક પાસે ખીજડા વાળા રોડ તરફથી એક ડબલ સવારી બુલેટ ચાલકે કારના ખાલી સાઈડના ભાગે સામાન્ય અડી જતા કાર ત્યાં ઉભી રાખી અને ગાડીનો ખાલી સાઈડના દરવાજાનો કાચ ખોલી બુલેટના ચાલકને જણાવેલ કે શુ તકલીફ છે ? મારી ગાડી સાથે તમે જાણી જોયને બુલેટ અથડાળેલ છે ? તેમ કહેતાં બુલેટના ચાલક અને તેની પાછળ બેસેલ શખ્સ બુલેટ સ્ટેન્ડ કરીને નજીક આવી જાહેરમા બોલાચાલી કરી ગાળો આપવા લાગેલ હતા. ત્યારબાદ અન્ય બે શખ્સો એકટીવામાં ઘસી આવેલ અને ત્રણ શખ્સો કારની ફરતે આવી દરવાજામાં અને કાચમા હાથે પગેથી ઢીકાપાટુના મુક્કા મારી દરવાજાને અને કાચને નુકશાન કરેલ અને સાઈડ ગ્લાસ તોડી નાખેલ હતો.

બાદમા અન્ય શખ્સોએ પણ કારમાં તોડફોડ કરી હતી. તેમજ એક શખ્સ ગાડીના બોનેટ પર ચડી ગયેલ અને ગાડીના આગળના કાચમા પાટા મારી તે કાચ ફોડી નાખેલ હતો અને બોનેટના ભાગે પણ પાટા મારીને ઘોબા પાડી નુકશાન કરેલ હતું. તેમજ ગાડીની ડ્રાઈવર બાજુની આગળની હેડ લાઈટ પણ આરોપીઓએ તોડી નાખેલ હતી અને ગાડીના દરવાજા ખખડાવી તુ બહાર નીકળ કહેતાં તેઓ ગાડીના દરવાજાઓ લોક કરી લીધેલ હતા. દરમિયાન લોકો એકઠાં થતાં આરોપીઓ બુલેટ અને એક્ટિવા લઈ નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ઓળખ મેળવી શોધખોળ હાથ ધરી હતી.

# કેરી લેવા ગયેલા પ્રશાંત વાળાને મોહસીને ઉંધી છરી મારી દીધી

### જ્યુબિલી ગાર્ડન પાસે પરાબજાર મેઈન રોડ પરની ઘટનાઃ કાર સવાર પ્રશાંતે સ્કુટર સાઈડમાં લેવાનું કહેતાં માથાકૂટ થઈ હતી.

રાજકોટ, તા.૨૩

શહેરમાં જ્યુબિલી ગાર્ડન પાસે પરાબજારમાં કેરી લેવાં ગયેલ પ્રશાંત વાળાએ સ્કૂટર સાઈડમાં લેવાનું કહેતાં મોહસીને ઉંધી છરી મારી દીધી હતી. બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગત અનુસાર જામનગર રોડ સ્લમ કવાર્ટરમાં રહેતાં પ્રશાંત ઠાકોરભાઈ વાળા (ઉ.વ.૨૪) નામનો યુવક ગઈકાલ રાત્રિના પરા બજાર મેઈન રોડ પર હતો ત્યારે




મોહસીન જુણેજા અને અન્ય શખ્સોએ ઝઘડો કરી માર માર્યો હતો. યુવક તેના કાકાના દિકરા બ્રિજેશ સાથે કાર લઈને જ્યુબિલી ગાર્ડન પાસે પરાબજારમાં કેરી લેવા ગયો હતો. જ્યાં મોહસીન જુણેજાનું સ્કુટર રસ્તા પડેલ હોય જે સ્કુટરને સાઈડમાં લેવાનું કહેતાં મોહસીન ઉશ્કેરાયો હતો. તેની પાસે રહેલ છરીનો ઉંધો ઘા પ્રશાંતને મારી દિધેલ. અને તેની સાથેનાં શખ્સોએ યુવકને ઢીકા પાટુનો માર મારતાં યુવકને ઈજા પહોંચી હતી. બાદ યુવકને તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. યુવકના પિતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સફાઈ કામદારમાં કોન્ટ્રાકટ બેઈઝ પર નોકરી કરે છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

# દેરાવાસી તથા સ્થા. જૈન સમાજમાં ચૈત્રી માસની આયંબીલ ઓળી સંપન્નઃ કાલે તપસ્વીઓના પારણા

રાજકોટ તા.૨૩

રાજકોટમાં દેરાવાસી તથા સ્થાનકવાસી જૈન સમાજમાં ચૈત્રી માસની આયંબીલની આરાધના આજે પૂર્ણ થશે. આવતીકાલે તપસ્વીઓના પારણા થશે. દેરાવાસી તથા સ્થાનકવાસી જૈન સંઘોમાં મોટા પ્રમાણમાં તપસ્વીઓએ નવ દિવસ આયંબીલની આરાધના કરી. વિવિધ ઉપાશ્રયોમાં બિરાજમાન પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોએ ચૈત્ર માસની આયંબીલ ઓળીના સતત નવ દિવસ સુધી પંચપરમેષ્ઠા તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એમ નવ પદ ઉપર મનનીય અને પ્રેરક વચનો ફરમાવ્યા હતા. દેરાવાસી જૈનોમાં શ્રીપાળ-મયણાસુંદરીના રાસનું વાંચન કરવામાં આવેલ હતું.





સ્થાનકવાસી જૈન ઉપાશ્રયોમાં સળંગ નવ દિવસ ૧૫૦૦થી વધારે આરાધકોએ આયંબીલ તપની આરાધના કરી છે.

સ્થાનકવાસી જૈન ઉપાશ્રયોમાં નવ દિવસની અખંડ ઓળીની આરાધના કયાં કેટલી થઈ તેની વિગતો અત્રે આપેલ છે.

**નવ દિવસ અખંડ ઓળી :**

નાલંદા તીર્થધામમાં (૧૮૯), રોયલ પાર્ક મોટા સંઘ (૧૦૮), વખારીઆ ઉપાશ્રય (૧૦૫), નેમિનાથ - વીતરાગ સંઘ (૧૦૨), શાલીભદ્ર સરદાર નગર સંઘ (૯૦), મહાવીર નગર સંઘ (૭૫), અજરામર સંઘ (૬૩), સુમતિનાથ સંઘ (૫૨),

સદર સંઘ (૫૨), રેસકોર્સ પાર્ક સંઘ (૪૬), મોટા સંઘ ( વિરાણી પૌષધશાળા) (૪૬), શ્રમજીવી સંઘ (૪૦), વીમલનાથ સંઘ (૩૭), નવકાર મંડળ (૩૬), નૂતન ગુરુ આરાધના ભવન (૩૦), ગીત ગૂર્જરી સંઘ (૩૦), સંઘાણી સંઘ (પ્રહલાદ પ્લોટ) (૩૦), ભકિત નગર સંઘ (૨૮), શેઠ ઉપાશ્રય (૨૭), વૈશાલી નગર સંઘ (૨૬), મનહર પ્લોટ સંઘ (૨૪), જૈન ચાલ સંઘ (૨૨), રામ કૃષ્ણ નગર સંઘ (૧૧), આ ઉપરાંત ઋષભદેવ સંઘ,શાંતિનાથ પૌષધશાળા,પાર્શ્વનાથ સંઘ, ઋષભાનન સંઘ,સમર્થ શ્રદ્ધા,રાજગીરી સહિત અનેક ધર્મ સ્થાનકોમાં તપસ્વીઓએ આયંબિલ તપની સુંદર મજાની આરાધના કરેલ હતી તેમ મનોજ ડેલીવાળા (મો.૯૮૨૪૧ ૧૪૪૩૯)ની યાદિમાં જણાવાયું છે.

## હાઈકોર્ટ

(પહેલા પાનાનું ચાલું)

મુસ્લિમ એક ધાર્મિક સંપ્રદાય છે અને ભારતમાં તેના પાંચ લાખથી વધુ અનુયાયી છે અને દુનિયાભરમાં ૧૦ લાખથી વધુ સદસ્યો છે. તેના ધાર્મિક વડાને દાઇ-અલ-મુતકલ તરીકે ઓળખવામાં આવે છે અને સૈયદના સાહેબ પણ કહેવાય છે. જેમાં પરમાં સૈયદના સાહેબ મહમદ બુરહાનુદીનનું નિધન તથા તેમના વારસદાર તરીકે તેમના પુત્ર મુફદ્દલ સૈફુદીનની નિયુકિત કરવામાં આવી છે જેની સામે પિતરાઇ અને તેમના પુત્રએ અદાલતી જંગ માંડયો હતો. દાઉદી વ્હોરા સિધ્ધાંત મુજબ ઉતરાધિકારીની નિયુકિત એક ઇશ્વરીય પ્રેરણાના માધ્યમથી કરવામાં આવે છે અને તે સમુદાયમાં કોઇપણ યોગ્ય વ્યકિતને 'નસ' વારસદાર તરીકે ગણવામાં આવે છે અને તેમાં લગભગ એક દસકાની લાંબી લડાઇ બાદ સૈયદના મુફદલ સૈફુદીનની પંથના વડા તરીકે નિયુકિતને માન્ય રાખવામાં આવી છે. લગભગ એક દસકાની લડાઇમાં સંપ્રદાયના અનેક સિધ્ધાંતો અને નિર્ણયોને ટાંકવામાં આવ્યા હતા જેમાં ન્યાયમૂર્તિ ગૌતમ પટેલે તેના આખરી ચુકાદામાં સૈયદના મુફદલ શૈફુદીનની નિયુકિતને માન્ય રાખી છે અને આ સાથે હાલ વિવાદનો અંત આવ્યો છે. વિશ્વના ૪૦ દેશોમાં પથરાયેલા આ સમુદાયની ગણના સૌથી સરળ વ્યકિતત્વ ધરાવતા સિયા મુસ્લિમ તરીકે ગણના થાય છે. અને ભારતમાં તે વિકાસના એક ભાગીદાર પણ બન્યા છે.

## ભેળસેળ

(છેલ્લા પાનાનું ચાલું)

ગ્રામ પેક)નો નમૂનો પણ નાપાસ જાહેર થતા હાલમાં કાર્યવાહી ચાલુ છે. જયારે રૈયા રોડ પર આવેલ રાધે કેટરર્સમાંથી ફરાળી લોટ (લુઝ), મનહરપ્લોટ ૧૦માં મંત્રમહેલમાંથી લેવામાં આવેલ ફરાળી લોટ, આર.એસ. ગૃહ ઉદ્યોગ ચુનારાવાડ શેરી નં.૧માંથી લેવામાં આવેલ દાઝયુ તેલ, દુધસાગર રોડ પર આવેલ આર.એસ. ગૃહ ઉદ્યોગમાંથી લેવામાં આવેલ ચણા (લુઝ) જયારે ઉમાકાન્ત પંડીત ઉદ્યોગનગર લક્ષ્મીનગર મેઈન રોડમાંથી લેવામાં આવેલ કેસર શિખંડ (લુઝ), કોઠારીયા મેઈન રોડ પર આવેલ જયકિશન ડેરી ફાર્મમાંથી લેવામાં આવેલ મીકસ દુધ (લુઝ) તથા સીતારામ ડેરી ફાર્મ મોરબી રોડ પરથી લેવામાં આવેલ શુધ્ધ ઘી (લુઝ) અને પરાબજાર મેઈન રોડ પર આવેલ અમૃત મુખવાસમાંથી લેવામાં આવેલ મીઠો મુખવાસ (૧ કિલો પેક)ના નમુના પણ ફેઈલ જાહેર થતા મહાપાલિકા દ્વારા કાર્યવાહી ચાલુ છે.

આ ઉપરાંત અમૃત મુખવાસમાંથી લેવામાં આવેલ પાનચુરી મુખવાસ (૧ કિલો પેક) પ્રકાશ સ્ટોર નવાનાકા રોડ પરથી લેવામાં આવેલ નંદા મુખવાસ હિરામોતી ફલેવર, આ જ સ્થળેથી લેવામાં આવેલ ફેન્સી મીઠો મુખવાસ તેમજ પુષ્કરધામ રોડ પર આવેલ ખોડીયાર ડેરી ફાર્મ એન્ડ નમકીનમાંથી લેવામાં આવેલ મીકસ દૂધ (લુઝ), ગીતગુર્જરી સોસાયટી મેઈન રોડ પર આવેલ ગાયત્રી ડેરી ફાર્મમાંથી લેવામાં આવેલ ડ્રાઈફ્રુટ કેસર શિખંડ, ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ રેડ એપલ ગાર્ડન રેસ્ટોરન્ટમાંથી મન્ચુરીયન ફ્રાઈડ જયારે જુના માર્કેટ યાર્ડમાં આવેલ શ્રીરામ માર્કેટીંગમાંથી લેવામાં આવેલ આઈશ્રી સોનલ બ્રાન્ડ સીંગતેલ અને રણછોડનગર-૫માં આવેલ મહેશ સ્કુલમાંથી લેવામાં આવેલ શુધ્ધ ઘી (લુઝ) જયારે મવડી પ્લોટમાં આવેલ ક્રિષ્ના ડેરી ફાર્મમાંથી લેવામાં આવેલ શુધ્ધ ઘી (લુઝ)ના સેમ્પલો પણ નાપાસ થતા મહાપાલિકા દ્વારા કાર્યવાહી ચાલુ છે.

## આંખો

(પહેલા પાનાનું ચાલું)

અને રિઝર્વ બેંક સાથે બેઠક કરવાનો નિર્ણય લેવાયો હતો. આ યોજના લાગુ કરવામાં અનેક પડકારો છે. મોતિયાના ઓપરેશન કરાયેલા હોય તેવા લોકોના કીકી આધારિત બાયોમેટ્રીક વેરીફીકેશન મુશ્કેલ હોય છે. સર્જરી બાદ તેઓની કીકીમાં બદલાવ આવતો હોય છે પરિણામે વેરીફીકેશન શકય નથી બનતુ.

આંખોની કીકી આધારીત વેરીફીકેશનની યોજના લાગુ થવાના સંજોગોમાં ખાસ કરીને સીનીયર સીટીઝનોને ફાયદો થઈ શકે છે. ઉંમર વધતા તેઓની ફિંગરપ્રિન્ટ આવી શકતી નથી. સૂચીત યોજના અંતર્ગત ગ્રાહકના ફીંગરપ્રિન્ટ તથા આંખોની કીકીને સ્કેન કરીને લીંક કરવામાં આવશે. હાલ આધાર સંલગ્ન પેમેન્ટ પ્રણાલીમાં પોઈન્ટ ઓફ સેલ (પીઓએસ) પર ઓનલાઈન ઈન્ટર ઓપરેબલ નાણાંકીય લેવડદેવડ આધારનો ઉપયોગ કરીને થાય છે.

## યુરોપ

(છેલ્લા પાનાનું ચાલું)

કાગળની કાર્યવાહી એક સાથે થઈ જશે.

**આ છે શેંગેન વિઝાન ફાયદાઃ**

શેંગેન વીઝાની મદદથી આપ ૧૮૦ દિવસના સમયગાળામાં વધુમાં વધુ ૯૦ દિવસ માટે શેંગોન વિસ્તારમાં સ્વતંત્ર રીતે યાત્રા કરી શકે છે. શરત એટલી જ છે કે આપ શેંગેન વિસ્તારમાં જઈને નોકરી ન કરતાં હો.શેંગોન વિસ્તારમાં ૨૯ યુરોપીય દેશ સામેલ છે. તેમાં બેલ્જીયમ, બુલ્ગારીયા, ક્રોએશીયા, ચેક ગણરાજય, ડેન્માર્ક, જર્મની, સ્પેન, ફ્રાન્સ, ઈટલી, લકઝમબર્ગ, હંગેરી, નેધરલેન્ડ, યુરોપ, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનીયા, આઈસલેન્ડ, નોર્વે, સ્વીટઝરલેડ વગેરે સામેલ છે.

## એવરેસ્ટ

(પહેલા પાનાનું ચાલું)

મુકી દીધો છે તો ભારતમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ દિલ્હી સહિતના વિસ્તારોમાંથી હળવા બ્રાન્ડેડ મસાલાના સેમ્પલીંગ શરુ કર્યા છે અને ટુંક સમયમાં તેનો લેબોરેટરી રિપોર્ટ આવી જશે. મસાલા બોર્ડના જણાવ્યા મુજબ એથીલીન ઓકસાઈડ એ ૧૦.૭ સેલ્સીયસની ઉપરના તાપમાનમાં જવલનશીલ રંગહીન ગેસ બને છે અને તેનો ઉપયોગ જંતુનાશક દવાઓમાં થાય છે. ઉપરાંત મેડીકલ સાધનોને સ્ટરીલાઈઝ કરવામાં પણ તેનો ઉપયોગ થાય છે અને તે ખાતર અને માટી ઉપરાંત કીચડના મીકસમાંથી આ ગેસ તૈયાર થાય છે. જે કેન્સર માટે કારણ બને છે.

## હેલીકોપ્ટર

(પહેલા પાનાનું ચાલું)

સંખ્યામાં નેવીના જવાનો હાજર હતા. દુર્ઘટના બાદ હેલીકોપ્ટરો નીચે પડતા નાસભાગ મચી ગઇ હતી અને ગણતરીની મીનીટોમાં જ રાહત બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. દુર્ઘટનાગ્રસ્ત હેલીકોપ્ટરોનો કાટમાળ હટાવવામાં આવ્યો હતો પરંતુ ૧૦માંથી એક પણ વ્યકિતને બચાવી શકાઇ ન હતી.

## કેજરીવાલ

(પહેલા પાનાનું ચાલું)

હોવાનો વિવાદ સર્જાયા બાદ અદાલતે કેજરીવાલને નિયમિત રીતે ઇન્સ્યુલીન મળે તે જોવા આદેશ આપ્યો હતો. હાલમાં આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહને જામીન મળ્યા બાદ હવે પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાને પણ જામીન મળશે તેવી આશા છે.

## પત્ની સાથે ઝઘડો થતાં પતિએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ, તા.૨૩

પત્નિ સાથે ઝઘડો થતાં પતિએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે માલવિયા પોલીસને જાણ કરી હતી. બનાવની વિગત મુજબ સિવિલમાં કોન્ટ્રાકટ બેઈઝમાં નોકરી કરતાં રોહિત સુરેશભાઈ ગતીયા (ઉ.વ.૩૦, રહે- લોધેશ્વર સોસાયટી પીડીએમ ફાટક પાસે, ગોંડલ રોડ) નામનાં યુવકે ગઈકાલ રાત્રિના પોતાનાં ઘરે ઝેરી દવા પી જતાં તાકીદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવકને તેની પત્ની સાથે ઝઘડો થયો હતો. જેથી ઘર કંકાસથી કંટાળી આ પગલુ ભર્યાનું પરિવારજનોએ જણાવ્યું હતું. તેઓને સંતાનમાં એક દિકરી છે.

# રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના મહિલા કર્મચારીને પતિ-સાસરિયાનો ત્રાસ

### ભાવિશાબેને ગાંધીનગર રહેતા પતિ ગૌતમ વણવી અને સાસુ-સસરા સામે ઉપલેટા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી

રાજકોટ, તા.૨૩

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના મહિલા કર્મચારીને પતિ અને સસરિયાએ ત્રાસ આપતા ગુનો નોંધાયો છે. ભાવિશાબેને ગાંધીનગર રહેતા પતિ ગૌતમ વાણવી અને સાસુ સસરા સામે ઉપલેટા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ફરિયાદી ભાવિશાબેન (ઉ.વ.૩૬)એ જણાવ્યું કે, મારા પિતાનું નામ ડાયાભાઇ ભોજાભાઈ ચૌહાણ છે. હું હાલ રાજકોટ લક્ષ્મી હોલ લક્ષ્મી શેરી નં-૪ નાના મૌવા રોડ ખાતે રહું છું. મારા માતા પિતા ઉપલેટા ભીમનગર સોસાયટી જુના પોરબંદર રોડ પર રહે છે. હાલ હું ઉપલેટા મારા માવતર સાથે રહું છું અને રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં નોકરી કરું છું. મારે સંતાનમાં એક દિકરો યુગ (ઉ વ.૫) તથા દિકરી વૈદા (ઉ.વ.૩) છે. બંને સંતાન મારી સાથે રહે છે. મારા લગ્ન ગઇ તા-૨૯/૧૧/૨૦૧૫ ના રોજ ગૌતમ બચુભાઇ વાણવી સાથે થયેલ. મારા લગ્ન દરમિયાન હું મારા પતિ સાથે ગાંધીનગર સી-૩૦૫ શ્યામસ્ટ્રી કો.પો.સોસયટી પોર રોડ પોદાર સ્કુલની સામે રહેતી હતી. પ્રથમ પુત્રના જન્મ બાદ હું ફરી સગર્ભા બની હતી. આ દરમિયાન અવાર નવાર પતિ ઝઘડો કરતા.

જેથી હું રીસામણે ઉપલેટા આવી ગઈ હતી. અહીં પુત્રીને જન્મ આપેલ. દરમિયાન અમારે સમાધાન થયેલ હોય જેથી હું મારા પતિ સાથે જુન ૨૦૨૧ મા ગાંધીનગર જતી રહેલ. ફરી પાછા મારા પતિ મને નાની મોટી બાબતોમા મારી સાથે બોલાચાલી કરતા હતા. સસરા બચુભાઇ દાનાભાઇ વાણવી મને અવાર નવાર પગાર આપવાનું કહેતા હતા. સાસુ શારદાબેન નાની મોટી બાબતોમાં મેણાટોણા મારતા હતા. પતિ અપશબ્દો કહી ઢીકાપાટુનો મુઢ માર મારતા. ત્રાસ દિન પ્રતિદિન વધતો ગયો અને તે દરમિયાન ગાંધીનગર મધ્યાન ભોજન વિભાગમાંથી પ્રમોશન મળતા રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી કરણસિંહજી હાઇસ્કુલમાં મારી બદલી થતા હું મારા સંતાનો સાથે રાજકોટ ભાડાના મકાનમાં રહેવા આવી ગયેલ હતી. પોલીસે પતિ, સાસુ અને સસરા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વોર્ડ નં.૩ સફાઈ કામગીરી સાથે સંકળાયેલા બહેનોની આ સહાય જૂથની રચના



રાજકોટ,તા.૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૩માં પંચશીલ નગર ખાતે તા.૨૨નાં રોજ માર્ગદર્શક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મીટીંગમાં સ્વ-સહાય જૂથની રચનાથી મહિલા નેતૃત્વ મજબુત બને અને જૂથ થકી થતા ફાયદાઓથી માહિતીગાર કરવામાં આવ્યા સાથોસાથ બહેનોને સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન,૩આર (રીડ્યુઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટના હોમ કોમ્પોસ્ટીંગ અંગેની માહિતી વોર્ડ ન.૧૩ નાં સેનેટરી સબ ઈન્સ્પેકટર વિશાલભાઈ કાપડિયા દ્વારા આપવામાં આવેલ તથા સ્વચ્છતા બાબતે શપત પણ લેવડાવવામાં આવેલ હતી.

આ સમગ્ર કામગીરીને સફળ બનાવવા પ્રોજેક્ટ ઓફિસર કાશ્મિરા વાઢેરનાં માર્ગદર્શનમાં સીનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રીમતિ એન.આર.કાથડ તથા સીનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર દિપ્તીબેન આગરીયા સમાજ સંગઠક ચૌહાણ પ્રતિક્ષાબેન એ જહેમત ઉઠાવેલ હતી.

# રામ ઔર શ્યામ આઝાદહિન્દ સહિત એક ડઝન ગોલાનાં ધંધાર્થીઓ ફૂડ શાખાની ઝપટે

## ૨૧–કિલો માવાની રબડીનો નાશઃ ફલેવર શીરપનાં ૩ સેમ્પલો લેવાયાઃ સિટી આઈસ્કીમ માંથી ૧૦૦ નંગ પડતર કેન્ડીનો પણ નાશઃ ફૂડ પોસ્ટમાંથી જીવાતવાળો લોટ, અને અખાદ્ય સલાડ–ગ્રેવી તથા બેકરી પ્રોડકટ ઝડપાયાઃ ૫૫ કિલો જથ્થાનો નાશ કરાયો







રાજકોટ,તા.૨૩

હાલ ઉનાળાની સિઝન ચાલી રહી હોય ફ્લેવર્ડ બરફ ગોલા, આઈસ્કીમનો વ્યાપક ઉપાડ થઈ રહ્યો છે. ત્યારે મહાપાલિકાની ફૂડ શાખા દ્વારા અનેક સ્થળે કરેલા ચેકીંગ દરમ્યાન અખાદ્ય જીવાત વાળો લોટ, પડતર કેન્ડી, ગોલામાં વપરાતી વાસી રબડી, વિગેરે નો નાશ કરાયો હતો.અને રામ ઔર શ્યામ ગોલા (કાલાવડ રોડ) તથા જયભવાની ડ્રાયફ્રૂટ ડિશ ગોલા (મહિલા કોલેજ ચોક) માંથી સ્ટ્રોબેરી અને કાચી કેરી ફ્લેવર સિરપનાં પણ ત્રણ સેમ્પલો લઈ અને લેબોરેટરી ચકાસણી માટે મોકલી આપેલ છે. આ અંગેની ફૂડ શાખાનાં સૂત્રો માંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ફૂડ પોસ્ટ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, અમીન માર્ગને છેડે, ગિરિરાજ હોસ્પિટલ સામે, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર સ્ટોર રૂમમાં સંગ્રહ કરેલ જીવાત વાળો લોટ ૪૫ કિ.ગ્રા., ફ્રીઝમાં રાખેલ સલાડ, ગ્રેવી ૫ કિ.ગ્રા. તથા એક્સપાયરી થયેલ બેકરી પ્રોડક્ટસ ૫ કિ.ગ્રા. વાસી અખાદ્ય જણાતા કુલ મળીને ૫૫ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સિટી આઇસ્કીમ, આશરા ચેમ્બર, રૈયા રોડ, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર ફ્રિઝમાં સંગ્રહ કરેલ એકપાયરી ડેટ વગર કે ઉત્પાદન ની વિગતો દર્શાવ્યા વગરની પડતર રહેલ રાજ બ્રાન્ડ કેન્ડી વાસી અખાદ્ય જણાતા કુલ ૧૦૦ નંગ પેકિંગ સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

ઉનાળાની સિઝનને અનુલક્ષીને કરવામાં આવેલ આઈસ ગોલા વેચાણ કરતાં એકમોના ચેકિંગ ડ્રાઈવ અંગે ફૂડ વિભાગ દ્વારા નીચે મુજબની વિગતે દર્શાવેલ કુલ-૧૨ એકમોની તપાસ કરવામાં આવેલ તેમજ બરફ ગોલામાં ઉપયોગ કરવામાં આવતી પડતર રહેલ માવાની રબડીનો કુલ ૨૧ કિ.ગ્રા. જથ્થો નાશ કરવામાં આવેલ તથા બરફ ગોલાના ફ્લેવર સીરપના કુલ -૦૩ નમૂના લેવામાં આવેલ.

આઝાદ હિન્દ ગોલાવાળા (ત્રિકોણ બાગ પાસે) -પડતર રહેલ માવાની રબડી ૦૩ કિ.ગ્રા. નો નાશ તથા લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ,રામ ઔર શ્યામ ગોલાવાલા (પેલેસ રોડ) - પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ, ગાત્રાળ આઈસગોલા (બોલબાલા માર્ગ) - પડતર રહેલ માવાની રબડી ૦૩ કિ.ગ્રા. નો નાશ તથા લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ, રામ ઔર શ્યામ ગોલાવાલા (ભક્તિનગર સર્કલ, ભક્તિનગર રોડ)- પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા હાઈજેનિક કન્ડિશન જાળવવા અંગે નોટિસ,રામ ઔર શ્યામ ગોલાવાલા (વીરભગતસિંહ શોપિંગ સેન્ટર, કોઠારીયા રોડ)- પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ આપવામાં આવેલ.

# શેરબજારમાં તેજીઃ વોડાફોનમાં રેકોર્ડબ્રેક ભરણા બાદ વિક્રમી વોલ્યુમ; ફયુચર-સ્પોટ ભાવમાં ૬૫ પૈસાનો તફાવત

### સેન્સેક્સ ઈન્ટ્રાડે ૭૪૦૦૦ને પારઃ હેવીવેઈટ–રોકડાના શેરો ઉંચકાયા

રાજકોટ તા.૨૩

શેરબજારમાં આજે તેજીની આગેકૂચ હતી. હેવીવેઈટ–રોકડા સહિત તમામ ક્ષેત્રોના શેરોમાં ધૂમ લેવાલીને પગલે સેન્સેક્સ ઈન્ટ્રાડે ૭૪૦૦૦ની સપાટી પાર કરી હતી.

શેરબજારમાં આજે માનસ સુધારાનુ હતુ. શરૂઆત જ પોઝીટીવ ટોને થઈ હતી. ઈરાન–ઈઝરાયેલ ટેન્શન બાદ હાલત નોર્મલ થઈ રહ્યાના સંકેતોથી રાહત હતી. ભારતીય અર્થતંત્ર ૨૦૨૫માં જ વિશ્વના ચોથા નંબરનું સ્થાન હાંસલ કરી લેવાના આઈએમએસના રિપોર્ટની સારી અસર હતી. ચૂંટણીમાં ફરી એમડીએ સહકાર રચાવાના સંકેતો તેજીને ટેકારૂપ બન્યા હતા. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે કોર્પોરેટ પરિણામો સારા આવતા હોવાથી આવનારા ગાળામાં અર્થતંત્રને વધુ વેગ મળવાના આશાવાદથી પ્રિ-ઈલેકશન રેલી છે માનસ તેજીમય જ રહ્યું છે.

શેરબજારમાં આજે આઈડીયા-વોડાફોનના એફપીઓમાં જંગી રોકાણ ઠલવાયાના રિપોર્ટની સારી અસર હતી. ૧૮૦૦૦ કરોડનો ઈસ્યુ સાત ગણો ભરાયો હતો. નાણાં સંસ્થાઓએ અઢળક રોકાણ ઠાલવ્યાનું સૂચક ગણાવવામાં આવતું હતું. ટાટા ટેકનોલોજી બાદ આઈડીયા વોડાફોનમાં સૌથી વધુ રોકાણનો રેકોર્ડ સર્જાયો હતો તેની માર્કેટ પર સારી અસર હતી. મહત્વની વાત એ બની હતી કે કંપનીનો શેર ૧૦ ટકાથી વધુ ઉંચકાયો હતો. ફયુચર માર્કેટ કરતા કેશ માર્કેટનો ભાવ ૬૫ પૈસા વધુ હતો તેના પરથી ફયુચરમાં મોટા વેચાણની પોઝીશનનું ચિત્ર હતું. મોટાપાયે શોર્ટ કવરીંગ હોવાનું કહેવાતુ હતું. માત્ર એનએસઈમાં જ ૨૧૪ કરોડ શેરોના જંગી વેપાર થયા હતા. શેરબજારમાં આજે ભારતી એરટેલ, એચસીએલ ટેકનો, ઈન્ફોસીસ, કોટક બેંક, મારૂતી, નેસલે, એનટીપીસી, પાવર ગ્રીડ, ટાટા મોટર્સ, ટીસીએસ, ટાઈટન, એશિયન પેઈન્ટસ, હિન્દ લીવર, સ્ટેટ બેંક, ગ્રાસીમ, કોચીન શીપ, સુઝલોન જેવા શેરો ઉંચકાયા હતા. એચડીએફસી બેંક, લાર્સન, મહીન્દ્ર, રીલાયન્સ, બજાજ ફાઈનાન્સ, સનફાર્મા, ભારતી પેટ્રો, એપોલો હોસ્પીટલમાં ઘટાડો હતો. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૬૯ પોઈન્ટના ઉછાળાથી ૭૩૮૧૭ હતો તે ઉંચામાં ૭૪૦૫૯ તથા નીચામાં ૭૩૭૦૭ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૫૬ પોઈન્ટના સુધારાથી ૨૨૩૯૨ હતો તે ઉંચામાં ૨૨૪૪૭ તથા નીચામાં ૨૨૩૫૫ હતો.

# પરા બઝારમાં કુખ્યાત શખ્સોનો આતંકઃ નાસ્તાની લારી બંધ કરાવવાનું કહીં વેપારીને મારમાર્યો

## આરીફ, આશીફ અને ઘોઘાએ આઝાદ ગોલા બંધ કરાવી ૪૦ વર્ષથી જલારામ ભેળ હાઉસમાં ઘસી જઈ તોડફોડ કરી હુમલો કરતા વેપારીનો હાથ ભાંગી ગયો : એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં

રાજકોટ. તા.૨૩

પરા બઝારમાં કુખ્યાત શખ્સો આરીફ, આશીફ અને ઘોઘાએ આતંક મચાવ્યો હતો. આઝાદ ગોલા બંધ કરાવી ૪૦ વર્ષથી જલારામ ભેળ હાઉસમાં ઘસી જઈ તોડફોડ કરી હુમલો કરતા વેપારીનો હાથ ભાંગી ગયો હતો. બનાવ અંગે એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બનાવ અંગે ભાભા હોટેલ પાછળ શ્વેતા શ્યામ એપાર્ટમેન્ટમાં રહેતાં વિમલભાઇ નાનાલાલભાઈ ભગદેવ (ઉ.વ.૪૬) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે આસીફ, આશીક અને ઘોઘોનું નામ આપતાં એ. ડિવિઝન પોલીસે આઈપીસી ૩૨૫,૫૦૪, ૪૨૭ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પરા બજાર નાગરીક બેંક ચોકમા જય જલારામ ભેળ હાઉસના નામે ૪૦ વર્ષથી ધંધો કરે છે. દરરોજ રાત્રીના આઠ વાગ્યાથી બે ત્રણ વાગ્યા સુધી ભેળ તથા નાસ્તાનુ વેચાણ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. ગઇ રાત્રીના સવા આઠેક વાગ્યાની આસપાસ તેઓ નાસ્તાની લારીએ આવી ગયેલ હતાં અને ત્યા નાસ્તાનુ વેચાણ કરતાં હતા ત્યારે રાત્રીના સાડા અગીયારેક વાગ્યાની આસપાસ નાસ્તાની લારીએ ગ્રાહકોની ભીડ હતી. દરમિયાન તેઓની નાસ્તાનો લારીએ અવર નવાર નાસ્તો કરવાં આવતાં આરીફ, આશીફ અને ઘોઘો નામના શખ્સો ઘસી આવેલ અને જોરથી રાડો પાડીને બોલવા લાગેલ કે, તુ તારી નાસ્તાની લારી બંધ કરી દે તેમ કહેતાં તેમને કહેલ કે, હા હું હમણા બંધ કરૂ છું, તેમ કહેતા નાસ્તાની લારીના આગળના ભાગે તથા લારીમા રહેલ વાસણોમા તોડ ફોડ કરવા લાગેલ અને આ તારી લારી બંધ કરી દે તેમ કહીને ગાળો આપી હતી.

ઉપરાંત આરોપીના હાથમા રહેલ લોખંડનો પાઇપ મારતા ગંભીર ઇજા પહોંચી હતી. દરમિયાન આસપાસમાં લોકો દોડી આવતાં આરોપીઓ નાસી છૂટ્યા હતાં. એકઠાં થયેલ લોકોએ ઈજાગ્રસ્ત વેપારીને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, આરોપીઓએ પહેલાં તેમની દુકાનની આગળ આવેલ આઝાદ ગોલાની દુકાન પણ બંધ કરાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# હોર્ન વગાડવા મામલે બાઈકને આંતરી પાંચ શખ્સોએ યુવક અને તેના મિત્રોને ઓફિસમાં લઈ જઈ મારમાર્યો

## ઈન્દિરા સર્કલ નજીક ઉદય ઓટો કન્સલ્ટન્ટ ઓફિસનો બનાવઃ અજાણ્યાં શખ્સોએ યુવાન પર ગન તાકી કહ્યું તમે કાઠી સામે આવ્યા છો, મિત્રોને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યાઃ યુનિવર્સિટી પોલીસે એટ્રોસિટી એકટ હેઠળ ગુનો નોંધી આરોપીની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી

રાજકોટ. તા.૨૩

ઈન્દિરા સર્કલ નજીક વાહનનું હોર્ન વગાડવા પ્રશ્ને ઝગડો થયા બાદ યુવક અને તેના બે મિત્રોને ઓફિસમાં લઈ જઈ ધોકા વડે મારમારી ગન બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાથે રહેલા યુવકના બે મિત્રોને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરતાં યુનિવર્સિટી પોલીસ મથકે એટ્રોસિટી એક્ટ સહિતની કલમ હેઠળ ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે નાણાવટી ચોક પાસે આર.એમ.સી. ક્વાર્ટરમાં રહેતા અને ઝોમેટોમાં નોકરી કરતા હિમાંશુ મુકેશભાઈ મુલીયા (ઉ.વ.૨૨) નામના યુવકે પાંચ અજાણ્યા શખ્સો સામે યુનિવર્સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત રાત્રીના નવેક વાગ્યે હું અને મારો મિત્ર કરણ વાઘેલા બાઈક લઈને ઘરે જતા હતા ત્યારે કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર પાસે પહોંચતા પાછળ ત્રણ સવારીમાં આવતા બાઈક સવાર જોર જોરથી હોર્ન વગાડતા હોવાથી અમે કોટેચા ચોક પાસે બાઈક ધીમું પાડી દીધું હતું. આથી આરોપી ત્રણેય આગળ નીકળી ગયા હતા બાદમાં મેં પાછળથી હોર્ન વગાડતા તેઓને સારું નહીં લાગતા કેકેવી હોલથી ઇન્દિરા સર્કલ વચ્ચે બાઈક ઉભું રાખીને ઉભા હતા ત્યારે આરોપી ત્રણ સવારી બાઈકમાં આવેલા શખ્સોએ ગાળ આપી હતી, તેમને ગાળ આપવાની ના પાડતા બાજુની શેરીમાં તેઓને બોલાવતા તેમની સાથે રહેલો મિત્ર કારણ ભાગી ગયો હતો.

બાદમાં તેઓએ તેમના મિત્ર અનિલ વાઘેલા, શૈલેષ વાજા, આદિલ પાડ્યાને ફોન કરતા તે દોડી આવ્યા હતાં. ત્રણેય શખ્સો અમારી સાથે ઝગડો કરી ઢીકાપાટુનો મારમાર્યો હતો. દરમિયાન સફેદ કલરની એક કાર ઘસી આવી હતી અને તેમાંથી ઉતરેલા બે શખ્સો પણ ઝગડો કરવા લાગ્યા હતા. દરમિયાન આરોપીઓ મને અને મારા બંને મિત્રોને નજીકમાં આવેલી ઉદય કન્સલ્ટન્સી નામની ઓફિસમાં લઇ ગયા હતા ત્યાંથી મિત્ર આદિલ ભાગી ગયો હતો. અને અમને ત્રણેયને પાંચેય શખ્સોએ ધોકા વડે આડેધડ માર મારવા લાગ્યા હતા. તેમજ નામ પૂછતાં નામ જણાવ્યા હતા. જેમાં મારા મિત્ર અનિલ વઘેરા અને શૈલેષ વાજાને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી તમે કાઠી સામે આવ્યા છો કહી, ગન બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન મિત્ર સાહિલ પંડ્યા પોલીસની ૧૦૦ નંબર ગાડી સાથે આવ્યો હતો અને ૧૦૮ માં ફોન કરી સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાવી હતી. અમને માર મારતા મારા ફોનની ડિપ્સલે તોડી નાખતા રૂ.૨૫૦૦ નું નુકસાન પણ કર્યું હતું.

પોલીસે યુવકની ફરિયાદના આધારે અજાણ્યા પાંચ શખ્સો સામે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

### સામાકાંઠે ૧૨ વર્ષની બાળકીની જાતીય સતામણી કરનાર રીક્ષાચાલક કરણ બાવાજીની ધરપકડ

રાજકોટ,તા.૨૩

સામાકાંઠે આવેલ વિસ્તારમાં ૧૨ વર્ષની બાળકીની જાતીય સતામણી કરનાર રીક્ષાચાલક કરણ બાવાજીની બિ.ડીવીઝન પોલીસે ધરપકડ કરી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.બનાવ અંગે સામાકાંઠે એક વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય મહીલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કરણ સુરેશદાસ રામાવત (રહે.મંછાનગર ખોડીયાર ગૌશાળામાં જૂના માર્કેટ યાર્ડની પાછળ)નું નામ આપતાં બિ.ડીવીઝન પોલીસે આઈપીસી ૩૫૪ (ડી),૫૦૪ અને પોક્સોની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે તેમની ૧૨ વર્ષની પુત્રી સ્કૂલે અથવા શેરીમાં જતી હોય ત્યારે આરોપી છેલ્લા એક મહીનાથી તેમની પાછળ જઈ જાતીય સતામણી કરી બાળકીને આંખથી બિભત્સ ઈશારા કરી હાથ પકડી છેડતી કરતો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, આરોપી રીક્ષા ચાલક છે. અને બે સંતાનનો પિતા હોવાનું સામે આવ્યું હતું.

# હિન્દુ નામ ધારણ કરી વિધવા મહિલા પર દુષ્કર્મ આચરનાર કુખ્યાત યાસીન ઉર્ફે ભુરો ઝડપાયો

રાજકોટ તા.૨૩



રાહુલ પ્રજાપતિ નામ ધારણ કરી વિધવા મહિલા પર અનેકવાર દુષ્કર્મ કરનાર કુખ્યાત હીસ્ટ્રીશીટર યાસીન ઉર્ફે ભુરાની ક્રાઈમ બ્રાંચની ટીમે સાંઢીયા પુલ પાસેથી ધરપકડ કરી હતી.

બનાવ અંગે ભોગ બનનાર મહિલાએ મહિલા પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે તેમને ૧૮ વર્ષ પહેલા લવમેરેજ કર્યા હતા બાદમાં તેમના પતિએ આપઘાત કરી લીધો હતો. આઠેક વર્ષ પહેલા મોબાઈલ રીચાર્જ કરવા ગયેલ ત્યારે યાસીન ઉર્ફે ભુરાનો પરીચય થતા મોબાઈલ નંબરની આપ-લે થઈ હતી. જેથી અવારનવાર તેની સાથે વાતચીત કરી એકબીજાને રૂબરૂ મળતા હતા.

સાથે તેણીનો પુત્ર પણ મળવા આવતો હોવાથી તેણે કહ્યું હતું કે મમ્મી આને ડેડી કહું જેના કારણે યાસીન ઉર્ફે ભુરા પ્રત્યે લાગણી થતા તેનું નામ પુછતા રાહુલ કહ્યું હતું. એટલું જ નહીં પોતે હિન્દુ હોવાનું અને છુટાછેડા થઈ ગયા હોવાનું કહ્યું હતું અને સાથોસાથ પોતાના પરીવારના સભ્યો સાથે પણ મુલાકાત કરાવી હતી. બાદમાં કહ્યું કે આપણે રીલેશનશીપમાં રહી બાદમાં લગ્ન કરી લેશું. દરમ્યાન તેને લગ્નની લાલચ આપી મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધતો હતો ત્યાર બાદ યાસીન ઉર્ફે ભુરાની ગુજસીટોકમાં અટકાયત થઈ હતી. જેમાં સાડા ત્રણ વર્ષ સુધી જેલમાં રહ્યો હતો. થોડા સમય પહેલા જેલમાંથી છુટી ઘરે આવ્યો ત્યારે પરીવારજના સભ્યોએ તેના વિશે મોબાઈલ ફોનમાં કોઈની સાથે વાતચીત કરતી હોવાની ચડામણી કરતા શંકા કુશંકા કરી મારકૂટ શરૂ કરી દીધી હતી. તેમજ તેણી નાના મોટા કામ કરી જે પણ કંઈ કમાતી તે યાસીન લઈ બળજબરીથી વાપરી નાખતો હતો. લગ્નનું કહેતા એટલું જ નહીં મકાનમાં જે રહે છે તેના કાગળો જબરદસ્તીથી લઈ ફાડી સળગાવી નાખ્યા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરી હેઠળ પીએસઆઈ ડી.સી. સાકરીયા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના એએસઆઈ રણજીતસિંહ પઢારીયા, હે.કો. સંજય દાફડા અને હરદેવસિંહ રાઠોડને મળેલ ચોકકસ બાતમીના આધારે કુખ્યાત આરોપી યાસીન ઉર્ફે ભુરો ઓસમાણ કઈડા રહે. લાખાબાપાની વાડી, કમેટી ચોક પાસે જામનગર રોડને સાંઢીયા પુલના ખુણા પાસેથી પકડી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે કુખ્યાત આરોપી યાસીન ઉર્ફે ભુરા વિરૂધ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં મારામારી, હત્યાનો પ્રયાસ, લુંટ સહિતના ગુનાઓ નોંધાયેલ છે. તેમજ ગુજસીટોક હેઠળ પણ જેલની હવા ખાઈ આવેલ છે.

### ૧૫૦ રિંગ રોડ, ઈમ્પીરીયલ હાઈટ્સ પાસે, અર્જુન પાર્કમાં બનેલી ઘટના

# સિદ્ધાર્થ કયાડાના બંગલે પાણીના ટાંકામાં પડી જતા ૪ દીકરીના પિતાનું કરૂણ મોત

## જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટરમાં રહેતો મહેશ ચૌહાણ તેની પત્ની સાથે ટાંકાની સફાઈ કરવા માટે ગયો હતો, બનાવથી પરિવારમાં કલ્પાંત | બનાવની જાણ થતા ફાયરબ્રિગેડની ટીમ દોડી ગઈ હતી, તત્કાલ મહેશને બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો



રાજકોટ, તા.૨૩

શહેરના ૧૫૦ રિંગ રોડ, ઈમ્પીરીયલ હાઈટ્સ પાસે, અર્જુન પાર્કમાં સિદ્ધાર્થ ક્યાડાના બંગલે પાણીના ટાંકામાં

પડી જતા ૪ દીકરીના પિતા મહેશ રમેશભાઈ ચૌહાણનું કરુણ મોત થયું હતું. બનાવની જાણ થતા ફાયરબ્રિગેડની ટીમ દોડી ગઈ હતી. તત્કાલ મહેશને બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટરમાં રહેતો મહેશ ચૌહાણ તેની પત્ની સાથે સિદ્ધાર્થ ક્યાડાના બંગલે ટાંકાની સફાઈ કરવા માટે ગયો હતો. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો છે.

કરું ઘટનાની વિગત મુજબ અંગે મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે, મહેશ ચૌહાણ(ઉ.વ.૨૮) વોર્ડ નં.૮માં સફાઈ કામદાર તરીકે કોન્ટ્રાકટ બેઈઝ પર નોકરી કરે છે અને નોકરી બાદ સાઈડમાં પ્રાઈવેટ કોમ્પલેક્ષ, બંગલા વગેરેમાં સફાઈનું કામ કરે છે. અર્જુન પાર્કમાં આવેલ સિધ્ધાર્થ ક્યાડાના બંગલે ભો ટાંકો સાફ કરવાનો હતો. બંને પતિ પત્ની આ ટાંકો સાફ કરવા ગયા હતા. ત્યારે મહેશ ટાંકામાં પડ્યો હતો પણ અચાનક ડૂબવા લાગતા તેની પત્નીએ તુરંત આસપાસના લોકોને જાણ કરી હતી કોઈએ ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડના કર્મીએ પાણી ભરેલા ટાંકામાં પડી મહેશને બેભાન હાલતમાં બહાર કાઢ્યો હતો. તત્કાલ તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવમાં આવ્યો હતો પણ ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે માલવીયાનગર પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી વધુ તપાસ તજવીજ હાથ ધરી છે. મૃતક બે બહેનોનો એકનો એક ભાઈ હતો. તેને સંતાનમાં ચાર દીકરી છે. ૪ દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો હતો.


### સપ્તાહ પહેલા આ ચકચારી બનાવ બન્યો હતો

# કસ્ટડીયલ ડેથઃ ભાગી છુટેલો એએસઆઈ અશ્વિન કાનગડ સામેથી હાજર થઈ ગયો

## આરોપીને ક્રાઈમ બ્રાંચે માલવીયાનગર પોલીસને સોંપ્યો : રિમાન્ડ માટે તજવીજ કરાશે

રાજકોટ, તા.૧

માલવીયાનગર પોલીસ મથકના કસ્ટડીયલ ડેથ મામલે ભાગી છુટેલો આરોપી એએસઆઈ અશ્વિન કાનગડ સામેથી હાજર થઈ ગયો હતો. આરોપીને ક્રાઈમ બ્રાંચે માલવીયાનગર પોલીસને સોંપ્યો છે. હવે તેની રિમાન્ડ માટે તજવીજ કરાશે.

આરોપી એએસઆઈ પકડાયા અંગે માહિતી આપતા ડીસીપી ક્રાઈમ, મૃતકનું ફાઈલ ફોટો.

બનાવની ટૂંકી વિગત મુજબ, ગત તા.૧૪ એપ્રિલની રાત્રે પાડોશીની માથાકૂટમાં સમાધાન કરાવવા ઘર પાસે શેરીમાં ગયેલા હમીર ઉર્ફે ગોપાલ દેવજીભાઇ રાઠોડ(ઉ.વ.૩૪)ને માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ ઉઠાવી ગયો હતો. તેની સાથે અન્ય એક યુવાને પણ પોલીસ મથકે લઈ ગયા હતા. હમીરને બેફામ માર મારવામાં આવેલો. જયારે સાથેના યુવાન રાજેશ સોલંકીને પણ માર મારવામાં આવેલો. રાત્રે પરિવારના લોકો પોલીસ મથકે ગયા હતા. પોલીસે છોડી મુકતા હમીરને ઘરે લાવવામાં આવેલ. પોલીસ મથકે એએસઆઈ અશ્વિન જેઠા કાનગડે બેફામ માર માર્યો હતો. સવારે હમીર નીંદરમાંથી ન જાગતા તેને વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

૧૫મીએ માલવીયાનગર પોલીસ દ્વારા જાણી જોયને આરોપી એએસઆઈના નામ વગરની એફઆઈઆર નોંધી હતી અને તેમાં આઇપીસી ૩૦૭ અને ૩૨૩ની કલમ દર્શાવી હતી. ૧૬મીએ સવારે હમીરનું સારવારમાં મોત નીપજ્યું હતું. બનાવના પગલે અનુસૂચિત જાતિ સમાજના લોકો રોષ ભેર એકત્ર થયા હતા. એફઆઈઆરમાં આરોપીનું નામ ન હોય, અને આરોપીને પકડવામાં ન આવ્યો હોય મૃતદેહ સ્વીકારવા ઈન્કાર કરાયો હતો. હોસ્પિટલ ચોકમાં બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમા પાસે મૃતદેહ રાખી દેખાવો કરાયા હતા. ત્યાં પથ્થર મારો અને તોડફોડ થઈ હતી. એટ્રોસિટી એકટ અને હત્યાની કલમો ઉમેરે એએસઆઈ અશ્વિનના નામ જોગ કોર્ટમાં રિપોર્ટ કરાતા અને ૪૮ કલાકમાં આરોપીને પકડવા ખાતરી આપાતા મૃતદેહ સ્વીકારવામાં આવેલ. જોકે ઘટનાના સપ્તાહ પછી પણ પોલીસ આરોપીને પકડી શકી નહોતી. સૂત્રોએ જણાવ્યું કે, આરોપી સામેથી ક્રાઈમ બ્રાંચ સમક્ષ હાજર થઈ ગયો હતો. ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ જણાવ્યું કે, આરોપી એએસઆઈને માલવીયાનગર પોલીસને સોંપવામાં આવેલ છે. ઉલ્લેખનીય છેકે, આરોપી એએસઆઈને ડિસમિસ કરવા, ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચલાવી ૬ મહિનામાં જ ચુકાદો લાવવા અને રાજકોટ ઘંટેશ્વર એસઆરપી જૂથના સેનાપતિ આઈપીએસ સુધા પાડેને તપાસ સોંપવા અનુસૂચિત જાતિ સમાજના લોકોએ માંગ કરી છે.

### ૭૦ ટકા મતદાનનો લક્ષ્યાંક પૂર્ણ કરવા રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર સામે પડકારો, મતદાન જાગૃતિના કાર્યક્રમો પર જોર

# ૨૩.૫૦ લાખ મતદારોને ડોર ટુ ડોર મતદાર સ્લીપનું વિતરણ શરૂ : તા. ૨ સુધીમાં કામગીરી પૂર્ણ કરવા આદેશ

**૨૨૨૫ બી.એલ.ઓ.ને કામે લગાડાયા : સૌપ્રથમવાર ગુગલ મેપ-QR કોડવાળી મતદારોને સ્લીપ : ૧૧ ઓકઝીલીયરી મતદાન મથકો તૈયાર કરાયા**

રાજકોટ, તા. ૨૩

રાજકોટ લોકસભા બેઠકનું ચૂંટણી ચિત્ર ગઇકાલે સ્પષ્ટ થયા બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજથી ૨૩.૫૦ લાખ મતદારોને ડોર ટુ ડોર મતદાર સ્લીપનું વિતરણ શરૂ કરી દેવામાં આવેલ છે. આ મતદાર સ્લીપના વિતરણની કામગીરી તા. ૨ સુધીમાં પૂર્ણ કરી દેવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી દ્વારા આદેશ આપવામાં આવેલ છે.

મતદારોને આ વખતે સૌપ્રથમવાર ગુગલ મેપ-કયુઆર કોડવાળી મતદાર સ્લીપ આપવામાં આવી રહી છે. જેના થકી મતદારોને તેમના વિસ્તારોના મતદાન બુથ શોધવામાં આસાની થશે. મતદારો સહેલાઇથી મતદાન કરવા માટે મતદાન બુથ પર પહોંચી શકશે. રાજકોટ લોકસભા બેઠકની આ ચૂંટણી માટે ૨૨૨૫ મતદાન મથકો તૈયાર કરાયા છે. તેની સાથોસાથ ૧૧ ઓકઝીલીયરી (હંગામી) મતદાન મથકો તૈયાર કરાયા છે.

મતદારોને મતદાર સ્લીપ ૨૨૨૫ બીએલઓને કામે લગાડી દેવામાં આવેલ



છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આ વખતે મહિલા સંચાલિત મતદાન મથક ૫૬ (દરેક વિધાનસભામાં ૭), પીડબલ્યુડી સંચાલિત મતદાન મથક ૮, યુવા સંચાલિત મતદાન મથક ૧ (૭૦-રાજકોટ દક્ષિણ) તેમજ મોડલ પોલીસ સ્ટેશન ૮ તૈયાર કરાયા છે તેમજ ૧૧૧૮ મતદાન મથકો પર વેબકાસ્ટીંગ કરવામાં આવનાર છે.

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આ વખતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૭૦ ટકા મતદાનનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. પરંતુ આગામી મે માસમાં ગરમીના પ્રકોપના કારણે મતદાનની ટકાવારી ઘટે તેવી શકયતા નકારી શકાતી નથી. જોકે વહીવટી તંત્ર દ્વારા ગત વિધાનસભાની ચૂંટણીમાં જયાં ઓછું મતદાન થવા પામેલ હતું. તેવા વિસ્તારોની ખાસ યાદી તૈયાર કરવામાં આવી છે અને આવા વિસ્તારોમાં મતદાનની ટકાવારી વધે તે માટે વિશેષ જોર આપવામાં આવી રહ્યું છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી તેમજ અધિક કલેકટર મુછારના માર્ગદર્શન હેઠળ રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં મતદાર જાગૃતિના કાર્યક્રમોને વેગ આપવામાં આવી રહ્યો છે. તેની સાથોસાથ આચારસંહિતાના ચુસ્ત અમલીકરણ માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ગઇકાલે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે રાજકોટ લોકસભા બેઠકનો ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બની જવા પામેલ હતું. રાજકોટ લોકસભા બેઠક પર ભાજપ કોંગ્રેસ સહિત ૯ ઉમેદવાર વચ્ચે જંગ ખેલાશે. જેમાં મુખ્ય જંગ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે ખેલાશે.

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી ન્યાયી અને પારદર્શકતાથી યોજાઇ તે માટે ચૂંટણી તંત્ર દ્વારા કમર કસી દેવામાં આવી છે. આ ચૂંટણીમાં ૨૩.૫૦ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

## બપોરે EVMનું સેકન્ડ રેન્ડમાઇઝેશન

**ઉમેદવારોની ઉપસ્થિતિમાં ૩૬૦૨ બીયુ,૨૯૭૬ સીયુ અને ૩૪૮૯ વીવીપેટને બુથ ફાળવાયા**

રાજકોટ, તા. ૨૩

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી માટે આજે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી તેમજ અધિક કલેકટર (ચૂંટણી) મુંછાર દ્વારા ઇવીએમનું સેકન્ડ રેન્ડમાઇઝેશન ઉમેદવારોની ઉપસ્થિતિમાં આજે બપોરના જિલ્લા કલેકટર કચેરી ખાતે કરવામાં આવેલ હતું.

જેમાં ૩૬૦૨ બીયુ ૨૯૭૬ સીયુ અને ૩૪૮૯ વીવીપેટને બુથ ફાળવી દેવામાં આવેલ હતા. અહીં એ ઉલ્લેખનીય છે કે અગાઉ ઇવીએમના પ્રથમ રેન્ડમાઇઝેશનના વોટીંગ મશીનોને વિધાનસભા વિસ્તાર ફાળવવામાં આવેલ હતા. જે બાદ આજે બીજુ રેન્ડમાઇઝેશન હાથ ધરી ઇવીએમ, બીયુ અને વીવીપેટને મતદાન બુથોની ફાળવણી કરી દેવામાં આવી હતી.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે ચૂંટણીની કામગીરી માટે ચૂંટણી સ્ટાફના પણ પ્રથમ અને દ્વિતીય રેન્ડમાઇઝેશનની પ્રથમ અને દ્વિતીય રેન્ડમાઇઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

## મતદાન બુથો પર EVM સાથે 'અવિલોપ્ય શાહી' સહિત થોકબંધ મતદાન સામગ્રી પણ મોકલાશે

**બ્રેઇલ મતપત્રો, વૈધાનિક-બીનવૈધાનિક કવર, મેટલ સીલ, મોકપોલ સ્લીપ, રબ્બર સ્ટેમ્પ સહિતની ચીજવસ્તુઓનો સમાવેશ**

રાજકોટ, તા. ૨૩

રાજકોટ લોકસભાની ચૂંટણીના મતદાન મથકો પર ઇવીએમ મશીનોની સાથે થોકબંધ મતદાન સામગ્રી પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પહોંચાડવામાં આવનાર છે. આ તમામ સામગ્રી રાજકોટ ખાતે આવી પહોંચી છે. જેમાં મતદારો મતદાન આપવા જાય છે શાહીનું ટપકુ કરવામાં આવે છે. તે અવિલોપ્ય શાહી ઉપરાંત મત કુટીર, મતોની યાદી, વૈધાનિક અને બીનવૈધાનિક પુસ્તિકા, ઉમેદવાર માહિતી પુસ્તિકા, પરબીડીયા, વૈધાનિક કવર, બીનવૈધાનિક કવર, બીયુ, સીયુ અને વીવીપેટ માટે સામાન્ય સરનામા ટેગ્જ, ઇવીએમ માટે ગ્રીન પેપર સીલ્સ, ચોકડીની નિશાનીવાળા રબ્બર સ્ટેમ્પ, મતદાન મથકના પ્રમુખ અધિકારી માટે મેટલ સીલ, વિશિષ્ટ ચિન્હ રબ્બર સ્ટેમ્પ, મોકપોલ સ્લીપ રબ્બર સ્ટેમ્પ, બ્રેઇલ મતપત્રો, ઇવીએમ અને વીવીપેટ ઉપર મત કેવી રીતે આપવો તે અંગેનું પોસ્ટર, સ્ટેમ્પ પેડ, દિવાસળીની પેટી, સાઇન બોર્ડ, પેન્સીલ, કોરા કાગળ, લાખ, ગમ પેસ્ટ, મીણબતીઓ, કાર્બન પેપર સહિતની થોકબંધ સામગ્રી મતદાન મથકો પર ચૂંટણી તંત્ર દ્વારા પહોંચાડાશે.

## ચૂંટણી પંચની 'સુવિધા એપ્લિકેશન'માં ગોટાળા : વાહન પરમીટ નીકળતી જ નથી

**કોંગ્રેસના ચૂંટણી એજન્ટ કાનાબારનો આક્ષેપ : માન્ય રાજકીય પક્ષને એક મતદાર યાદી અપાઇ છે, બીજી જોઇએ તો રૂા. ૬૫૦૦૦ ચુકવવા ફરજીયાત**

રાજકોટ, તા. ૨૩

લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારોને વાહનોની પરમીટ સહિતની સુવિધાઓ મેળવવામાં સરળતા રહે તે માટે ચૂંટણી પંચ દ્વારા સુવિધા એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. પરંતુ આ સુવિધા એપ્લિકેશનમાં ગોટાળા રહેલા હોય, વાહનની પરમીટ કઢાવવા સહિતની સુવિધા મેળવવામાં ભારે હાડમારી પડી રહી છે. તેમ રાજકોટ લોકસભા બેઠકના ચૂંટણી એજન્ટ પંકજભાઇ કાનાબારે જણાવ્યું હતું.

તેઓએ જણાવ્યું હતું કે મતદાર યાદી માન્ય રાજકીય પક્ષોને એક એક નકલમાં આપવામાં આવે છે. પરંતુ જો બીજી નકલ મતદાર યાદીની જોઇતી હોય તો તેની કિંમત રૂા. ૬૫૦૦૦ નિયત કરવામાં આવેલ છે જેથી આ રકમ ચૂંટણી પંચને ચૂકવવી ફરજીયાત છે. તેઓએ વિશેષમાં જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો માટે તમામ વિધાનસભા વિસ્તારોની વાહન પરમીટ આપવી જરૂરી છે. પરંતુ આ પરમીટ મેળવવામાં ઉમેદવારોને અને તેમના પ્રતિનિધિઓને મુશ્કેલી પડી રહી હોય, આ બાબતે કાર્યવાહી કરવી આવશ્યક છે.

### ફિલ્મ અભિનેતા સલમાનનાં ઘર બહાર ફાયરીંગ કેસની તપાસમાં

## તાપી નદીમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચનું સર્ચ ઓપરેશનઃ બંને આરોપીઓએ ફેંકી દીધેલ બે પિસ્તોલ-ચાર કાર્ટીઝ શોધી કાઢયા

**બોટ, મરજીવા અને કેમેરાની મદદથી નદી ફેંદી નાખીઃ બંને શુટરોએ ભુજ જતા પહેલા પિસ્તોલ-કાર્ટીઝ ફેંકી દઈ અનમોલને વિડીયો કોલ કર્યો હતો**



સુરત તા.૨૩

મુંબઈમાં ગત તા.૧૪ એપ્રિલનાં રોજ ફિલ્મ અભિનેતા સલમાનખાનના ઘર ઉપર ફાયરીંગ કરી બાઈકમાં નાસી ગયેલા અને કચ્છમાંથી ઝડપાયેલ બંને આરોપીઓનો મુંબઈ ક્રાઈમ બ્રાંચે કબ્જો લીધા બાદ પુછપરછમાં બંને આરોપીઓએ સુરત તાપી નદીમાં બે પિસ્તોલ ચાર કાર્ટીઝ મોબાઈલ ફેંકી દીધાની કબુલાત આપતા તાપી નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધરી પિસ્તોલ-કાર્ટીઝ મોબાઈલ કબ્જે લેવાયા છે.

મુંબઈમાં સલમાન ખાનના ઘરની બહાર ફાયરીંગ કરનારા આરોપીઓ સુરત આવી તાપી નદીમાં બે પિસ્તોલ ફેંકી દીધી હતી. આ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે બે દિવસથી સુરતમાં ધામા નાખ્યા છે. અને તાપી નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. જેમાં એક દિવસની શોધખોળમાં એક પિસ્તોલ મળી હતી. જયારે બીજી પિસ્તોલ પણ આજે મળી આવી છે. સાથે ૪ કાર્ટીઝ અને ૧ મોબાઈલ મળ્યો છે. આરોપીઓએ અનમોલ બિશ્નોઈને વીડિયો કોલ કરી, ચાલુ રાખીને બંને પિસ્તોલ અને મોબાઈલ તાપી નદીમાં ફેંકયો હતો. બે બોટ અને બે મરજીવાની મદદથી તાપી નદીમાં સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. મરજીવા પર કેમેરો પણ સાથે ઉતારવામાં આવ્યા હતા. જેનું મોનિટરિંગ બોર્ડ પરથી કરવામાં આવ્યુ હતું.

આરોપીઓ મુંબઈથી સુરત આવ્યા બાદ સુરત રેલવે સ્ટેશન પર ગયા હતા. ટ્રેન મારફતે ભુજ જવું હતું. જોકે તેમને ટ્રેન મળી નહોતી. રેલ્વે સ્યેશન બહાર એક રિક્ષાચાલકને તાપી નદી સુધી પહોંચવા માટે હતું. રીક્ષાચાલકને ખાસ કહ્યું હતું કે, કોઈ બ્રિજ એવો જણાવો જયાંથી ઓછી અવરજવર હોય અને નદીની વચ્ચોવચ્ચ સુધી પહોંચી શકાય. રીક્ષાચાલક અશ્વિનીકુમાર સ્મશાન પાસે આવેલા રેલવે ટ્રેક પાસે લઈ આવ્યો હતો.

અશ્વિનીકુમાર સ્મશાનની પાસે આવેલા રેલ્વે ટ્રેક બાજુમાં ચાલી શકાય તે રીતે એક રસ્તો છે. રેલ્વે ટ્રેકની બાજુમાં ચાલીને ત્રીજા પીલર પાસે આવીને બંને આરોપીઓ ઉભા રહી ગયા હતા. નદીની વચ્ચે પહોંચ્યા બાદ અનમોલને વીડિયો કોલ કરવામાં આવ્યો હતો. ચાલુ વીડિયો કોલમાં બંને પિસ્તાલને તાપી નદીમાં ફેંકવામાં આવી હતી.

પશ્ચિમ કચ્છ એલસીબીએ માતાના મઢમાં સામાન્ય યાત્રાળુઓની માફક આરામ કરી રહેલા વિકી ગુપ્તા અને સાગર પાલને પકડી મુંબઈ ક્રાઈમ બ્રાંચને સોંપ્યા હતા. મુંબઈ ક્રાઈમ બાંચે બન્નેની રિમાન્ડ મેળવી રિમાન્ડ દરમિયાન સુરત તાપી નદીમાં ફેંકી દીધેલ બે પિસ્તોલ ચાર કાર્ટીઝ અને મોબાઈલ શોધી કાઢવા બોટ અને મરજીવાની મદદથી તાપી નદીમાં સર્ચ ઓપરેશન પાર પાડી હથિયાર-મોબાઈલ કબજે કર્યા છે.

### હાર્ટ એટેકનો સિલસિલો યથાવત

## રામનાથપરાનો યુવક સંજય પરમાર સુતા બાદ સવારે ઉઠ્યો જ નહી, મોત

**સ્વામી વિવેકાનંદ ટાઉનશિપમાં કિરણબેન રાજા બેભાન થઈ ઢળી પડતાં સારવારમાં દમ તોડયો**

રાજકોટ, તા.૨૩

શહેરમાં વધુ બેના હૃદય થંભી જતાં તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. રામનાથપરામાં રહેતો યુવક સુતા બાદ સવારે ઉઠ્યો જ નહી. જયારે સ્વામી વિવેકાનંદ ટાઉનશિપ જીવરાજ પાર્કમાં રહેતાં કિરણબેન રાજા પોતાના ઘરે ઢળી પડતાં સારવારમાં દમ તોડી દિધો હતો.



મૃતક સંજય

પ્રથમ બનાવની વિગત અનુસાર રામનાથપરા ભવાનીનગર શેરી નં- ૪ માં રહેતાં સંજય ભરતભાઈ પરમાર (ઉ.વ.૩૦) નામનો યુવક ગઈ કાલ રાત્રે સૂતા બાદ ઉઠ્યો જ નહી જેથી પરિવારજનોએ યુવકને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. તેઓ મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મૃતક બે ભાઈ અને એક બહેનમાં મોટો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે.

વધુ એક બનાવની વિગત મુજબ કિરણબેન ચંદ્રેશભાઈ રાજા (ઉ.વ.૪૬ રહે- સ્વામી વિવેકાનંદ ટાઉનશિપ જીવરાજ પાર્ક) નામની મહિલા આજે સવારે સાતેક વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતી ત્યારે બેભાન થઈ ઢળી પડ્યા હતા. બાદ તુરંત સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં દમ તોડી દિધો હતો. તેણીને સંતાનમાં એક દિકરો અને એક દિકરી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે રાજકોટ તાલુકા પોલીસે નોંધ કરી હતી.

## કોંગ્રેસ ચૂંટણી પંચમાં : સુરતનું લોકસભા ચૂંટણી પરિણામ રદ્દ કરવા માંગ

રાજકોટ, તા. ૨૩

સુરત લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણીનું ફોર્મ રદ્દ થયા બાદ કોંગ્રેસ પક્ષ હવે ચૂંટણી પંચમાં ગઇ છે અને સુરત બેઠક પર નવેસરથી ચૂંટણી યોજવાની માંગણી કરી છે. જોકે ગઇકાલે જ ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ વિજેતા જાહેર કરાયા હતા અને આ રીતે સુરત લોકસભા બેઠકને વાગેવળગે છે ત્યાં સુધી ચૂંટણી પ્રક્રિય પૂરી થઇ ગઇ છે. પરંતુ કોંગ્રેસનું એક પ્રતિનિધિ મંડળ દિલ્હીમાં ચૂંટણી પંચને મળ્યું હતું અને તેઓએ સુરતમાં ચૂંટણીમાં જે રીતે તેમના ઉમેદવારનું ફોર્મ રદ્દ થયું અને ડમીનું ફોર્મના તે જ હાલ થયા તે પછી ચૂંટણી અધિકારીઓ તેમને સાંભળવા માટે અને ટેકેદારો મુદ્દે જે વિવાદ હતો તેમાં ટેકેદારનું અપહરણ થયા હોવાનું તેઓને હાજર કરી શકાયા ન હતા તેવું જણાવ્યું હતું. કોંગ્રેસના પ્રવક્તા અને ધારાશાસ્ત્રી અભિષેક મનુસીંઘવીના નેતૃત્વમાં કોંગ્રેસનું પ્રતિનિધિ મંડળ ચૂંટણી કમિશનરને મળ્યું હતું અને ચૂંટણી પ્રક્રિયા સ્થગિત કરીને નવેસરથી ચૂંટણી જાહેરનામુ બહાર પડે તે જોવા માંગણી કરી હતી. આ ચૂંટણી પીટીશનનો મામલો નથી પરંતુ ટેકેદારોની સહીનો વિવાદ છે પરંતુ તેમાં કોઇ ચકાસણી થઇ ન હતી અને અમારા ઉમેદવારનું નોમીનેશન રદ થાય તે જ રીતે સમગ્ર પ્રક્રિયા કરવામાં આવી હતી. જોકે ચૂંટણી પંચે આ અંગે હજુ કોઇ જવાબ આપ્યો ન હતો.

## કોંગ્રેસના કાર્યકરો નિલેષ કુંભાણીને શોધે છે : પોલીસ સાથે ઝપાઝપી

**કુંભાણીના નિવાસે તાળુ લાગી ગયું : સમગ્ર કુટુંબ અજાણ્યા સ્થળે છુપાયુ હોવાની ચર્ચા**

રાજકોટ,તા. ૨૩

સુરતમાં કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણીનું ફોર્મ રદ થયા બાદ તેઓ છુપાતા રહ્યા છે અને ત્રણ દિવસમાં જાહેરમાં ન આવતા કોંગ્રેસ પક્ષે હવે કુંભાણી સામે મોરચો માંડયો છે આજે સવારે કોંગ્રેસના કાર્યકર્તાઓ કુંભાણીના નિવાસસ્થાને પહોંચ્યા હતા પરંતુ તેમના ઘરે તાળુ માર્યુ હતું. આ તકે પોલીસ પણ તેમની પાછળ દોડી ગઇ હતી અને કોંગ્રેસ તથા કાર્યકર્તાઓ, પોલીસ વચ્ચે ઝપાઝપી થઇ હતી. નિલેષ કુંભાણી અને તેનું કુટુંબ હાલ અજાણ્યા સ્થળે ચાલી ગયું છે અને તેમની સામે સરથાણા સહિતના વિસ્તારોમાં જબરો રોષ પણ પ્રવર્તી રહ્યો છે. જોકે કોંગ્રેસના અનેક નેતાઓએ કુંભાણીનો રાજકીય જ નહીં સામાજીક બહિષ્કાર કરવો જોઇએ તેવી હાંકલ કરી હતી.

### લોકસભાની ચૂંટણીના ગરમાવા વચ્ચે ગત વિધાનસભા ચૂંટણીના સોગંદનામા અંગે વિવાદના લબકારા

## ગોંડલના ધારાસભ્ય ગીતાબાના ચૂંટણી સોગંદનામા સામે તપાસના આદેશ આપતું ચૂંટણીપંચ

**આવકના સ્ત્રોત અને ખર્ચાના મુદ્દે ખોટી એફીડેવીટ રજૂ કર્યાની એડવોકેટ યતિષ દેસાઈએ કરેલી ફરિયાદના આધારે હવે કલેકટર દ્વારા થશે તપાસ**

રાજકોટ તા.૨૩

ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાના ચૂંટણી સોગંદનામા સામે એડવોકેટ યતિષ દેસાઈએ કરેલી ફરિયાદના આધારે ચૂંટણીપંચ દ્વારા આ મામલે તપાસ કરવા જિલ્લા કલેકટરને આદેશ કરેલ છે.

આ પ્રકરણમાં ફરીયાદી યતિષ દેસાઈએ જણાવેલ છે કે ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા ત્રણ ટર્મ સુધી ધારાસભ્ય રહેલ છે અને તેમણે ધારાસભ્યને મળતા પગાર અને ભથ્થા લીધેલ છે પરંતુ ધારાસભ્ય ગીતાબા જાડેજાએ કરેલ સોગંદનામા મુજબ જયરાજસિંહ જાડેજા ઈન્કમટેક્ષ ભરતા નથી. તેમની આવકનો સ્ત્રોત ખેતી બતાવેલ છે. જે ખોટુ છે કારણ કે તેમણે ધારાસભ્યને મળતો પગાર લીધેલ છે. તેમનો સાચો પાન નંબર એકયુઆઈપીજે ૦૪૧૬ એચ છે. તેમણે ઈન્કમટેક્ષની પાન નંબરની પ્રોફાઈલ ક્રિએટ કરેલ નથી જેનો મતલબ એ થાય છે કે તેણે અત્યાર સુધી કોઈપણ ઓનલાઈન રીટર્ન ભરેલ નથી. ધારાસભ્યને મળતો પગાર ઈન્કમટેક્ષ ભરવાને પાત્ર છે તો તેમણે અત્યાર સુધીના કોઈપણ રીટર્ન ભરેલ નથી? ધારાસભ્ય ગીતાબાએ પણ ડિસેમ્બર ૨૦૧૭થી ધારાસભ્ય છે અને તેમણે પણ પગાર અને ભથ્થાઓ લીધેલ છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની વિગતમાં તેમણે નીલ લખેલું છે. તેમને પાર્ટ-એમાં લખેલુ છે કે તેમણે રીટર્ન ભરેલ છે અને સને ૨૦૨૧-૨૨ની સાલની આવક રૂા.૧૧,૫૮,૫૪૪ અને પાર્ટ-બીમાં લખેલું છે કે તેમની આવક નીલ છે જે પોતાના જ સોગંદનામાની વિરૂધ્ધ છે તેમની આવકનો સ્ત્રોત ફકત ખેતી દેખાડેલ છે જે ખોટું છે કારણ કે તેમણે ધારાસભ્યને મળતો પગાર લીધેલ છે. તો હકીકતે તેમણે રીટર્ન ભરેલા છે કે નહીં એ વાત જણાવવી જોઈએ.

ગોંડલના એડવોકેટ યતિશકુમાર દેસાઈએ ચૂંટણીપંચમાં આ અંગે કરેલી ફરીયાદના આધારે ચીફ ઈલેકટ્રોલ ઓફીસર દ્વારા આ પ્રકરણની તપાસ કરવા જીલ્લા કલેકટરને આદેશ આપેલ છે.

## એસટી બસ રિવર્સ લેતી વખતે સર્જાયેલ અકસ્માતમાં ખાંડાધારના અશોક સોમૈયાએ સારવારમાં દમ તોડયો

રાજકોટ, તા.૨૩



એસટી બસ રિવર્સ લેતી વખતે સર્જાયેલ અકસ્માતમાં ખાંડાધારના અશોક સોમૈયાએ સારવારમાં દમ તોડી દિધો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ અશોકભાઈ દેવાભાઈ સોમૈયા (ઉ.વ.૪૮ રહે- ખાંડાધર ગામ તા. ગોંડલ) નામનો યુવક તા.૮/૪/૨૦૨૪ ના રોજ સવારે પોતાનુ મોટરસાઈકલ લઈને તેની પુત્રીને ભોજપરા મુકવા જતાં હતાં. ત્યારે ગોંડલ વેરી તળાવ રોડ પાસે એસટી બસ ચાલકે રિવર્સમાં એસટી બસ લેતી વખતે મોટરસાઈકલ સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવકને ઈજાઓ પહોંચી હતી. બાદ યુવકને સારવાર અર્થે ગોંડલ સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં આજરોજ સારવારમાં યુવકે દમ તોડી દિધો હતો. તેઓ બે ભાઈ અને બે બહેનમાં મોટાં હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગોંડલ સીટી પોલીસને જાણ કરી હતી.

## ફોટોશૂટ કરાવનાર લોકો માટે ચોંકાવનારો કિસ્સો : દંતાલી નર્મદા કેનાલ પાસે છરીની અણીએ કપલ પાસેથી ૭.૪૦ લાખની લૂંટ

ગાંધીનગર : દંતાલી નર્મદા કેનાલ પાસે ગઇકાલે મોડી સાંજે એક કપલને છરી બતાવી બાઇક પર આવેલા બે શખસોએ ૭.૪૦ લાખ રૂપિયાની સનસનીખેજ લૂંટ ચલાવી ફરાર થઇ ગયા હતા. કપલ કેનાલ પાસે ફરવા આવ્યું હતું. તેઓ ફોટોશૂટ કરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. લૂંટારું શખસોની ઓળખ પ્રસ્થાપિત થઇ નથી. તેઓ ૨૦થી ૨૫ વર્ષની વયના હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે આસપાસના CCTV અને લૂંટારૂના વર્ણનના આધારે તેઓને પકડવા માટે તજવીજ હાથધરી છે.

અમદાવાદ સિંધુભવન રોડ પર આવેલ શાંતિનિકેતન બંગલોમાં રહેતો સુજલ મનસુખભાઈ દેવાણી તેની વાગ્દત્તા સાથે ગઈકાલે ગાડી લઈને ફરવા નિકળ્યો હતો. બંને અદાણી શાંતિગ્રામથી દંતાલી નર્મદા કેનાલ એપ્રોચ રોડ પર આવ્યા હતા. જ્યાં તેઓએ કાર ઉભી રાખી કેનાલ પાસે ફોટોશૂટ કરી રહ્યા હતા ત્યારે સાંજે સાતેક કલાકની આસપાસ બાઇક પર બે અજાણ્યા શખસો આવ્યા હતા. તેઓએ સુજલ પાસે બાઇક ઊભું રાખી ક્યાંથી આવો છો કહી પ્રશ્ન કર્યો હતો. જેથી સુજલે તમારે શું કામ છે, તેમ કહેતા બાઇક પર પાછળ બેઠેલો શખસ છરી સાથે નીચે ઉતર્યો હતો. આ દરમિયાન તેણે સુજલને છરી બતાવી મોબાઇલ ખિસ્સામાં મુકાવી તેણે પહેરેલો સોનાનો ચેઈન, ૫ લાખની કિંમતનુ સોનાનું રિયલ ડાયમંડનું કડુ તેમજ ગાડીમાં બેસી ગયેલી સુજલની વાગ્દત્તા પાસેથી પણ સોનાનો ચેઇન લૂંટી લીધો હતો. ડરથી બંનેએ પ્રતિકાર કર્યા વગર તેઓને સોનાના દાગીના ધરી દીધા હતા. ત્યારબાદ આ શખસોએ સુજલ પાસેથી ગાડીની ચાવી લઇ બાઇક પર ફરાર થઇ ગયા હતા. રસ્તામાં ગાડીની ચાવી ફેંકી દીધી હતી. સુજલે આ મામલે પરિવારજનોને જાણ કરતા તેઓ સ્થળ પર દોડી આવ્યા હતા.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૩૫-૨૫૮૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૮૫-૨૫૩૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૦-૧૭૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૦-૧૬૯૦ |
| પામોલીયન તેલ | ૧૫૩૦-૧૫૩૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૫૦-૧૫૭૦ |
| મકાઇ તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૩૦૦-૨૩૨૦ |
| દિવેલ | ૨૦૨૦-૨૦૪૦ |



**સોનુ-ચાંદી**


સોનુ (૧૦ ગ્રામ) ૭૩૯૫૦(-૧૩૫૦)

ચાંદી ૮૨૨૦૦(-૨૧૦૦)

### ગુજરાતની ૨૫ લોકસભા તથા ૫ વિધાનસભા બેઠકો પરનું ચુંટણી ચિત્ર સ્પષ્ટ

# ગુજરાતના લોકસભા ચૂંટણી જંગમાં ૨૦૦૯ પછી સૌથી ઓછા ઉમેદવાર

## સૌરાષ્ટ્ર-કચ્છની ૮ બેઠકોમાં ૯૨ ઉમેદવારો વચ્ચે જંગ થશે: ભાવનગર તથા કચ્છ સિવાયની બેઠકોમાં ૨૦૧૯ કરતા સંખ્યા ઘટી



## લોકસભા માટે ૨૬૬ અને વિધાનસભાની ૫ બેઠકો પર ૨૪ ઉમેદવારો મેદાનમાં: અમદાવાદ પુર્વની બેઠક પર સૌથી વધુ ૧૮ તથા બારડોલીમાં માત્ર ૩ વચ્ચે મુકાબલો

અમદાવાદ તા.૨૩

ગુજરાતમાં આગામી ૭ મે ના રોજ યોજાનારી લોકસભાની ૨૫ તથા વિધાનસભાની પાંચ બેઠકોની ચુંટણી માટેનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. લોકસભા માટે ૨૬૬ તથા પાંચ ધારાસભા બેઠકોની પેટાચૂંટણી માટે ૨૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

ગુજરાતની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો ગઈકાલે સોમવારે અંતિમ દિવસ હતો અને તે સાથે ચુંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ હતું. સુરતની લોકસભા બેઠક બીનહરીફ થતા હવે ૨૫ બેઠકો પર ચુંટણી થવાની છે અને તેમાં ૨૬૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ૨૦૦૯ પછી ગુજરાતમાં સૌથી ઓછા ઉમેદવારો છે. ૨૦૧૯ની સરખામણીએ પણ ૨૮ ટકા ઓછા ઉમેદવાર છે. રાજ્યની લગભગ તમામ બેઠકોમાં નાના પક્ષો અથવા અપક્ષોને બાદ કરતા મુખ્યત્વે દ્વિપક્ષી સીધો મુકાબલો થવાનો છે. ૨૫માંથી ૨૩ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે તથા ભાવનગર-ભરૂચની બેઠકમાં ભાજપ-આપ વચ્ચે જંગ થશે. ચુંટણી જોડાણ અંતર્ગત આ બન્ને બેઠકો કોંગ્રેસે આમ આદમી પાર્ટી (આપ)ને ફાળવી હતી.

ગુજરાતની સૌથી વધુ ૧૮ ઉમેદવાર અમદાવાદ પુર્વેની બેઠકમાં છે જયારે બારડોલીની બેઠક પર સૌથી ઓછા-માત્ર ત્રણ ઉમેદવાર મેદાનમાં છે. રાજકોટની બેઠક પર ૯ ઉમેદવારો વચ્ચે જંગ જામશે.

સૌરાષ્ટ્ર-કચ્છની આઠ બેઠકોને લાગેવળગે છે ત્યાં સુધી ૯૨ ઉમેદવારો ચુંટણી મેદાનમાં રહ્યા છે. ૨૦૧૯ની સરખામણીમાં ભાવનગર તથા કચ્છને બાદ કરતા અન્ય તમામ છ બેઠકો પર ઉમેદવારોની સંખ્યા ઘટી છે. રાજકોટમાં ૨૦૧૯માં ૧૦ ઉમેદવારો હતા તે આ વખતે ૯ છે. અમરેલીમાં ૧૨ની સરખામણીએ ૮, જુનાગઢમાં ૧૨ સામે ૧૧, પોરબંદરમાં ૧૭ની સરખામણીએ ૧૨, જામનગરમાં ૨૮ની સરખામણીએ ૧૪, ભાવનગરમાં ૧૦ સામે ૧૩, સુરેન્દ્રનગરમાં ૩૧ સામે ૧૪ તથા કચ્છમાં ૨૦૧૯માં ૧૦ની સરખામણીએ આ વખતે ૧૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

**ઉમેદવારોની સંખ્યા**


| ચુંટણીવર્ષ | ઉમેદવારો |
|---|---|
| ૧૯૯૬ | ૫૭૭ |
| ૧૯૯૮ | ૧૩૯ |
| ૧૯૯૯ | ૧૪૯ |
| ૨૦૦૪ | ૧૬૨ |
| ૨૦૦૯ | ૨૯૩ |
| ૨૦૧૪ | ૨૮૪ |
| ૨૦૧૯ | ૩૭૧ |
| ૨૦૨૪ | ૨૬૬ |

લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાંથી કુલ ૪૩૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. ચકાસણીમાં ૧૦૫ રદ થતા ૩૨૮ બાકી રહ્યા હતા. તેમાંથી ૬૨ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચતા હવે ૨૬૬ ચુંટણી મેદાનમાં રહ્યા છે.

પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીને લાગેવળગે છે ત્યાં સુધી કુલ ૫૮ ફોર્મ ભરાયા હતા તેમાંથી ૩૧ રદ થયા હતા અને ત્રણ પાછા ખેંચાતા હવે ૨૪ ઉમેદવારો વચ્ચે જંગ રહ્યો છે. સૌથી વધુ આઠ ઉમેદવારો વિજાપુર બેઠકમાં રહ્યા છે જયારે વાઘોડીયા બેઠકમાં માત્ર બે જ ઉમેદવારો છે. આ બેઠક પર પુર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે પણ અપક્ષ તરીકે ઝુકાવ્યુ હતું પરંતુ પછી કોંગ્રેસને ટેકો જાહેર કરીને ફોર્મ પાછુ ખેંચી લીધુ હતું. ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં છેલ્લા ત્રણ દાયકામાં સૌથી વધુ ૫૭૭ ઉમેદવાર ૧૯૯૬માં હતા.

# ચૂંટણી જીત્યા બાદ રાષ્ટ્રપતિ મુઈઝુનો ચાઈના એજન્ડા: માલદીવના બંધારણમાં ફેરફાર કરશે, ચીનની કંપનીઓને ૩૦ ટાપુઓમાં કોન્ટ્રાકટ મળશે

માલે: માલદીવમાં સંસદીય ચૂંટણીમાં ભારત વિરોધી રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુને મળેલી જંગી બહુમતની આડઅસર શરૂ થઈ ગઈ છે. ૯૩ બેઠકોમાંથી મુઈઝુની પાર્ટીને ૬૮ બેઠકો મળી છે. હવે મુઈઝુએ ચીનના એજન્ડા પર કામ કરવાનું શરૂ કરી દીધું છે. તેમનું પ્રથમ કાર્ય બંધારણ બદલવાનું છે.



હાલમાં રાષ્ટ્રપતિની સત્તા પર સંસદનું નિયંત્રણ છે. મુઇઝુ રાષ્ટ્રપતિના આદેશને મંજૂર કરવા માટે સંસદમાં ત્રણ-ચતુર્થાંશને બદલે સરળ બહુમતી માટેની જોગવાઈ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુઈઝુ ૧૮૮ વસ્તીવાળા ટાપુઓમાંથી ૩૦ નવા ટાપુઓમાં ચીની કંપનીઓને બાંધકામના કોન્ટ્રાક્ટ આપશે. અહીં ચીનની કંપનીઓ પ્રથમ તબક્કામાં એક હજાર ફ્લેટ બનાવશે. આ ૩૦ નવા ટાપુઓ સમુદ્ર પર પુલ બનાવીને બનાવવામાં આવ્યા છે. તેને જમીન સુધારણા કહેવામાં આવે છે.

ભારત પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદ નવા ટાપુઓ પર બાંધકામના સખત વિરોધમાં હતા. તેમણે ચેતવણી આપી હતી કે પાણીના સ્તરમાં વધારો થવાને કારણે માલદીવના લોકો વિશ્વના પ્રથમ પર્યાવરણીય શરણાર્થી બની શકે છે. તેણે ભારત, શ્રીલંકા અથવા ઓસ્ટ્રેલિયામાં જમીન ખરીદવાની વાત કરી હતી જો કે, સત્તામાં આવ્યા બાદ મુઈઝુએ જમીન સુધારણાને આગળ ધપાવી હતી.

દેવું ચૂકવવા માટે તુર્કી અને સાઉદીથી ઈસ્લામિક બોન્ડ ઉભા કરવામાં આવશે, ૪૨૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવશે.

માલદીવ પર ૫૪,૧૮૬ કરોડ રૂપિયાનું વિદેશી દેવું છે, વિશ્વ બેંક અનુસાર, ૨૦૨૬ સુધીમાં માલદીવને લગભગ ૯ હજાર કરોડ રૂપિયાનું વિદેશી દેવું ચૂકવવું પડશે. આ માટે રાષ્ટ્રપતિ મુઈઝુએ ઈસ્લામિક બોન્ડ દ્વારા ૪૨૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવાની યોજના બનાવી છે.

આ માટે તુર્કી અને સાઉદી અરેબિયા પાસેથી ઈસ્લામિક બોન્ડ ખરીદવામાં આવશે. રાષ્ટ્રપતિ બન્યા બાદ મુઈઝુની તુર્કીની પ્રથમ મુલાકાત હતી. આ દરમિયાન મુઈઝુએ તુર્કી પાસેથી સરળ શરતો પર લોન માંગી હતી. તેણે સાઉદી અરેબિયાને પણ આવી જ વિનંતી કરી છે. તે લોન માંગવા ચીન પણ ગયો હતો.

મુઈઝુનો ભારત વિરોધી અને ચીન પ્રત્યેનો પ્રેમ વધુ વધશે: લંડન સ્થિત માલદીવિયન પત્રકાર મોહમ્મદ ઈન્તખાબના જણાવ્યા મુજબ, મુઈઝુની પાર્ટીએ ચૂંટણી પ્રચાર દરમિયાન ભારત વિરોધી વલણ અપનાવ્યું હતું. આવનારા દિવસોમાં મુઈઝુનો ભારતનો વિરોધ અને ચીન પ્રત્યેનો પ્રેમ વધુ વધશે. મુઈઝુએ ભારતીય સૈનિકોની બીજી અને છેલ્લી બેચને ૧૦ મે સુધીમાં માલદીવ છોડવાનું અલ્ટીમેટમ આપ્યું છે.

૨૧ એપ્રિલે માલદીવમાં સંસદીય ચૂંટણીઓ યોજાઈ હતી, જેમાં મુઈઝૂની પાર્ટીનો વિજય થયો હતો . સોમવારે જાહેર કરાયેલા પ્રારંભિક પરિણામોમાં, મુઈઝુની નેશનલ પીપલ્સ કોંગ્રેસ પાર્ટી અને તેમના સમર્થકોને ૯૩માંથી ૭૧ બેઠકો મળી છે. ચીને પણ રાષ્ટ્રપતિ મુઈઝુને તેમની જીત પર અભિનંદન પાઠવ્યા હતા.

બીજી તરફ ભારત તરફી MDP પાર્ટીને ચૂંટણીમાં માત્ર ૧૨ બેઠકો મળી શકી. સંસદમાં બહુમતી માટે ૪૭થી વધુ બેઠકોની જરૂર હતી. ન્યૂઝ એજન્સી એપી અનુસાર, મુઈઝુની જીત ભારત માટે મોટો ઝટકો હોવાનું કહેવાય છે.

# તાઈવાન આખી રાત ભૂકંપ-આફટરશોકથી ધણધણ્યું : ૮૦ આંચકા અનુભવાયા

## સૌથી મોટો આંચકો ૬.૩ની તિવ્રતાનો નોંધાયો : ઈમારતો-મકાનો ધ્રુજતા રહ્યા : લોકો ભયભીત

તાઈપેઇ, તા. ૨૩

તાઇવાનનું પાટનગર ભૂકંપના શ્રેણીબધ્ધ આંચકાથી ધ્રુજી ઉઠયું હતું. ૬.૩ની તિવ્રતાના સૌથી મોટા ભૂકંપ વચ્ચે નાના મોટા ૮૦ જેટલા આંચકા અનુભવાતા આખી રાત ધરતી ધ્રુજતી રહ્યાનો ઘટનાક્રમ સર્જાયો હતો અને લોકો ભયભીત બન્યા હતા.



તાઇવાનના પૂર્વીય હુલેન ક્ષેત્રમાં ૬.૩ની તિવ્રતાનો સૌથી મોટો આંચકો અનુભવાયો હતો. આંચકાનો દૌર સોમવારે સાંજે ૫.૦૮ કલાકે શરૂ થયો હતો અને ત્યારે ૫.૫ની તિવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. મધરાત બાદ શ્રેણીબધ્ધ આંચકાનો સીલસીલો શરૂ થઇ ગયો હતો. મોડી રાત્રે ૨.૩૦ કલાકે ૬ મીનીટના સમયગાળામાં બે મોટા આંચકા અનુભવાયા હતા. તાઇવાનના સિસ્મોલોજી સેન્ટરના રીપોર્ટ પ્રમાણે મોડી રાત્રે ૨.૨૬ કલાકે ૬ની તિવ્રતાનો અને ત્યારબાદ ૬ મીનીટ પછી ૬.૩ની તિવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. અમેરિકી સિસ્મોલોજી વિભાગે આ બંને આંચકાની તિવ્રતા અનુક્રમે ૬.૧ અને ૬ની દર્શાવી છે.

એવું બહાર આવ્યું છે કે સોમવાર સાંજથી ભૂકંપના આંચકાનો દૌર શરૂ થયો હતો. મધરાત બાદ સંખ્યા વધવા લાગી હતી. મધરાતથી વહેલી સવાર સુધી સતત ધ્રુજારીથી ઈમારતો ધણધણતી રહી હતી. બારી-દરવાજા સતત ખખડતા રહેતા, ડરામણા અવાજથી લોકો ભયભીત બન્યા હતા. ભૂકંપના કારણે જાનમાલને નુકસાનીના કોઇ રીપોર્ટ નથી છતાં સર્વે શરૂ કરાયો છે.

હુલેન ક્ષેત્રમાં આ પૂર્વે ૩ એપ્રિલે ૭.૪ તિવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને તેની અસરે ભૂસ્ખલન સહિતના ઘટનાક્રમો સર્જાતા અનેક માર્ગો બંધ થઇ ગયા હતા. તેમજ ઇમારતોને પણ નુકસાન થયું હતું. ૧૯૯૯માં ૭.૬ની તિવ્રતાના ભૂકંપથી તાઇવાનમાં ૨૪૦૦ લોકો મોતને ભેટયા હતા તે અત્રે ઉલ્લેખનીય છે.

# એલન મસ્ક ઘમંડી ઉદ્યોગપતિ: ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એક્સના હેડ પર બગડયા

## ઓસ્ટ્રેલિયામાં પાદરી પર હુમલાના વિડીયો પ્લેટફોર્મ પરથી હટાવવા મુદે ટકકર: અમે મસ્કને પાઠ ભણાવશું: પીએમ અલ્બાની

એડીલેડ તા.૨૩

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બાનીઝ એ અમેરિકાના ટોચના ઉદ્યોગપતિ અને એકસ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મના બોસ એલન મસ્કને ઘમંડી અબજોપતિ તરીકે ગણાવ્યા છે અને કહ્યું છે કે તેમના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મે જવાબદાર બનવું જોઈએ અને હિંસા દર્શાવતી પોષ્ટ પ્લેટફોર્મ પર ન આવે તે જોવું જોઈએ. સીડનીમાં એક પાદરી સાથે ચાકુબાજીની ઘટનાના વિડીયો એકસ પ્લેટફોર્મ પર વાયરલ થયો હતો. ૧૬ વર્ષના એક છોકરાએ પાદરી પર ઈસ્લામની ટીકા કરવાનો આરોપ મુકયો હતો અને તેમને ચાકુના ઘા માર્યા હતા. બાદમાં આ વિડીયો સોશ્યલ મીડીયા પર વાયરલ થતા ઓસ્ટ્રેલિયન સરકારે આ વિડીયો અને તેના સંબંધીત પોષ્ટ તથા કોમેન્ટ દુર કરવા એકસને આદેશ આપ્યા હતા પરંતુ પ્લેટફોર્મે તેમ ન કરતા ફકત ઓસ્ટ્રેલિયાના યુઝર્સ માટે જ અટકાવ્યા હતા અને એવો દાવો કર્યો કે દુનિયાના યુઝર્સ ને શું જોવું કે શું ન જોવું તે ઓસ્ટ્રેલિયા નકકી ન કરી શકે બાદમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને મસ્ક પર નિશાન ટાંકતા કહ્યું કે તે ઘમંડી ઉદ્યોગપતિ છે અને તે વિચારે છે કે કાનૂન અને નૈતિકતા બંનેથી પર છે અને હવે તેને શબક શિખવાડવા યોગ્ય પગલા લેશું.



# કાશ્મીરમાં ફરી ટાર્ગેટ કીલીંગ: ત્રાસવાદીઓએ સરકારી અધિકારીને ઠાર કર્યા



રાજૌરી (જમ્મુ-કાશ્મીર) તા.૨૩

અત્રે સોમવારે આતંકી હુમલામાં એક સરકારી અધિકારી પર ગોળીબારથી સરકારી અધિકારીનું મૃત્યુ થયું હતું.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આતંકીઓએ એક વ્યકિત પર નજીકથી ગોળીબાર કર્યો હતો. જેને સારવાર માટે હોસ્પિટલે દાખલ કરાયો હતો, જયાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણકારી મળતા સુરક્ષા દળોની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આતંકીઓને પકડવા માટે પૂરા વિસ્તારની ઘેરાબંધી કરી હતી. મૃતકની ઓળખ મોહમ્મદ રજાક તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતુ કે મૃતક સમાજ કલ્યાણ વિભાગમાં જુનિયર આસિસ્ટન્ટના પદે ફરજ પર હતા.

# સુગર લેવલ મુદ્દે વિવાદ બાદ આખરે સીએમ કેજરીવાલને પહેલીવાર ઈન્સ્યુલીન અપાયું

## કેજરીવાલનું સુગર લેવલ ૩૨૦ સુધી પહોંચી ગયેલું

નવી દિલ્હી તા.૨૩

લીકર એકસાઈઝ પોલીસીમાં મની લોન્ડરીંગના આરોપમાં જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સુગર લેવલ મુદ્દે વિવાદ ઉઠયા બાદ કેજરીવાલને જેલમાં પહેલીવાર ઈન્સ્યુલીન આપવામાં આવ્યું હતું.



કેજરીવાલે ઘેરથી આવેલા ટિફિનમાં રસ-પુરી ખાતા ઈડીએ આરોપ લગાવ્યો હતો કે કેજરીવાલ પોતાનું સુગર લેવલ જાણી જોઈને વધારીને મેડીકલના ગ્રાઉન્ડમાં જામીન લેવા માંગે છે, જેના જવાબમાં કેજરીવાલે કહ્યું હતું કે હું જાણી જોઈને મારી જાતને લકવામાં મુકું!

દરમિયાન આમ આદમી પાર્ટીના સૂત્રો મુજબ જેલમાં કેજરીવાલનું સુગર લેવલ ૩૨૦ સુધી વધી ગયું હતું.

દરમિયાન દિલ્હી સરકારની મંત્રી આતિશીએ ઈડી અને તિહાર જેલ પ્રશાસન પર કોર્ટને ગેરમાર્ગે દોરવાના આરોપ લગાવ્યા છે. તેણે કહ્યું હતું કે કેજરીવાલનું સુગર લેવલ વધવાને લઈને ના તો એઈમ્સના વિશેષજ્ઞોની સલાહ લેવાઈ કે ના તો કેજરીવાલનું વ્યવસ્થિત ચેકઅપ કરાવાયું. માત્ર એક ડાયેટિશિયનના ચાર્ટના આધારે કોર્ટમાં કહેવામાં આવ્યું કે જો તેમને ડાયેટ અનુસાર ખાવાનું અપાયું હોત તો તેમનું સુગરલેવલ ઠીક રહેત.

# ગાઝામાં ઈઝરાયેલના અત્યાચાર મુદે બાઈડન ઘેરાયા: અમેરિકાની અનેક યુનિ.માં દેખાવો

## કોઈપણ ભોગે ઈઝરાયેલને રોકવા માંગ: ૩૫ હજારથી વધુ મોત બાદ વિરોધ ઉઠયો


વોશિંગ્ટન તા.૨૩

ઈઝરાયેલ દ્વારા ગાઝાપટ્ટીમાં જે રીતે હુમલા કરીને અંદાજે ૩૫ હજારથી વધુ પેલેસ્ટાઈનીઓના મોતનું કારણ બન્યુ છે અને સમગ્ર ક્ષેત્રમાં અત્યંત અમાનવીય સ્થિતિ સર્જાઈ રહી છે તેમાં હવે અમેરિકાની બાઈડન સરકાર પર ઈઝરાયેલને કોઈપણ ભોગે રોકવા માટે દબાણ વધી ગયું છે અને કોલંબીયા યુનિ.માં સેંકડો વિદ્યાર્થીઓએ ગાઝા યુદ્ધ સામે વિરોધ પ્રદર્શન કરીને યુનિ.નું કામકાજ ઠપ્પ કરી દીધુ છે. રાષ્ટ્રપતિ બાઈડન આ મુદે ઘરઆંગણે જ ઘેરાઈ રહ્યા છે અને એક બાદ એક અમેરિકી યુનિ.માં આ વિરોધ પ્રદર્શન આગળ વધી રહ્યા છે. અમેરિકાએ પણ અગાઉ ઈઝરાયેલને ગાઝાપટ્ટીમાં માનવીય મદદ સહિતની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું પરંતુ ઈઝરાયેલ આ ક્ષેત્રમાં બંદી બનાવાયેલા તેના નાગરિકોની મુકિત જયાં સુધી ન થાય ત્યાં સુધી જરાપણ યુદ્ધ રોકવા તૈયાર નથી અને તેનો પડઘો અમેરિકામાં પડયો છે. પેલેસ્ટાઈન સમર્થક વિદ્યાર્થીઓએ કોલંબીયા સહિતની યુનિ.માં દેખાવો શરુ કરતા જ યુનિ.ના કામકાજને અસર થઈ રહી છે જેમાં ભારતીય મૂળના વિદ્યાર્થીઓ પણ જોડાયા છે અને બાઈડન પર હત્યાકાંડનો આરોપ પણ મુકી રહ્યા છે.




### કામમાં વ્યસ્ત રહેતા લોકોને બાદમાં આ રોગ પરેશાન નથી કરતો

# દાવો: વ્યસ્ત મન ડિમેન્શિયા ઘટાડે છે



લંડન : 'ખાલી મન એ શેતાનનું ઘર છે' એ જૂની કહેવત છે જે ડેમેન્શિયાની વાત આવે ત્યારે સાચી પડે છે. હકીકતમાં, એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે મન જેટલું વધારે વ્યસ્ત રહેશે, તેટલું આ રોગનું જોખમ ઓછું થશે.

અભ્યાસ મુજબ, જે લોકો દરરોજ એક જ કામ કરે છે તેમનામાં આ રોગનું જોખમ ૩૧ ટકા વધારે છે. આ ઉપરાંત અન્ય રોગોનું જોખમ પણ ૬૬ ટકા વધી જાય છે. જો કામ તણાવપૂર્ણ અને મુશ્કેલ હોય અને મગજની કસરત પણ પૂરી પાડે તો ડિમેન્શિયાનું જોખમ ઘણી હદ સુધી ઘટી જાય છે. સંશોધકોએ કહ્યું કે કામમાં વ્યસ્ત રહેવાને કારણે લોકો પાસે જૂની વસ્તુઓ વિશે વિચારવાનો સમય નથી, જેના કારણે તેઓ ડિમેન્શિયાનો શિકાર નથી થતા. આ અભ્યાસમાં ૩૦૫ વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલા ૭૦૦૦ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા. આ પૈકી, જે લોકોની નોકરીમાં માનસિક રીતે તણાવપૂર્ણ કામ ઓછું હતું તેઓને ૭૦ વર્ષની ઉંમર પછી ડિમેન્શિયાનું જોખમ ૩૧ ટકા વધારે જોવા મળ્યું હતું. તે જ સમયે, જે લોકો દરરોજ કામ દરમિયાન માનસિક તણાવ અને પડકારોમાંથી પસાર થઈ રહ્યા હતા તેઓમાં આ ખતરો નહિવત જોવા મળ્યો હતો.

**ઓસ્લો યુનિવર્સિટી હોસ્પિટલમાં અભ્યાસ**

ઓસ્લો યુનિવર્સિટી હોસ્પિટલના ડો. ટ્રાઈન એડવિને કહ્યું, 'કામ પર જતી વખતે અને નવી વસ્તુઓ શીખતી વખતે તમારા મગજનો ઉપયોગ કરવો મહત્વપૂર્ણ છે.' અભ્યાસ દરમિયાન, એડવિન અને તેના સાથીઓએ રોજિંદા મેન્યુઅલ અને માનસિક કાર્યો જેવા વિવિધ વ્યવસાયો અથવા નોકરીઓના કાર્યોની સમીક્ષા કરી.

**જેઓ સરળ કામ કરે છે તેઓ રોગનો ભોગ બને છે**

૭૦ પછી ડિમેન્શિયાનું જોખમ એવા લોકોમાં ઓછું જોવા મળ્યું કે જેઓ દરરોજ માનસિક તાણનો સામનો કરતા હતા, જ્યારે જેઓ દરરોજ ઓછા પડકારો અથવા સમાન કાર્યો કરતા હતા, તેઓમાં ૪૨ ટકા ડિમેન્શિયા માટે સંવેદનશીલ બન્યા હતા. શિક્ષકો અને કોલેજ લેક્ચરર જેવી વધુ મગજ મહેનત કરતી નોકરીઓ હતી.

**તેવું તારણ કાઢવામાં આવ્યું હતું**

સંશોધકોનું કહેવું છે કે જે લોકો એવા કામ કરે છે જેમાં મગજનો ઓછો ઉપયોગ થાય છે તેમણે પાર્ટ ટાઈમ જોબ કરવી જોઈએ, આગળનો અભ્યાસ કરવો જોઈએ અથવા મગજને કસરત કરી શકે તેવા કામ કરવા જોઈએ.

**૩૦૫ વિવિધ વ્યવસાયોના ૭૦૦૦ લોકો પર અભ્યાસ**

**તણાવપૂર્ણ કામ કરવાથી મગજને કસરત મળે છે, આ રોગ નજીક નથી આવતો**

# આવતીકાલથી ફરી આકરી ગરમીનો રાઉન્ડ

## પવનની દિશા બદલાશે: ઉત્તર-પૂર્વનાં સુકા પવનોથી તાપમાન ક્રમશ: ૪૦થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જશે

રાજકોટ તા.૨૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભેજવાળા પવનોનાં કારણે કાળઝાળ ગરમીમાં રાહત રહી હતી. જો કે હવે આવતીકાલથી ફરી પવનની દિશા બદલાશે અને ઉત્તર પૂર્વના સુકા પવનો શરૂ થશે આથી આવતીકાલથી ફરી સર્વત્ર ગરમીમાં ક્રમશ: વધારો થશે. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આવતી તા.૩૦ સુધી ગરમી વધશે અને ક્રમશ: ૪૦થી ૪૪ ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચી જશે.

દરમ્યાન ગઈકાલે પણ રાજયમાં ગરમીમાં આંશિક રાહત રહેવા પામી હતી. ગઈકાલે રાજકોટમાં ૩૮.૬, સુરેન્દ્રનગરમાં ૩૮.૭, પોરબંદરમાં ૩૪ તથા અમદાવાદમાં ૩૯, અમરેલીમાં ૩૯, વડોદરામાં ૩૭.૮, ભાવનગરમાં ૩૮.૨, ભૂજમાં ૩૭.૬, છોટા ઉદેપુરમાં ૩૬.૯, ડિસામાં ૩૭.૮, દિવમાં ૩૫.૬ અને દ્વારકા ખાતે ૩૦.૬, ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.



જયારે જામનગરમાં ૧.૨ ડિગ્રીના આંશિક ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું હતું. દિવસભર તીવ્ર ગતિએ પવન ફૂંકાવાનો સિલસિલો યથાવત રહ્યો હતો. લઘુત્તમ તાપમાન અઢી ડિગ્રી વધ્યું હતું. જામનગરમાં છેલ્લા પાંચેક દિવસથી તેજીલા-પવન ફૂંકાવાનો દૌર ચાલી રહ્યો છે. જે મંગળવારે પણ યથાવત રહ્યો હતો. શહેરમાં પવનની ગતિ પ્રતિકલાકની ૧૨.૨ કિ.મી.ની રહેવા પામી હતી. શહેરમાં છેલ્લા ચોવીસ કલાક દરમીયાન નહીંવત ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી પારો નોંધાયો હતો.જ્યારે અઢી ડિગ્રીના વધારા સાથે લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું.તો પવનની ગતિ પ્રતિકલાક ૧૨.૨ કિમિ નોંધાઇ હતી.

શહેરમાં તેજીલા વાયરાઓની સાથે-સાથે મિશ્ર વાતાવરણનો દોર પણ ચાલી રહ્યો છે. સવારે અને રાત્રે ઠંડક તો બપોરે ગરમી અનુભવાઈ રહી છે. ઠંડી અને ગરમીભરી મિશ્ર ઋતુની વિપરીત અસર લોકોના સ્વાસ્થ્ય પર પણ પડી. રહી છે. જેના કારણે તાવ સહિતના કેસમાં વધારો થયો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતુ. પવનને કારણે સવારે અને રાત્રિના લોકોએ ઠંડક અનુભવી હતી. બપોરે ગરમી અને સવારે ઠંડકને કારણે મિશ્ર ઋતુ જોવા મળી રહી છે.

# ટુંક સમયમાં અમદાવાદ-સાળંગપુર વચ્ચે હેલીકોપ્ટર સેવાનો પ્રારંભ : કષ્ટભંજન મંદિર પરિસર નજીક બે હેલિપેડ તૈયાર

બોટાદ, તા. ૨૩

સાળંગપુરમાં વિરાજિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીના દર્શને આવતા ભક્તો માટે એક પછી એક હાઈટેક સુવિધા મંદિરના સંતો કરવામાં આવી રહી છે. ત્યારે આગામી લોકસભા ચૂંટણી પછી આખા ગુજરાતના યાત્રાધામમાં પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર માટે અમદાવાદથી ડેઈલી હેલિકોપ્ટર રાઇડ શરૂ કરાશે. આ માટે મંદિર પરિસરથી થોડેક દૂર બે હેલિપેડ બનાવવામાં આવ્યા છે. અમદાવાદ-સાળંગપુર હેલિકોપ્ટર રાઇડ અંગે મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામીએ માહિતી શેર કરી હતી.



મહત્ત્વનું છે કે, ગુજરાતના કોઈપણ યાત્રાધામે જવા માટે અમદાવાદ બેઝ્ડ એરોટ્રાન્સ કંપની દ્વારા હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવશે. જેમાં લોકો અંબાજી, શ્રીનાથજી, પાલિતાણા, સારંગપુર, સોમનાથ, વડનગર, નડાબેટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તલગાજરડા હેલિકોપ્ટરમાં જઈ શકશે. જેમાં અમદાવાદથી સાળંગપુરની ૬ સીટવાળા Bell 407 હેલિકોપ્ટરમાં ટિકિટ ૧ લાખ ૮૫ હજાર છે અને ૫ સીટવાળા Bell 505 હેલિકોપ્ટરમાં ટિકિટ ૧ લાખ ૫૦ હજાર છે. આ હેલિકોપ્ટર રાઈડની ટિકિટ એરોટ્રાન્સની વેબ સાઈટ પરથી ઓનલાઈન બૂક કરાવી શકશે.

**મંદિર પરિસરની નજીક બે હેલિપેડ બનાવવામાં આવ્યા**

સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામીએ જણાવ્યું કે, 'આગામી લોકસભાની ચૂંટણી પછી થોડાક જ દિવસમાં અમદાવાદ-સાળંગપુરની ડેઈલી હેલિકોપ્ટરની રાઇડ શરૂ કરવામાં આવશે. આ માટે અત્યારે બની રહેલાં ગુજરાતના સૌથી મોટા ૧ હજારથી વધુ રૂમવાળા ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન નજીક બે હેલિપેડ બનાવવામાં આવ્યા છે.'

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે હસ્તીઓને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરાયા

# ગુજરાતી પત્રકાર કુંદન વ્યાસ, અભિનેતા મિથુન ચક્રવર્તી, ગાયિકા ઉષા ઉથ્થુપ સહિતની હસ્તીઓ 'પદ્મ'થી સન્માનિત

### પૂર્વ ઉપરાષ્ટ્રપતિ, વેંકૈયા નાયડુ, નૃત્યાંગના પદ્મા સુબ્રમણ્યમ, બિંદેશ્વર પાઠકને પદ્મવિભુષણ સન્માનઃ ટેનિસ ખેલાડી રોહન બોપન્ના પદ્મશ્રીથી પુરસ્કૃત










નવી દિલ્હી તા.૨૩

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં સોમવારે યોજાયેલ એક સમારોહમાં પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયાનાયડુ અને સુલ ઈન્ટરનેશનલના સંસ્થાપક બિંદેશ્વર પાઠક સહીત કેટલાય અન્ય દિગ્ગજ હસ્તીઓને પદ્મ પુરસ્કાર એનાયત કર્યા હતા. નાયડુ, પાઠક અને જાણીતા ભરત નાટયમ નૃત્યાંગના પદ્મા સુબ્રમણ્યમને પદ્મ પુરસ્કારથી સન્માનીત કરાયા હતા.

પાઠકને મરણોપરાંત આ પુરસ્કાર અપાયો હતો.અભિનેતા મિથુન ચક્રવર્તી, ગાયિકા ઉષા ઉથુપ્પ, ઉતર પ્રદેશનાં પૂર્વ રાજયપાલ રામ નાયક અને ઉદ્યોગપતિ સીતારામ જીંદલને પદ્મ ભુષણથી સન્માનીત કરાયા હતા. આ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીશ ધનખડ, વડાપ્રધાન મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી એસ.જયશંકર સહીત અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.

દેશના સર્વોચ્ચ નાગરીક સન્માનોમાં એક પદ્મ પુરસ્કાર ત્રણ શ્રેણી પદ્મ વિભુષણ, પદ્મ ભૂષણ અને પદ્મશ્રીમાં પ્રદાન કરવામાં આવે છે. આ પુરસ્કાર વિભિન્ન વિષયો કે ગતિવિધીનાં ક્ષેત્રોમાં આપવામાં આવે છે. જેમાં કલા,સામાજીક કાર્ય, જાહેર મામલા,વિજ્ઞાન એન્જીનીયરીંગ, વ્યાપાર અને ઉદ્યોગ, ચિકિત્સા, સાહીત્ય અને શિક્ષણ રમત, સિવીલ સેવા સહીત અન્ય ક્ષેત્રો પણ સામેલ છે.

પદ્મભૂષણ સાધારણ અને વિશિષ્ઠ સેવા માટે પદ્મ ભુષણ ઉચ્ચ કોટીની વિશિષ્ટ સેવા માટે અને પદ્મશ્રી કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે. ટેનિસ ખેલાડી રોહન બોપન્નાને પદ્મશ્રી જયારે ડો.તેજસ પટેલ, ગુજરાતી પત્રકાર કુંદન વ્યાસ, ગાયિકા ઉષા ઉથુપ્પ, અને અભિનેતા પદ્મભૂષણ પુરસ્કારથી સન્માનીત કરાયા હતા.

## મોબાઈલ નંબર બદલ્યો, બધી ચેટ્સ હજુ પણ WhatsApp પર ઉપલબ્ધ રહેશે



ફોન નંબર બદલવો કોઈપણ માટે મુશ્કેલીભર્યો હોઈ શકે છે કારણ કે તમારા નવા નંબર વિશે જૂના સંપર્કોને જાણ કરવી સરળ નથી. એ જ રીતે જ્યારે વોટ્સએપમાં નવો નંબર અપડેટ થાય છે ત્યારે એક સવાલ પણ મનમાં આવે છે કે વોટ્સએપની હિસ્ટ્રીનું શું થશે? કારણ કે, ઈમોશનલ ચેટ્સથી લઈને ઓફિસના મહત્વના ડોક્યુમેન્ટ્સ સુધી, આજકાલ વોટ્સએપ ચેટ હિસ્ટ્રીમાં ઘણું બધું હાજર છે.

આવી સ્થિતિમાં, જો તમે પણ તમારો ફોન નંબર બદલી રહ્યા છો અને તમારૂં વોટ્સએપ એકાઉન્ટ પહેલાની જેમ જ રાખવા માંગો છો, તો આ સ્ટેપને અનુસરો.

- જૂના ફોનમાં વોટ્સએપમાં સેટિંગ્સ પર જાઓ. એન્ડ્રોઇડમાં, આ વર્ટિકલ ડોટ્સ ઉપરના જમણા ખૂણામાં જોવા મળશે, જ્યારે iPhone વપરાશકર્તાઓ માટે, આ સેટિંગ નીચે જમણા ખૂણામાં જોવા મળશે.
- આ પછી તમારે એકાઉન્ટ પર ટેપ કરવું પડશે અને પછી નંબર બદલવો પડશે.
- આ પછી તમારે સ્ક્રીન પર આપવામાં આવેલી માહિતીની સમીક્ષા કરવી પડશે. આ અનિવાર્યપણે કન્ફર્મ કરે છે કે તમારો નંબર બદલવાથી તમારી એકાઉન્ટ વિગતો, ચેટ્સ અને સેટિંગ્સ માઇગ્રેટ થશે.
- આ પછી તમારે નેક્સ્ટ પર ટેપ કરવાનું રહેશે અને તમારા જૂના અને નવા બંને નંબર દાખલ કરવા પડશે.
- આ પછી તમારે તમારા સંપર્કોને કેવી રીતે નોટીફાઇડ કરવા માંગો છો તે પસંદ કરવાનું રહેશે. આ માટે ઓલ કોન્ટેક્ટ્સ, કોન્ટેક્ટ્સ આઈ હેવ ચેટ્સ વિથ અને કસ્ટમ જેવા વિકલ્પો ઉપલબ્ધ છે. કસ્ટમ દ્વારા તમે મેન્યુઅલી સંપર્કો પસંદ કરી શકો છો.
- આ પછી તમારે ટ્રાન્સફર પ્રોસેસર શરૂ કરવા માટે 'ડન' પર ટેપ કરવું પડશે.
- આ દરમિયાન, જો તમે તમારો ફોન અને સિમ કાર્ડ બંને બદલી રહ્યાં હોવ, તો તમારા જૂના ડીવાઇસ પર આ રીતે સ્થાનિક બેકઅપ બનાવો.
- સૌથી પહેલા વોટ્સએપ ઓપન કરો અને સેટિંગ્સમાં જાઓ.
- આ પછી ચેટ્સ પર ટેપ કરો અને ચેટ બેકઅપ પસંદ કરો.
- આ પછી દૈનિક, સાપ્તાહિક અથવા મેન્યુઅલ બેકઅપમાંથી પસંદ કરો.
- આ પછી બેક અપ પર ટેપ કરો. આ સાથે ચેટ્સ ફોનના સ્ટોરેજમાં સેવ થઈ જશે.

### અંબાણી પરિવારના જામનગરમાં પ્રિ-વેડીંગ સેરેમનીની દુનિયામાં ચર્ચા થઇ હતી હવે...

## અનંત-રાધિકાના શાહી લગ્ન જુલાઈમાં લંડનના મહેલમાં યોજાશે

### મુકેશ અંબાણીએ ૯૦૦ વર્ષ જુનો આ મહેલ ૨૦૨૧માં ૫૯૨ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો : લંડનમાં પણ વીવીઆઈપીઓનો જમાવડો જામશે : લગ્ન માટે બોલિવુડની સેલિબ્રિટીઓને આમંત્રણ મોકલાઇ ગયા



મુંબઇ, તા. ૨૩

દેશના સૌથી ધનિક બિઝનેસમેન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની જામનગરમાં ધામધૂમથી પ્રી-વેડિંગ સેરેમની યોજાઈ હતી. જેની દુનિયાભરમાં ચર્ચા થઈ હતી. હવે ફરી એકવાર અનંત-રાધિકા ચર્ચામાં આવ્યા છે. જુલાઈ મહિનામાં લંડનમાં બંનેના લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જામનગરના પ્રી-વેડિંગમાં જયાં રિહાનાથી લઈને એકોન સુધીના ગ્લોબલ સુપરસ્ટાર્સ, બોલિવૂડના ત્રણેય ખાન અને બી-ટાઉન સેલેબ્સનો જમાવડો જામ્યો હતો, તેમ હવે લંડનમાં ફરીથી લગ્નમાં VVIP મહેમાનોનો જમાવડો જામશે.

જુલાઈ મહિનામાં લંડનમાં આવેલા સ્ટોક પાર્ક એસ્ટેટમાં અનંત-રાધિકાના લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ માટેની તૈયારીઓ પણ ચાલુ થઈ ગઈ છે અને નીતા અંબાણી તમામ તૈયારીઓની જાતે દેખરેખ રાખી રહ્યા છે. અગાઉ પ્રી-વેડિંગ સેરેમનીમાં પણ અનંતે ૩ દિવસની ઈવેન્ટ પરિવાર અને મિત્રો માટે યાદગાર બનાવવા માટે માતા (નીતા અંબાણી) એ કરેલી તૈયારી બદલ તેમનો આભાર માન્યો હતો.

વિગતો મુજબ, લંડનમાં યોજાનારા આ લગ્ન માટે બોલિવૂડના સેલેબ્રિટીઓને આમંત્રણો પણ મોકલાઈ ચૂક્યા છે. જેથી તેઓ આ મુજબ પોતાના શેડ્યૂલ ગોઠવીને સમારોહમાં સામેલ થઈ શકે. અગાઉ જામનગરમાં પ્રી-વેડિંગ સેરેમનીમાં આમંત્રિત મહેમાનોને આમંત્રણની સાથે ૯-પેજનો ડ્રેસ કોડનો ફોટો વાઈરલ થયો હતો. લંડનમાં યોજાનારા લગ્નમાં પણ આમ હોઈ શકે છે.

૨૦૨૧માં મુકેશ અંબાણીએ લંડનના સ્ટોક પાર્કમાં આવેલી ૯૦૦ વર્ષ જૂની હેરિટેજ પ્રોપર્ટી રૂ. ૫૯૨ કરોડમાં ખરીદી હતી. શહેરની બહાર સ્થિત આ સુંદર ભવ્ય બંગલો ૧૭૬૦માં એક સૈનિક અને વિદ્વાન જોન પેન દ્વારા બનાવવામાં આવ્યો હતો. લગભગ ૪૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા આ મહેલમાં ૪૯ લક્ઝરી રૂમ, ૩ રેસ્ટોરન્ટ, ૧ જિમ, ૧ ગોલ્ફ કોર્સ, ૧૩ ટેનિસ કોર્ટ અને ૧ ઇન્ડોર સ્વિમિંગ પૂલ પણ છે. જોકે હજુ સુધી આ લગ્નમાં યોજાનારા ફંક્શન માટેની થીમ શું હશે તેની વિગતો સામે આવી નથી. વેડિંગ ગેસ્ટના લિસ્ટની વાત કરીએ તો તેમાં શાહરૂખ ખાન, સલમાન ખાન, બચ્ચન પરિવાર, રણવીર સિંહ, દીપિકા પાદુકોણ, વિરાટ કોહલી, અનુષ્કા શર્મા, કેટરીના કૈફ સહિત ઘણા મોટા સ્ટાર્સના નામ સામેલ છે.

## સતત પહોળા થતા માર્ગો અને પર્યટનથી હિમાલયની પવિત્રતા ઝંખવાઈ: હવા બની પ્રદુષિત

### છેલ્લા ૧૦ વર્ષમાં વાહનોનું આવન-જાવન ૨૦૦ ગણું વધ્યુ:વધતી ગાડીઓથી પ્રદુષણ ફેલાયું



નૈનિતાલ તા.૨૩

હિમાલયમાં સતત પહોળા થતા માર્ગો અંગે પર્યટનના કારણે વધતી ગાડીઓથી પ્રદુષણ ઝડપથી વધી રહ્યુ છે.તાજેતરનાં સંશોધનમાં બહાર આવ્યું છે કે હિમાલયની હવામા ૮૦ ટકા કાર્બનનો ભાગ જીવાશ્મ ઈંધણ અર્થાત પેટ્રોલ-ડીઝલના ધૂમાડાથી ફેલાઈ રહ્યો છે. ૨૦ ટકા ભાગ સેકન્ડરી સોર્સ મતલબ બાયોનાસનાં સળગવાનો છે.

આર્ય ભટ્ટ પ્રેક્ષણ વિજ્ઞાન સંશોધન સંસ્થાન (એરીઝ) નૈનિતાલનાં સંશોધકો અને દિલ્હી વિ.વિ.એ ચાર વર્ષ સુધી હિમાલયના જટીલ અને પ્રાચીન ભુભાગ પર કાર્બનયુકત એરોસોલનું અધ્યયન કર્યું છે.તેમાં જાણવા મળ્યુ છે કે હિમાલયમાં વાયુ પ્રદુષણ પર જીવાશ્મ ઈંધણનાં સળગવાની અસર આખુ વર્ષ પડી રહી છે. સંશોધનનું નેતૃત્વ ડો.પ્રિયંકા શ્રીવાસ્તવે કર્યુ છે.તેમાં હિમાલયની દવામાં ઉપસ્થિત દરેક પ્રકારનાં કાર્બનનાં વિભિન્ન તરંગ લંબાઈ પર ઓપ્ટીકલ અવષોશણમાં તપાસ કરવામાં આવી.હિમાલયમાં ગાડીઓની સંખ્યા અનેકગણી વધી ગઈ છે.

આ કારણે હવામાં જીવાશ્મ ઈંધણની ભાગીદારી ખૂબ જ વધી ગઈ છે. સંશોધન અનુસાર ઉતરાખંડ અને હિમાચલમાં ગત ૧૦ વર્ષમાં વાહનોનું આવન જાવન ૨૦૦ ગણુથી વધી ગયુ છે. ઓલ વેધર રોડ બની રહ્યા છે. આ કારણે લોકો પોતાની ગાડીઓથી પર્યટન સ્થળો સુધી પહોંચી રહ્યા છે.

### વરૂણ-નતાશા ટુંક સમયમાં બનશે પેરેન્ટસ

## નતાશાની બેબી શાવર પાર્ટીમાં સામેલ થઈ મીરા રાજપુત




મુંબઈ: વરૂણ ધવન અને નતાશા દલાલ ટુંક સમયમાં જ પેરેન્ટસ બનનાર છે. હાલમાં જ નતાશા દલાલે દોસ્તો અને પરિવારે એક બેબી શાવર (ખોળા ભરત) પાર્ટી યોજી હતી. આ પ્રસંગે શાહીદ કપુરની પત્નિ મીરા રાજપુત પણ સામેલ થઈ હતી અને તેણે પોતાની ઈન્સ્ટ્રાગ્રામ સ્ટોરીમાં આ ઈવેન્ટનાં કેકની તસ્વીર શેર કરી હતી. ટુ-ટીયર વેનિલા કેકમાં ટોપ પર એક સુંદર પીંક રેઈનબોની સાથે એક મોટો ટેડી બનેલો હતો. તેના પર સુંદર ફુલોની સજાવટ પણ બનાવાઈ હતી. કેકનાં કિનારે લખ્યુ હતું કે અભિનંદન નેટસ અને વીડી આ સાથે કેટલાંક ફોટા, પણ બહાર આવ્યા છે.જે સોશ્યલ મીડીયા પર વાયરલ થયા છે નતાશા તેના બેબીશાવરમાં સીમ્પલ લુકમાં ખુબ જ સુંદર દેખાય છે. તેના કેટલાંક મિત્રો તેની સાથે દેખાઈ રહ્યા છે.

## અયોધ્યામાં ૩૦ દેશોના ૯૦ પ્રવાસી ભારતીયોએ રામલલ્લાના દર્શન કર્યા

### અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, તિબેટ, તાઈવાન, યુએઈ, યુકે સહિતના દેશોના પ્રવાસી શ્રદ્ધાળુઓ સરયુ આરતીમાં સામેલ થયા



અયોધ્યા તા.૨૩

અત્રે રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા બાદ પહેલીવાર ૩૦ દેશોના ૯૦ પ્રવાસી ભારતીયોએ સોમવારે રામલલાના દર્શન કર્યા હતા.

તેમનું નેતૃત્વ વૈશ્વિક ભારત બ્રાન્ડ એમ્બેસેડર અને દિલ્હી સ્ટડી ગ્રુપના અધ્યક્ષ ડો. વિજય જોલીએ કર્યું હતું.

બધા શ્રદ્ધાળુઓનું મંદિર ટ્રસ્ટના પદાધિકારીએ રામનામી દુપટ્ટા ઓઢાડીને માથા પર ચંદનનું તિલક લગાવ્યું હતું. રામલલાના દર્શન કરવા આવેલા પ્રવાસી ભારતીયોમા ઓસ્ટ્રેલિયા, બ્રુનેઈ, ભૂતાન, કેનેડા, કેન્યા, મલેશિયા, સ્પેન, તિબેટ, યુકે, યુએઈ, અમેરિકા સહિત ૩૦ દેશોમાંથી આવ્યા હતા.

## 'કલ્કી ૨૮૯૮ એડી'નો અમિતાભનો અનોખો લુક બહાર આવ્યો

### ફિલ્મનો પ્રોમો સોશ્યલ મિડિયામાં વાયરલ




મુંબઈ:

નાગ અશ્વિનની 'કલ્કી ૨૮૯૮ એડી'માં અમિતાભ બચ્ચનના દમદાર પાત્રને લઈને છેલ્લા કેટલાંક મહિનાથી લોકોમાં ભારે ચર્ચા થઈ છે. ખુબ જ આતુરતાથી જેની રાહ જોવાય છે તેવી આ ફિલ્મમાં મીતાભબચ્ચન ઉપરાંત દિપિકા પાદુકોણ, પ્રભાસ અને કમલ હાસન પણ ચમકે છે પણ ફિલ્મમાં બિગબીનો રોલ વધુ ઈમ્પોર્ટન્ટ છે.

આરસીબી વર્સીસ કેકેઆરનાં લાઈવ આઈપીએલ મેચ દરમ્યાન કલ્કી ૨૮૯૮ એડીનો નવો પ્રોમો શેર કરવામાં આવ્યો છે. સાથે જ મેકર્સે બીગબીના લુક પણ શેર કર્યો છે. જેમાં તે ખુબ જ અલગ અને નવા પાત્રમાં નજરે પડશે.

ફિલ્મનાં ટીઝરથી ખુલાસો થયો છે કે આ આવનારી ફિલ્મમાં અમિતાભ બચ્ચન અશ્વસ્થામાના રોલમાં છે. ટીઝર પ્રોમોની શરૂઆત એક બાળકથી થાય છે જે બીગબીને પૂછે છે કે શું એ સાચુ છે કે તે (અશ્વત્થામાં) કયારેય મરી ન શકે? બાદમાં અમિતાભને તેનો પૂરો લુક દેખાડતા એમ કહેતો બતાવવામાં આવ્યો છે કે દ્વાપર યુગ સે દશાવતાર કી પ્રતિક્ષા કર રહા હું, દ્રોણાચાર્ય પુત્ર અશ્વત્થામાં.

કલ્કી ૨૮૯૮ એડી.માં અમિતાભ બચ્ચન ઘણા હટકે અને નવા જોવા મળે છે. આ લુક સોશ્યલ મીડીયામાં લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.




### ૨૦મી મેએ મહારાષ્ટ્રમાં મતદાન થનાર છે ત્યારે ......

## બોલિવૂડની હિરોઈનો આલિયા, કેટરિના, નોરા, જેક્લિન, સની લિયોની નહીં કરી શકે મતદાન



### આ હીરોઈનો ભલે વર્ષોથી બોલિવૂડમાં હોય પણ ભારતની નાગરિકતા નથી ઘરાવતી

મુંબઈ,તા.૨૩

ભારતમાં હાલ લોકસભા ચૂંટણી ચાલી રહી છે. ૧૯ એપ્રિલથી લઈને ૧ જૂન સુધી સાત અલગ અલગ તબક્કામાં આ ચૂંટણી આયોજિત થશે. પહેલા તબક્કામાં તમિલનાડુમાં મતદાન થયું જ્યાં રજનીકાંત અને કમલ હાસન સહિતના સ્ટાર્સે મતદાન કર્યું. તો હવે મહારાષ્ટ્રમાં ૨૦ મેનાં રોજ પાંચમા તબક્કાનું મતદાન થશે, જેમાં બોલિવૂડની મોટા ભાગની હસ્તિઓ વોટ આપશે. જો કે કેટલીક હસ્તિઓ એવી પણ છે કે જેમની પાસે મતદાન કરવાનો અધિકાર નથી, કોણ છે આ યાદીમાં સામેલ.

**કેટરીના કૈફ**

કેટરીના કૈફની પાસે ભારતીય નાગરિકતા નથી કેમકે તેનો જન્મ બ્રિટિશ હોંગકોંગમાં થયો હતો. આ જ કારણ છે કે હિન્દી સિનેમામાં પોતાના સફળ કરિયર છતાં કેટરીના ભારતમાં મતદાન કરવા માટે અયોગ્ય છે.

**આલિયા ભટ્ટ**

આલિય ભટ્ટ બોલિવૂડની જાણતી અભિનેત્રીઓમાંથી એક છે. જો કે તેમની પાસે મતાધિકાર નથી. આલિયાની પાસે પણ ભારતીય નાગરિકતા નથી. એવું એટલા માટે કેમકે તેનો જન્મ ઈંગ્લેન્ડના બર્મિંઘમમાં થયો હતો. આ શહેરમાં જ તેની માતા સોની રાઝદાન પણ જન્મ થયો હતો.

**નોરા ફતેહી**

નેરા ફતેહી મોરક્કોથી આવે છે, તેના માતા-પિતા બંને મોરક્કોથી છે. જો કે તેની પાસે કેનેડાઈ નાગરિકતા છે. આ કારણે જ તેની પાસે ભારતીય ચૂંટણીમાં મત આપવાની કાયદેસરતા નથી.

**જેકલીન ફર્નાન્ડીઝ**


જેકલીન ફર્નાન્ડીઝનો જન્મ બહેરીનમાં થયો હતો. તે શ્રીલંકાના પિતા અને મલેશિયાઈ માતાની દીકરી છે. આ જ કારણ છે કે તેની પાસે શ્રીલંકાની નાગરિકતા છે. તેથી તે ભારતીય ચૂંટણીમાં મતદાન કરવા માટે હકદાર નથી, કેમકે મતદાનનો અધિકાર માત્ર ભારતીય નાગરિકોને જ આપવામાં આવે છે.

**સની લિયોની**

કરનજીત કૌર ઉર્ફે સની લિયોની પાસે કેનેડાની નાગરિકતા છે. આ કારણસર તે પણ ભારતમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે મતદાન પ્રક્રિયામાં ભાગ નહીં લઈ શકે.

### સત્તા અને નાણાનો ઉપયોગ ચૂંટણીમાં કઇ હદે થઇ શકે છે તેનું સૌથી ખરાબ દ્રષ્ટાંત સામે આવ્યું છે

# સુરતના લોકોનો મતાધિકાર છીનવવાનો હકક કોણે આપ્યો ?



**ભારતીય રાજકારણમાં લોકશાહીનો અર્થ બદલાવવા લાગ્યો છે અને તે રાજકીય પક્ષો અને નેતાઓ માટે, તેમના દ્વારા અને તેમનાથી ચાલતી વ્યવસ્થા હોવાનું સુરતમાં દર્શાવી આપ્યું છે, સૌથી મોટો પ્રશ્ન એ છે કે એક પણ મત પડયા વગર જનપ્રતિનિધિ 'ચૂંટાયા' તેવું પ્રમાણપત્ર આપી જ કેમ શકાય, આ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિ આપણા લોકશાહીના મંદિરમાં બેસશે તેથી આ મંદિરને પણ આપણે કેટલું 'અભડાવી' દીધુ છે તે ખુલ્લુ થાય છે**

અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનનું એક વાકય વિશ્વ પ્રસિધ્ધ છે, લોકશાહી લોકોની, લોકો માટે અને લોકોથી ચાલતી વ્યવસ્થા છે પરંતુ ભારતીય રાજકારણમાં હવે તેનો અર્થ બદલાઇ ગયો છે લોકતંત્રની વ્યાખ્યા આપણા રાજકીય નેતાઓએ બદલી નાખી છે અને દેશમાં લોકશાહી નેતાઓ રાજકીય પક્ષો માટે તેમના દ્વારા અને તેમના લાભાર્થે જ ચાલતી હોય તેવા દ્રશ્યો અનેક વખત જોવા મળી રહ્યા છે જેમાં ગઇકાલે સુરતમાં જે રીતે લોકસભા ચૂંટણીની પ્રક્રિયામાં અત્યાર સુધીની સૌથી મોટી મજાક સર્જીને બીનહરીફ વિજેતા થયા પછી પ્રશ્ન એ ઉઠે છે કે આપણા જ નેતાઓ અવારનવાર અને ખાસ કરીને લોકોને લોકતંત્રની રક્ષા માટે મતદાન કરવા અપીલ કરે છે, મતદાનને આપણો પવિત્ર અધિકાર માનવામાં આવ્યો છે અને તે જ અધિકારને આપણા રાજકીય પક્ષોએ તેમની સતા લાલસા માટે અથવા તો વ્યકિતગત લાભ માટે અભડાવી દીધો છે અને છતાં પણ કોઇને અફસોસ નથી તે સૌથી મોટી કમનસીબી છે, સુરતના વિજયને પરાજયને રાજકીય પક્ષો ગમે તે રીતે મુલવવા માંગતા હોય પરંતુ એક વસ્તુ એ છે કે તેનાથી ૨૦૨૪ની ચૂંટણીને પહેલો દાગ લાગી ગયો છે હજુ ચૂંટણી પુરી થતા થતા દ્રશ્યો જોવા મળશે તે આપણા માટે કમનસીબી હશે. સુરતના લોકોને મતાધિકાર છીનવાયો, આ અધિકારી કોણે રાજકીય પક્ષોને, ઉમેદવારો કે ચૂંટણીપંચને પણ આપ્યો તે પ્રશ્નનો જવાબ મળવો જોઇએ વર્તમાન ચૂંટણી કાયદાઓને અનસુરીને થઇ છે પરંતુ તેમાં પણ કેટલી ગેરરીતિની ગંધ આવે છે તે સામાન્ય માનવી પણ જાણે છે. છેલ્લા બે દિવસથી સુરતમાં રાજકીય દ્રશ્યો બનતા જતા હતા તેનાથી લોકોને એ નિશ્ચિત થઇ ગયું હતું કે સત્તા કે પૈસાનો ખેલ ખેલાઇ રહ્યો છે અને તે સાચુ જ પડયું. સૌથો મોટો અફસોસ એ છે કે આ વિજયને જન ચુકાદા તરીકે મુલવવામાં આવી રહ્યો છે જયાં એક પણ મત ન પડયો હોય ત્યાં લોક પ્રતિનિધિ આપણા દેશના લોકશાહીના મંદિરમાં બિરાજશે ત્યારે તે લોકશાહીની કેવી પુજા કરશે તે પણ પ્રશ્ન સર્જાઇ ગયો છે.

**કોંગ્રેસ માટે કોઇ આંસુ સારવાનો સવાલ નથી કે ભાજપને દોષ દેવાનો પ્રશ્ન નથી કારણ કે હવેનું રાજકારણ જ આખુ મની, મસલ્સ પાવર, રાજકીય કાવાદાવા, વ્યકિતગત અને પક્ષના લાભો પર જ ચાલી રહ્યા છે, ચૂંટણી વ્યવસ્થા એક માત્ર બચી હતી કે જયાં લોકો પોતાનો અભિપ્રાય આપી શકે, સુરતના લોકોને તેનાથી વંચિત રાખવાની અધિકાર રાજકીય પક્ષો કે ઉમેદવારને કોણે આપ્યો ? અને શા માટે ચૂંટણી પંચ તેમાં મુકપ્રેક્ષક છે એટલું જ નહીં સુપ્રિમ કોર્ટે પણ આ ચૂંટણીની નોંધ લેવી જોઇએ કારણ કે લોકશાહી એ આપણા બંધારણની નસમાં છે અને બંધારણની સુરક્ષા એ સુપ્રિમ કોર્ટની પણ જવાબદારી છે, બંધારણીય સંસ્થાઓએ પણ કરોડરજજૂ બતાવવાનો સમય આવી ગયો છે**

પણ સૌથી મોટો પ્રશ્ન સુરતની જનતાને જે તેમના પ્રતિનિધિ ચૂંટવા મતાધિકાર અપાયો છે ભલે તેમાં ચોકકસ રાજકીય પક્ષના વિજેતા બનવા હોય તે નિશ્ચિત વાતાવરણ હતું અને લોકશાહી ઢબે ગમે તેટલી મતોની બહુમતીથી ચૂંટાઇ તેમાં કોઇ પ્રશ્ન ઉભો થઇ શકે નહીં પરંતુ સુરતની જનતાને એ પણ અધિકાર ન અપાયો તેમના ચૂંટાયેલા પ્રતિનિધિ દેશની સંસદમાં બેઠા છે આ પરિસ્થિતિ સર્જવા માટે ભાજપ-કોંગ્રેસ અને કેટલાક અંશે ચૂંટણી પંચ પણ જવાબદાર છે સૌથી વધુ ચૂંટણી કાનુનો જવાબદાર છે જે હવે ચૂંટણીને વધુને વધુ દાગી બનાવવામાં મદદરૂપ બને છે જે રીતે અપરાધીઓ એક એફીડેવીટથી પોતાનો અપરાધ જાહેર કરીને ચૂંટણી લડી શકે છે, અબજોપતિઓ પણ પોતાની મિલ્કતો જાહેર કરીને રાજકારણમાં આવે છે તેનાથી દેશની લોકશાહીની પ્રક્રિયામાં મની અને મસલ્સ પાવરનું લાંબા ગાળાથી વર્ચસ્વ બની રહ્યું છે અને તે દુર કરવાના અત્યાર સુધીના તમામ પ્રયત્ન નિષ્ફળ ગયા છે. ત્યાં વધુ એક દુષણ હવે ચૂંટણી પ્રક્રિયામાં સામેલ થયું છે અને તે કાયમી રોગ બની જશે તેવો ભય છે. તો એક પણ ઉમેદવાર સ્પર્ધામાં ન હોય તો ઇવીએમમાં નોટાનું બટન એટલા માટે જ રાખવામાં આવ્યું છે તેમાં ચૂંટણી લડતા ઉમેદવારોને પસંદ નથી તે પોતાના અધિકારને આ રીતે પણ દર્શાવી શકે છે અને તે અધિકાર પણ છીનવી લેવામાં આવ્યો છે.


આ સમગ્ર ઘટનાને રાજકીય રીતે મુલવીએ તો કોંગ્રેસ પક્ષ જે રીતે રાજકીય દેવળીયા દર્શાવી રહ્યો છે તેનાથી હવે આ પક્ષ પર આંસુ સારવાનો કોઇ પ્રશ્ન નથી. કોંગ્રેસની તમે જેટલી નિષ્ફળતાઓ ગણાવો તેટલી ઓછી છે દેશમાં લોકતંત્ર બચાવવા અને દેશને બચાવવા માટે ચૂંટણી લડી રહ્યાનો દાવો કરે છે જે પક્ષ પોતાના ઉમેદવારને બચાવી શકતો ન હોય તો દેશની લોકશાહીને કેવી રીતે બચાવી શકે તે પ્રશ્ન છે. સુરતમાં જે કંઇ બન્યુ તેમાં સત્તા અને નાણાનો ખેલ સૌથી મહત્વનો ભજવી ગયો અને ચૂંટણી તંત્ર જાણે અજાણે સામેલ થઇ ગયું તે દર્શાવે છે કે આપણી ચૂંટણી વ્યવસ્થા કેટલી સડવા લાગી છે અને દેશનું ચૂંટણી પંચે એ નોંધ લેવી જોઇએ કે એક પણ મત પડયા વગર તેને જ ઉમેદવારને ચૂંટાઇ ગયાનું સર્ટીફીકેટ આપ્યું છે. ચૂંટણી પંચે ભલે સંસદે બનાવેલા કાનુનથી બંધાયેલું હોય પરંતુ તેણે હવે કરોડરજજૂ બતાવવાનો સમય આવી ગયો છે કે જયારે તેને બંધારણે જે અધિકાર અને ફરજ સોંપી છે તેનું ૧૦૦ ટકા પાલન થાય તે જોવાઇ તો એક ચૂંટણી કમિશ્નર કે કોઇ એક અધિકારીનો પ્રશ્ન નથી સમગ્ર

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com


વ્યવસ્થાનો પ્રશ્ન છે. બીજી મહત્વની બાબત એ છે કે દેશની સુપ્રિમ કોર્ટે પણ સુરતની ચૂંટણીને એક ટેસ્ટ કેસ તરીકે લેવો જોઇએ. બંધારણને બચાવવાની જવાબદારી સુપ્રિમ કોર્ટની છે તેથી જ તેને સર્વોચ્ચ અદાલત તરીકે સંબોધન કરાઇ છે. ફકત કાનુન નહીં ન્યાય એ સુપ્રિમ કોર્ટનો ધ્યેય છે અને સુરતની જનતાને અન્યાય થયો છે તે પણ તેની સામે છે બંધારણમાં સુપ્રિમને અપાયા છે તો તેનો ઉપયોગ થવો જોઇએ. ફકત એક ઉમેદવાર કે તેના ટેકેદાર અથવા તો એક બે રાજકીય પક્ષો આખી ચૂંટણી પ્રક્રિયાને હાઇજેક કરી શકે નહીં તે નિશ્ચિત થવું જોઇએ.

રાજ્યસભામાં બેસવા માટે પણ ચૂંટાવું જરૂરી છે. નિયુકત સભ્યોનો પ્રશ્ન અલગ છે તે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતોની સેવા દેશ માટે લઇ શકાય તે માટે આપણા બંધારણના ઘડવૈયાઓએ કરેલી શ્રેષ્ઠ વ્યવસ્થા છે. તેનો પણ રાજકીય દુરૂપયોગ થઇ રહ્યો છે તે અલગ બાબત છે. લોકસભા કે જેને આમ લોકોના મતથી ચૂંટાયેલા પ્રતિનિધિઓની સભા તરીકે ઓળખવામાં આવે છે. તો તેમાં જયાં જનતાનો અવાજ ન હોય તેવા પ્રતિનિધિને મોકલી પણ કેમ શકાય તે પ્રશ્ન છે. રાજકીય પક્ષો કે નેતાઓને અહીં દોષ દેવાનો કોઇ અર્થ નથી. કારણ કે રાજકારણમાં જે રીતે નૈતિકતા હવે એન્ટીક બની ગઇ છે તે પછી તેમની પાસે અપેક્ષા રાખવી મુર્ખાઇ હશે. ચૂંટણી પંચ અને સુપ્રિમ કોર્ટ આ સ્થિતિમાં કંઇક કરી શકે તેવી લોકોને આશા છે અને જયારે લોકોની આશા હોય તો આ બંને સંસ્થાઓએ તેમાં ખરૂ ઉતરવું પડશે નહીંતર ભવિષ્ય તેમને પણ માફ નહીં કરે.

**ઈવીએમમાં 'નોટા'નો અધિકાર અપાયો જ છે, સુરતના મતદારો પાસેથી તે પણ છીનવી લેવાયો, ચૂંટણી કાનુનોમાં સુધારાનો સમય આવી ગયો છે જો રાજકીય પક્ષો ખરેખર લોકશાહીને વરેલા હોય અને લોકતંત્રને માનતા હોય તો તેને ફિકસ થયેલો ચુકાદો સ્વીકારવો જોઇએ નહીં, સુરતમાં જે બન્યુ તે લોકોને ખ્યાલ જ છે કે નાણાનો ખેલ ખેલાઇ ગયો છે, જો એક જ ઉમેદવાર રહેતા હોય તો તેને ચૂંટણી જ કેમ ગણી શકાય તે પ્રશ્ન છે અને છતા પણ લોકશાહીના નામે તેમ થયું છે અને તેને હવે 'ભેંટ' તરીકે પણ ગણાવાય છે જે દર્શાવે છે કે રાજકીય પક્ષોને અને નેતાઓને આ પ્રકારની પદ્ધતિ અપનાવવામાં કોઇ છોછ નથી**




## ચહલે મુંબઈ સામેની મેચમાં બનાવ્યો રેકોર્ડ, IPLમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો



જયપુર : મુંબઈ ઈન્ડિયન્સ સામે રમાઈ રહેલી IPL ૨૦૨૪ની ૩૮મી મેચમાં યુઝવેન્દ્ર ચહલે ઈતિહાસ રચ્યો હતો. તેણે તેની ૨૦૦મી વિકેટ લીધી. સ્ટાર સ્પિનરે પોતાની પહેલી જ ઓવરમાં મોહમ્મદ નબીને આઉટ કરીને આ સિદ્ધિ મેળવી હતી. ચહલ આઈપીએલના ઈતિહાસમાં ૨૦૦મી વિકેટ લેનારો પ્રથમ બોલર બન્યો છે.

ચહલ પછી ચેન્નાઈ સુપર કિંગ્સના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ડ્વેન બ્રાવોનું નામ આવે છે, જેણે IPLમાં ૧૮૩ વિકેટ લીધી હતી.

આરપી સિંહ IPLમાં ૫૦ વિકેટ પૂરી કરનાર પ્રથમ ખેલાડી હતો. પ્રથમ ૧૦૦ વિકેટ પૂરી કરવાનો રેકોર્ડ લસિથ મલિંગાના નામે છે. એટલું જ નહીં તેના નામે ૧૫૦ વિકેટ પૂરી કરવાનો રેકોર્ડ પણ છે.

ચહલે IPL ૨૦૧૩માં ડેબ્યૂ કર્યું હતું. અત્યાર સુધી તેણે ૧૫૩ મેચ રમી છે. તેની ૧૫૨ ઇનિંગ્સમાં તેણે તેની ઘાતક બોલિંગથી ૨૦૦ વિકેટ લીધી છે. તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન ૪૦ ઓવરમાં પાંચ વિકેટ લેવાનું રહ્યું છે. તે ૭.૭૧ના ઇકોનોમી રેટથી રન ખર્ચે છે.

**IPLમાં વિકેટ લેનાર પ્રથમ બોલર**

૫૦ વિકેટઃ આરપી સિંહ (૧૨ એપ્રિલ ૨૦૧૦)
૧૦૦ વિકેટઃ લસિથ મલિંગા (૧૮ મે ૨૦૧૩)
૧૫૦ વિકેટઃ લસિથ મલિંગા (૬ મે ૨૦૧૭)
૨૦૦ વિકેટઃ યુઝવેન્દ્ર ચહલ (૨૨ એપ્રિલ ૨૦૨૪)

## રાજસ્થાનની મુંબઈ સામે રોયલ જીત, MIને ૯ વિકેટે હરાવી સતત ત્રીજા મેચમાં વિજય મેળવ્યો : જયસ્વાલની સદી, સંદીપને પાંચ વિકેટ

**ફાસ્ટ બોલર સંદીપ શર્મા છેલ્લી ઓવરમાં ત્રણ વિકેટ ઝડપી, હેટ્રિક લેવાનો ચાન્સ હતો, પ્લેયર ઓફ ધી મેચ જાહેર**





જયપુર : IPL-૨૦૨૪માં રાજસ્થાન રોયલ્સે બીજી વખત સતત ત્રીજી જીત હાંસલ કરી છે. ટીમે સિઝનની ૩૮મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૯ વિકેટે હરાવ્યું હતું. ૧૭મી સિઝનમાં રાજસ્થાનની આ ૭મી જીત હતી, આ સાથે રોયલ્સ ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગઈ છે. બીજી તરફ મુંબઈ ૫મી મેચ હારી ગયું હતું.

સોમવારે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં મુંબઈએ ટોસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટીમે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા. રાજસ્થાને ૧૮૦ રનનો ટાર્ગેટ ૧૮.૪ ઓવરમાં એક વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો.

આરઆરના ઓપનર યશસ્વી જયસ્વાલે ૬૦ બોલમાં અણનમ ૧૦૪ રન કરી સદી ફટકારી હતી. તેણે ૯ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. જોસ બટલરે ૩૫ રન અને કેપ્ટન સંજુ સેમસને ૩૮ અણનમ રનનું યોગદાન આપ્યું હતું. MI તરફથી પિયુષ ચાવલાને એક માત્ર વિકેટ મળી હતી.

મુંબઈ તરફથી તિલક વર્માએ ૪૫ બોલમાં ૩ સિક્સર વડે ૬૫ રનની અડધી સદીની ઈનિંગ રમી હતી, જ્યારે નેહલ વાધેરા ૪૯ રન બનાવીને આઉટ થયો હતો. મોહમ્મદ નબીએ ૨૩ રનનું યોગદાન આપ્યું હતું. રાજસ્થાન તરફથી સંદીપ શર્માએ ૫ વિકેટ લીધી. ટ્રેન્ટ બોલ્ટને ૨ વિકેટ મળી હતી. યુઝવેન્દ્ર ચહલે એક વિકેટ લીધી હતી.

**ભર ઉનાળે રાજસ્થાનમાં વરસાદના કારણે અડધો કલાક રમત બંધ રહી હતી**

પાવરપ્લે બાદ જયપુરમાં વરસાદના કારણે રમત રોકવી પડી હતી. આ મેચ લગભગ ૪૫ મિનિટ સુધી રોકવી પડી હતી. વરસાદ બંધ થયા બાદ મેચ શરૂ થઈ હતી.

**રાજસ્થાને બટલરને ઈમ્પેકટ પ્લેયર બનાવ્યો હતો**

રાજસ્થાને જોસ બટલરને ઈમ્પેકટ પ્લેયર બનાવ્યો છે. તે ચહલની જગ્યાએ મેદાન પર આવ્યો હતો. બીજી ઓવરમાં મુંબઈએ સૂર્યકુમાર યાદવની જગ્યાએ નુવાન તુષારને ઈમ્પેકટ પ્લેયર બનાવ્યો છે.



## પુત્રના લગ્ન પહેલા નીતા અંબાણી પહોંચ્યા શિરડી 'સાંઈ દરબાર'

**IPLમાં ખરાબ પ્રદર્શન કરી રહેલ તેમની ટીમ મુંબઈ ઈન્ડિયન્સ માટે પ્રાર્થના કરી, MI ની જર્સી પહેરી પહોંચ્યા**

મુંબઈ : દેશના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પત્ની અને રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણી શિરડી સાંઈના દરબારમાં પહોંચ્યા હતા. નીતા અંબાણીએ રાધિકા મર્ચન્ટ સાથે તેમના નાના પુત્ર અનંત અંબાણીના લગ્ન પહેલા સાંઈ દરબારમાં પૂજા અર્ચના કરી હતી. જ્યારે IPLમાં મુંબઈ ઈન્ડિયન્સની સફળતા માટે પ્રાર્થના પણ કરી હતી.

નીતા અંબાણીએ શિરડી સાંઈની મુલાકાત લીધી તેના થોડાં દિવસો પહેલા અનંત અંબાણીએ મધ્યપ્રદેશના દતિયા સ્થિત પિતાંબરા મા પીઠની પણ મુલાકાત લીધી હતી. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન આ વર્ષે જુલાઈમાં થવાના છે.

નીતા અંબાણીએ શિરડી સાંઈ મંદિરમાં ૨૧ દીવા પ્રગટાવીને પ્રાર્થના કરી હતી. રાત્રે દર્શન કર્યા બાદ તે આવતીકાલે સવારે ફરી મંદિરે જશે. કહેવામાં આવી રહ્યું છે કે નીતા અંબાણીએ પોતાની IPL ટીમ મુંબઈ ઈન્ડિયન્સની સફળતા માટે મંદિરમાં પ્રાર્થના પણ કરી છે.

વર્તમાન IPL ટૂર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન જરા પણ સારું રહ્યું નથી. તે ટીમ ટેલીમાં ૮મા નંબર પર છે. મુંબઈ ઈન્ડિયન્સને હાલમાં ૮માંથી ૫ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

## સેના અને શસ્ત્રો પર ખર્ચ કરનાર ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો દેશ છે, ૨૦૨૩માં ૮૩.૬ બિલિયન ડોલર ખર્ચ્યો

ન્યુ દિલ્હી : સૈન્ય અને શસ્ત્રો પર ખર્ચની બાબતમાં ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો દેશ છે. કુલ ૧૦ દેશોએ સૈન્ય શસ્ત્રો પર ખૂબ ખર્ચ કર્યો છે. અમેરિકા આમાં ટોચ પર છે. સ્વીડનની સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SIPRI) એ સોમવારે જાહેર કરેલા એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કર્યો છે. રિપોર્ટ અનુસાર, વિશ્વના વિવિધ દેશો હાલમાં હથિયારો, દારૂગોળો અને અન્ય સૈન્ય સાધનો પર જેટલી રકમ ખર્ચી રહ્યા છે તેટલી રકમ અગાઉ ક્યારેય નથી થઈ.

રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૩માં સૈન્ય ખર્ચ ૨૦૨૨ની સરખામણીમાં ૬.૮ ટકા વધીને ૨૪.૪ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયો છે. જ્યારે ૨૦૨૨માં તે ૨૨.૪ ટ્રિલિયન હતું. રિપોર્ટ અનુસાર, ૨૦૦૯ પછી એક વર્ષમાં આ સૌથી મોટો વધારો છે અને સતત નવમા વર્ષે જ્યારે ખર્ચમાં વધારો થયો છે. આ વૃદ્ધિમાં સૌથી વધુ યોગદાન આપનાર દસ દેશોના સૈન્ય ખર્ચમાં જબરદસ્ત વધારો થયો છે.

સૌથી વધુ સૈન્ય ખર્ચ કરનારા દેશોમાં અમેરિકા ટોચ પર છે અને ચીન બીજા સ્થાને છે. ૨૦૨૩ માં, અમેરિકા સંરક્ષણ પર ૯૧૬ બિલિયન ખર્ચ કરશે, જે વિશ્વભરના કુલ ખર્ચના ૩૭% કરતાં વધુ છે.

બીજા સ્થાને ચીન છે, જેનો ખર્ચ અમેરિકાનો એક તૃતીયાંશ જેટલો છે. તેણે ૨૯૬ બિલિયનનો ખર્ચ કર્યો, જે કુલ ખર્ચના ૧૨% છે. આ ૨૦૨૨ કરતાં ૬% વધુ છે. આ બંને દેશોએ કુલ ખર્ચમાં અડધો હિસ્સો આપ્યો હતો.

**ભારતે ૨૦૨૩માં ૮૩.૬ બિલિયન ડોલર ખર્ચ્યા.**

સૈન્ય ખર્ચની દષ્ટિએ ભારત ચોથો સૌથી મોટો દેશ છે જેણે ૮૩.૬ બિલિયન ડોલર ખર્ચ્યા. જે ૨૦૨૨ની સરખામણીમાં ૪.૨ ટકા વધુ છે. ૨૦૨૨ માં સૌથી વધુ ખર્ચ કરનારા પાંચ દેશો ૨૦૨૩ માં સમાન સ્થિતિમાં છે. રશિયા આમાં ત્રીજા નંબર પર છે. આ પછી ભારત અને સાઉદી અરેબિયા આવે છે. ૨૦૨૩માં રશિયાનો ખર્ચ ૨૦૨૨ની સરખામણીમાં ૨૪ ટકા વધીને ૧૦૯ બિલિયન સુધી પહોંચ્યો છે. રશિયાએ ૨૦૧૪માં ક્રિમિયાને યુક્રેનથી અલગ કર્યા પછી આ ૫૭ ટકાનો વધારો છે. રશિયા તેના જીડીપીના ૫.૯ ટકા સેના પર ખર્ચ કરે છે.

**રશિયા-યુક્રેન યુદ્ધ પણ એક મુખ્ય કારણ**

SIPRI સંશોધક લોરન્ઝો સ્કેરાઝાટોએ જણાવ્યું હતું કે, લશ્કરી ખર્ચમાં વધારા માટેનું એક મુખ્ય કારણ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ છે. સૈન્ય ખર્ચના મામલે યુક્રેન આઠમો સૌથી મોટો દેશ રહ્યો છે. તેનો ખર્ચ ૫૧ ટકા વધીને ૬૪.૮ બિલિયન સુધી પહોંચ્યો છે, જે તેના કુલ જીડીપીના ૩૭ ટકા છે. લશ્કરી ખર્ચમાં સૌથી વધુ વધારો ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં જોવા મળ્યો હતો, જ્યાં સરકાર અને બળવાખોરો વચ્ચે યુદ્ધ ચાલુ છે. તેના ખર્ચમાં ૧૦૫ ટકાનો વધારો થયો છે.





## કોહલીને અમ્પાયર સાથે તકરાર કરવી ભારે પડી : મેચ ફીનો ૫૦ ટકા દંડ



કોલકતા : કોલકાતા સામે રમાયેલી બેંગલોરની મેચમાં વિરાટ કોહલીની વિકેટ વિવાદાસ્પદ રહી હતી. કોહલીને જે રીતે આઉટ આપવામાં આવ્યો હતો તેના કારણે તે ઘણો જ રોષે ભરાયો હતો. કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં વિરાટ કોહલી પોતાની વિકેટને લઈને ખૂબ જ ગુસ્સામાં જોવા મળ્યો હતો અને તેનો ગુસ્સો એટલો હતો કે તેણે અમ્પાયર સાથે તકરાર કરી હતી. વિરાટ કોહલીને હર્ષિત રાણાએ કેચ એન્ડ બોલ્ડ કર્યો હતો. જોકે, વિરાટ કોહલીનું માનવું હતું કે તે બોલ નો બોલ હતો. જોકે, થર્ડ અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો હતો. આ જ કારણ છે કે વિરાટ કોહલી અમ્પાયર સાથે દલીલ કરવા લાગ્યો હતો. જોકે, હવે કોહલીને તેના આ વર્તન બદલ દંડ ભોગવવાનો વારો આવ્યો છે. વિરાટ કોહલીને IPL કોડ ઓફ કન્ડકટની કલમ ૨.૮ હેઠળ લેવલ ૧ માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો. વિરાટ કોહલીએ પણ પોતાનો ગુનો કબૂલી લીધો અને મેચ રેફરીની સજા સ્વીકારી લીધી. આચાર સંહિતાના લેવલ ૧ ભંગ માટે મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા છે. કોહલીને તેની મેચ ફીના ૫૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે, એટલે કે કોહલીને તેની અડધી મેચ ફી દંડ પેટે ભરવી પડશે.

### ગુજરાતની ૨૫ લોકસભા તથા ૫ વિધાનસભા બેઠકો પરનું ચુંટણી ચિત્ર સ્પષ્ટ


# ગુજરાતના લોકસભા ચૂંટણી જંગમાં ૨૦૦૯ પછી સૌથી ઓછા ઉમેદવાર

## સૌરાષ્ટ્ર-કચ્છની ૮ બેઠકોમાં ૯૨ ઉમેદવારો વચ્ચે જંગ થશે: ભાવનગર તથા કચ્છ સિવાયની બેઠકોમાં ૨૦૧૯ કરતા સંખ્યા ઘટી

અમદાવાદ તા.૨૩

ગુજરાતમાં આગામી ૭ મે ના રોજ યોજાનારી લોકસભાની ૨૫ તથા વિધાનસભાની પાંચ બેઠકોની ચુંટણી માટેનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. લોકસભા માટે ૨૬૬ તથા પાંચ ધારાસભા બેઠકોની પેટાચૂંટણી માટે ૨૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

ગુજરાતની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો ગઈકાલે સોમવારે અંતિમ દિવસ હતો અને તે સાથે ચુંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ હતું. સુરતની લોકસભા બેઠક બીનહરીફ થતા હવે ૨૫ બેઠકો પર ચુંટણી થવાની છે અને તેમાં ૨૬૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ૨૦૦૯ પછી ગુજરાતમાં સૌથી ઓછા ઉમેદવારો છે. ૨૦૧૯ની સરખામણીએ પણ ૨૮ ટકા ઓછા ઉમેદવાર છે. રાજયની લગભગ તમામ



## લોકસભા માટે ૨૬૬ અને વિધાનસભાની ૫ બેઠકો પર ૨૪ ઉમેદવારો મેદાનમાં: અમદાવાદ પુર્વની બેઠક પર સૌથી વધુ ૧૮ તથા બારડોલીમાં માત્ર ૩ વચ્ચે મુકાબલો

બાદ કરતા મુખ્યત્વે દ્વિપક્ષી સીધો મુકાબલો થવાનો છે. ૨૫માંથી ૨૩ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે તથા ભાવનગર-ભરૂચની બેઠકમાં ભાજપ-આપ વચ્ચે જંગ થશે. ચુંટણી જોડાણ અંતર્ગત આ બન્ને બેઠકો કોંગ્રેસે આમ આદમી પાર્ટી (આપ)ને ફાળવી હતી.

ગુજરાતની સૌથી વધુ ૧૮ ઉમેદવાર અમદાવાદ પુર્વની બેઠકમાં છે જયારે બારડોલીની બેઠક પર સૌથી ઓછા-માત્ર ત્રણ ઉમેદવાર મેદાનમાં છે. રાજકોટની બેઠક પર ૯ ઉમેદવારો વચ્ચે જંગ જામશે.

સૌરાષ્ટ્ર-કચ્છની આઠ બેઠકોને લાગેવળગે છે ત્યાં સુધી ૯૨ ઉમેદવારો ચુંટણી મેદાનમાં રહ્યા છે. ૨૦૧૯ની સરખામણીમાં ભાવનગર તથા કચ્છને બાદ કરતા અન્ય તમામ છ બેઠકો પર ઉમેદવારોની સંખ્યા ઘટી છે. રાજકોટમાં ૨૦૧૯માં ૧૦ ઉમેદવારો હતા તે આ વખતે ૯ છે. અમરેલીમાં ૧૨ની સરખામણીએ ૮, જુનાગઢમાં ૧૨ સામે ૧૧, પોરબંદરમાં ૧૭ની સરખામણીએ ૧૨, જામનગરમાં ૨૮ની સરખામણીએ ૧૪, ભાવનગરમાં ૧૦ સામે ૧૩, સુરેન્દ્રનગરમાં ૩૧ સામે ૧૪ તથા કચ્છમાં ૨૦૧૯માં ૧૦ની સરખામણીએ આ વખતે ૧૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

**ઉમેદવારોની સંખ્યા**

| ચુંટણીવર્ષ | ઉમેદવારો |
|---|---|
| ૧૯૯૬ | ૫૭૭ |
| ૧૯૯૮ | ૧૩૯ |
| ૧૯૯૯ | ૧૪૯ |
| ૨૦૦૪ | ૧૬૨ |
| ૨૦૦૯ | ૨૯૩ |
| ૨૦૧૪ | ૨૮૪ |
| ૨૦૧૯ | ૩૭૧ |
| ૨૦૨૪ | ૨૬૬ |

લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાંથી કુલ ૪૩૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. ચકાસણીમાં ૧૦૫ રદ થતા ૩૨૮ બાકી રહ્યા હતા. તેમાંથી ૬૨ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચતા હવે ૨૬૬ ચુંટણી મેદાનમાં રહ્યા છે.

પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીને લાગેવળગે છે ત્યાં સુધી કુલ ૫૮ ફોર્મ ભરાયા હતા તેમાંથી ૩૧ રદ થયા હતા અને ત્રણ પાછા ખેંચાતા હવે ૨૪ ઉમેદવારો વચ્ચે જંગ રહ્યો છે. સૌથી વધુ આઠ ઉમેદવારો વિજાપુર બેઠકમાં રહ્યા છે જયારે વાઘોડીયા બેઠકમાં માત્ર બે જ ઉમેદવારો છે. આ બેઠક પર પુર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે પણ અપક્ષ તરીકે ઝુકાવ્યુ હતું પરંતુ પછી કોંગ્રેસને ટેકો જાહેર કરીને ફોર્મ પાછુ ખેંચી લીધુ હતું. ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં છેલ્લા ત્રણ દાયકામાં સૌથી વધુ ૫૭૭ ઉમેદવાર ૧૯૯૬માં હતા.

# વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ક્ષૌરકર્મી યુવકે પોલીસ કમિશ્નર કચેરીએ ફીનાઈલ પીધુ

## ૨૦ ટકા લેખે લીધેલા ૨૦ હજાર પરત આપી દીધા હોવા છતાં વ્યાજખોરોએ એકાઉન્ટ ખોલાવી તેમાં દુબઈથી ટ્રાન્ઝેકશન કરાવ્યા : અમિત હિરાણીને સારવારમાં ખસેડાયા

રાજકોટ, તા. ૨૩

વ્યાજખોરોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે વધુ એક વ્યાજખોરોનો ભોગ બનેલા ક્ષૌરકર્મી યુવકે પોલીસ કમિશ્નર કચેરીએ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ જય જવાન જય કિસાન સોસાયટી, ન્યુ જકાતનાકાની સામે રહેતા અમિત કાંતિભાઈ હિરાણી (ઉ.વ.૩૬)એ આજે બપોરના સમયે પોલીસ કમિશનર કચેરીએ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી.



વધુમાં મળેલ વિગત મુજબ યુવાને આજથી થોડા સમય પહેલા ક્રાઈમ બ્રાંચમાં અરજી આપી હતી જેમાં વ્યાજખોર રાજુ મનુ પટેલ, અંકિત મનુ પટેલ, ગૌતમ ડાયા સાકરીયા, નિરવ વિનોદ મુંગરા, અંકિત પ્રવિણ સોલંકી તેમજ ઈન્ડુસ બેંકના જવાબદાર અધિકારીઓના નામ આપ્યા હતા. જેમાં જણાવ્યું હતું તેઓના માતુશ્રીનું અવસાન થતા લૌકિક ક્રિયા માટે રૂપિયા વ્યાજે લીધા હતા જેમનું આરોપી રાજુ અને અંકિતે ૧૦-૧૦ ટકા વ્યાજ આપવાનું કહ્યું હતું. જે પૈસા તેમને પરત આપી દીધા હોવા છતાં આરોપીઓએ ધાકધમકી આપી દંપતિના એકાઉન્ટ ખોલાવી તે એકાઉન્ટમાં દુબઈ સહિતના દેશોમાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવી ચેકથી ઉપાડી લેતા હતા. જે વ્યાજખોરોની ધમકી અને બેંકના અવ્યવહારોને કારણે ક્રાઈમ બ્રાન્ચમાં અરજી આપવા છતાં પોલીસે પણ કોઈ કાર્યવાહી ન કરતા કંટાળીને પગલુ ભર્યુ હતું.

# ભરણપોષણ ન ચુકવનાર પતિને ૫૦ દિવસની સજા ફટકારતી કોર્ટ

## હેતલબેને તેમના પતિ ઉમેશભાઇ સોલંકી સામે ભરણપોષણ મેળવવાની અરજી કરી હતી



અમિત ગડારા
એડવોકેટ

રાજકોટ, તા. ૨૨

પત્નીને ભરણપોષણની રકમ નહીં ચુકવનાર પતિને ૫૦ દિવસની જેલની સજાનો હુકમ ફેમીલી કોર્ટે કર્યો છે.

કેસની હકીકત એવી છે કે અરજદાર હેતલબેન ઉમેશભાઇ સોલંકી (રહે. રાજકોટ)એ પોતાના પતિ ઉમેશભાઇ નરશીભાઇ સોલંકી (રહે. સોમનાથ, જી. ગીર-સોમનાથ) વિરૂધ્ધ ક્રિ.પો.કોડની કલમ ૧૨૫ મુજબ ભરણપોષણ મેળવવા ફેમીલી કોર્ટમાં અરજી કરેલ તેમાં કોર્ટે અરજદારની અરજી મંજુર કરી માસીક રૂા. ૭૦૦૦ ચુકવવા તેવો હુકમ સામાવાળા વિરૂધ્ધ કરેલ હતો. જે હુકમનું સામાવાળા પાલન કરતા ન હોય તેથી અરજદારે તેમના એડવોકેટ અમીત ગડારા ૫ માસની ચડત ભરણપોષણની રકમ રૂા. ૩૫૦૦૦ મેળવવા રાજકોટની ફેમીલી કોર્ટમાં અરજી કરેલ હતી. કોર્ટે સામાવાળા વિરૂધ્ધ નોટીસ ઇસ્યુ કરેલ. કોર્ટે બાકી રકમ ભરપાઇ કરવાનું કહેતા સામાવાળાએ રકમ ભરપાઇ કરવાની ના પાડેલ જેથી કોર્ટે તેમને જયુડીશીયલ કસ્ટડીમાં લીધેલ તેમજ સામાવાળાને ચડત રકમ ન ભરવાની કસુર બદલ ૫૦ દિવસની સાદી જેલ સજા કરવાનો હુકમ કરેલ હતો તેમજ જુની સજા પુરી થયેથી હાલની સજાની અમલવારી રહેશે તેવો પણ હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં હેતલબેન સોલંકી તરફે ફેમીલી કોર્ટના લીગલ એઇડના પેનલ વકીલ અમિત ગડારા રોકાયા હતા.

# મનપાની પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશમાં વધુ ૧૦૫ વેપારીઓ દંડાયા

## ત્રણેય ઝોનમાંથી ૭.૧૬૦ કિ.ગ્રા.પ્લાસ્ટિક જપ્ત: ગંદકી કરનાર આસામીઓ પાસેથી રૂા.૨૫ હજારનો વહીવટી ચાર્જ વસૂલાયો

રાજકોટ,તા.૨૩

રાજકોટ મનપા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૫ આસામીઓ પાસેથી ૭.૧૬૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૨૫૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૪ આસામીઓ પાસેથી ૨.૩૭૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૭૦૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.



વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૯ આસામીઓ પાસેથી ૩.૯૬૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૨૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૦.૮૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પેસુકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# શાપરના સિરપ કાંડમાં દસ મહિનાથી ફરાર રાજકોટનો સલીમ કાણીયા ઝબ્બે

## શાપરમાંથી બનાવટી સિરપ બનાવવાની આખી ફેક્ટરી ઝડપાઇ હતી

શાપર, તા.૨૩

શાપરના સિરપ કાંડમાં દસ મહિનાથી ફરાર રાજકોટનો સલીમ કાણીયા (રહે. બજરંગ વાડી, મોમીનનગર, શેરી નં.૧૦, રાજકોટ) પોલીસના હાથે પકડાઈ ગયો છે.

શાપર ગોડાઉનમાંથી ઝડપાયેલા નકલી સિરપની ફેક્ટરીના પ્રકરણમાં સંડોવાયેલ આરોપી સલીમ બચુ કાણીયા રાજકોટના બજરંગવાડી વિસ્તારના મોમીનનગરનો રહેવાસી હતો. જે છેલ્લા ૧૦ માસથી ફરાર હતો. જે શાપરના પારડી ગામ પાસે હોવાની બાતમી મળતા રુરલ એલસીબીના પોલીસમેન અબ્બાસભાઈ ભારમલ અને એએસઆઈ બ્રિજરાજસિંહ જાડેજાને મળતા પીઆઈ વી.વી.ઓડેદરા તથા પીએસઆઇ એચ.સી.ગોહીલના માર્ગદર્શન હેઠળ બાલકૃષ્ણ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, દિગ્વિજયસિંહ રાઠોડ સહિતના સ્ટાફે સિરપ પ્રકરણમાં ફરાર સલીમ બચુ કાણિયાને ઝડપી લઈ શાપર પોલીસને હવાલે કર્યો હતો.

# સગીરા સાથે દુષ્કર્મના ગુનામાં આરોપીની માનવતાના ધોરણે વચગાળાના જામીન ઉપર છૂટવાની અરજી રદ

## આરોપી રફીક સૈયદ બિન બકર વિરુદ્ધ મહિલા પોલીસ મથકે ગુનો દાખલ થયો હતો

રાજકોટ, તા.૧૯

ગત વર્ષ માર્ચ ૨૦૨૩માં મહિલા પોલીસ મથકે પોક્સોની ફરિયાદ નોંધાઇ હતી. જેમાં રાજકોટમાંથી ૧૬ વર્ષની સગીરાનું અપરણ કરી તેના ઉપર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં આરોપી રફીક સૈયદ બિન બકરની પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કરાયો હતો. આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં દાખલ કરેલ અને આ કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા આરોપી દ્વારા તેના કુટુંબની આર્થિક પરિસ્થિતિનું કારણ બતાવી માનવતાના ધોરણે ૩૦ દિવસ માટે વચગાળાના જામીન ઉપર છૂટવા માટે જામીન અરજી કરતા સરકાર તરફે છે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે, આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે. આવા ગુનાના આરોપીને માનવતાના ધોરણે જામીન આપવા જોઈએ નહીં. જો જામીન આપવામાં આવશે તો આરોપી નાસી ભાગી જશે. કેસ ચાલવામાં વિલંબ થશે. તે રજૂઆતને ધ્યાને લઈ સ્પે. કોર્ટના જજ જે.ડી. સુથારે જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# નવગામમાં વર્લી ફીચરના આંકડા લખી જુગાર રમતા સાત બાજીગરો ઝડપાયા

## બી ડિવિજન પોલીસે જુગારીઓ પાસેથી ૧.૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ તા.૨૩

નવગામમાં વર્લી ફીચરના આંકડા લખી જુગાર રમતા સાત બાજીગરોને બી ડિવિજન પોલીસે પકડી પાડયા હતા.પોલીસે

જુગારીઓ પાસેથી ૧.૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવની વિગત મુજબ બી ડિવિજન પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન હેડ કોન્સ્ટેબલ કે. એન. જાડેજા, કોન્સ્ટેબલ વિશ્વજીતસિંહ ઝાલા, જયદીપસિંહ બોરાણા ભાનુશંકર પાંચલા, રાજદિપભાઈ પટગીર તથા જગદીશભાઈ વાંકને બાતમી મળી હતી કે નવાગામ બસ સ્ટેશન પહેલા એચ. એચ. ટ્રાન્સપોર્ટ સામે વર્લી મટકાનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે દરોડો પાડી તે સ્થળ પરથી વિશાલ મનસુખભાઈ ઝાપડા (ઉ.વ.-૨૩ રહે- નવાગામ આણંદપર), હરજી ભીમાભાઈ જોડા (ઉ.વ.-૩૯ રહે-સાત હનુમાનજી મંદિર સામે દેવનગર ઢોરા મ.પા રામાપીરના મંદિર પાસે રાજકોટ), લખમણભાઈ તળશીભાઈ ધામેચા (ઉ.વ.-૭૦ રહે- નવાગામ (આણંદપર) બસ સ્ટેશન સામે શેરી નં.-૦૫), જગાભાઈ ધરમશીભાઈ રાઠોડ (ઉ.વ.-૫૫ રહે- સાત હનુમાનજી મંદિર સામે દેવનગર), નિલેશભાઈ હરીભાઈ જોષી ( ઉ.વ.-૫૫ રહે- નવાગામ (આણંદપર) શક્તિ સોસાયટી શેરી નં.-૦૪ રાજકોટ), પનજીભાઈ ઓધવજીભાઈ વાડોલીયા ( ઉ.વ.-૬૦રહે- જામનગર રોડ બજરંગ વાડી શેરી નં.-૧૪), ફિરોજભાઈ અલાઉદ્દીનભાઈ ઘાડા ( ઉ.વ.-૫૪ રહે- કોઠારીયા રોડ નિલકંઠ ટોકીઝ પાછળ ભરતવન સોસાયટી શેરી નં.-૦૧ ) ને દબોચી લઈ પોલીસે જુગારીઓ પાસેથી ૧.૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# મિલ્કતના વિવાદમાં પુત્રએ માતા-પિતા અને પિતરાઈ ભાઈની હત્યાની સોપારી આપી : શૂટરોએ ભુલથી મહેમાનોને ઠાર માર્યા

## કર્ણાટકની ઘટના : સોપારી આપનાર પુત્ર અને શૂટર ગેંગના ૭ની ધરપકડ

બેંગ્લોર, તા. ૨૩

કર્ણાટકમાં એક અત્યંત દર્દનાક ઘટનામાં એક પુત્રએ તેના માતા-પિતા તથા પિતરાઈની હત્યા કરવા રૂા. ૬૫ લાખમાં એક ગેંગને સોપારી આપી હતી. પરંતુ શુટરે ભુલથી તેના માતા-પિતાને બદલે તેમને ત્યાં આવેલા ત્રણ મહેમાનોને હત્યા કરી હતી. મિલ્કતના વિવાદમાં આ હત્યાકાંડ સર્જાયો હતો. કાર્તિક બાકેલા નામના યુવકે કૌટુંબિક મિલ્કત વિવાદમાં તેના પિતા પ્રકાશ અને માતા સુનંદા તેમજ પિતરાઇ ભાઇ કે જે આ મિલ્કતમાં વારસદાર હતો. તેની હત્યા માટે એક સ્થાનિક ગેંગને સોપારી આપી હતી. પરંતુ હત્યારાઓએ વહેલી સવારે ૨.૩૦ કલાકે કુટુંબના નિવાસમાં ઘુસી જઇને તેમના માતા-પિતાને બદલે ત્રણ મહેમાનો અને એક પિતરાઇ ભાઇની હત્યા કરી હતી અને નાસી છુટયા હતા. પોલીસે આ કેસમાં સોપારી આપનાર વિનાયક અને અન્ય ૭ની ધરપકડ કરી છે. વિનાયકે તેના પિતાના પ્રથમ લગ્નનો પુત્ર હતો અને તેનો પિતરાઇ ભાઇ કાર્તિક એ બીજા લગ્નથી થયેલ સંતાન હતું. આ હત્યાકાંડમાં વિનાયકે એવું ધાર્યુ હતું કે માતા-પિતાની હત્યાનો આરોપ તેના પિતરાઇ ભાઇ પર આવશે અને તેણે બાદમાં આત્મહત્યા કરી છે તેવો શીન ઉભો કરવાનો હતો. શૂટરના હાથે તેમના ઘરે આવેલા ત્રણ મહેમાનો જેમાં પતિ-પત્ની અને પુત્રીનો સમાવેશ થાય છે તેમની હત્યા કરી હતી. ગોળીબારનો અવાજ સાંભળીને પિતરાઇ ભાઇ કાર્તિક નીચે આવ્યો તો હત્યારાઓએ તેને ઠાર માર્યો હતો.

# તાઈવાન આખી રાત ભૂકંપ-આફટરશોકથી ધણધણ્યું : ૮૦ આંચકા અનુભવાયા

## સૌથી મોટો આંચકો ૬.૩ની તિવ્રતાનો નોંધાયો : ઈમારતો-મકાનો ધ્રુજતા રહ્યા : લોકો ભયભીત

તાઈપેઇ, તા. ૨૩

તાઇવાનનું પાટનગર ભૂકંપના શ્રેણીબધ્ધ આંચકાથી ધ્રૂજી ઉઠયું હતું. ૬.૩ની તિવ્રતાના સૌથી મોટા ભૂકંપ વચ્ચે નાના મોટા ૮૦ જેટલા આંચકા અનુભવાતા આખી રાત ધરતી ધ્રૂજતી રહ્યાનો ઘટનાક્રમ સર્જાયો હતો અને લોકો ભયભીત બન્યા હતા.

તાઇવાનના પૂર્વીય હુલેન ક્ષેત્રમાં ૬.૩ની તિવ્રતાનો સૌથી મોટો આંચકો અનુભવાયો હતો. આંચકાનો દૌર સોમવારે સાંજે ૫.૦૮ કલાકે શરૂ થયો હતો અને ત્યારે ૫.૫ની તિવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. મધરાત બાદ શ્રેણીબધ્ધ આંચકાનો સીલસીલો શરૂ થઇ ગયો હતો. મોડી રાત્રે ૨.૩૦ કલાકે ૬ મીનીટના સમયગાળામાં બે મોટા આંચકા અનુભવાયા હતા. તાઇવાનના સિસ્મોલોજી સેન્ટરના રીપોર્ટ પ્રમાણે મોડી રાત્રે ૨.૨૬ કલાકે ૬ની તિવ્રતાનો અને ત્યારબાદ ૬ મીનીટ પછી ૬.૩ની તિવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. અમેરિકી સિસ્મોલોજી વિભાગે આ બંને આંચકાની તિવ્રતા અનુક્રમે ૬.૧ અને ૬ની દર્શાવી છે.

એવું બહાર આવ્યું છે કે સોમવાર સાંજથી ભૂકંપના આંચકાનો દૌર શરૂ થયો હતો. મધરાત બાદ સંખ્યા વધવા લાગી હતી. મધરાતથી વહેલી સવાર સુધી સતત ધ્રુજારીથી ઈમારતો ધણધણતી રહી હતી. બારી-દરવાજા સતત ખખડતા રહેતા, ડરામણા અવાજથી લોકો ભયભીત બન્યા હતા. ભૂકંપના કારણે જાનમાલને નુકસાનીના કોઇ રીપોર્ટ નથી છતાં સર્વે શરૂ કરાયો છે.

હુલેન ક્ષેત્રમાં આ પૂર્વે ૩ એપ્રિલે ૭.૪ તિવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને તેની અસરે ભૂસ્ખલન સહિતના ઘટનાક્રમો સર્જાતા અનેક માર્ગો બંધ થઇ ગયા હતા. તેમજ ઇમારતોને પણ નુકસાન થયું હતું. ૧૯૯૯માં ૭.૬ની તિવ્રતાના ભૂકંપથી તાઇવાનમાં ૨૪૦૦ લોકો મોતને ભેટયા હતા તે અત્રે ઉલ્લેખનીય છે.

# કાશ્મીરમાં ફરી ટાર્ગેટ કીલીંગ: ત્રાસવાદીઓએ સરકારી અધિકારીને ઠાર કર્યા



રાજૌરી (જમ્મુ-કાશ્મીર) તા.૨૩

અત્રે સોમવારે આતંકી હુમલામાં એક સરકારી અધિકારી પર ગોળીબારથી સરકારી અધિકારીનું મૃત્યુ થયું હતું.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આતંકીઓએ એક વ્યકિત પર નજીકથી ગોળીબાર કર્યો હતો. જેને સારવાર માટે હોસ્પિટલે દાખલ કરાયો હતો, જયાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણકારી મળતા સુરક્ષા દળોની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આતંકીઓને પકડવા માટે પૂરા વિસ્તારની ઘેરાબંધી કરી હતી. મૃતકની ઓળખ મોહમ્મદ રજાક તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે મૃતક સમાજ કલ્યાણ વિભાગમાં જુનિયર આસિસ્ટન્ટના પદે ફરજ પર હતા.

# સુગર લેવલ મુદ્દે વિવાદ બાદ આખરે સીએમ કેજરીવાલને પહેલીવાર ઈન્સ્યુલીન અપાયું

નવી દિલ્હી તા.૨૩

લીકર એકસાઈઝ પોલીસીમાં મની લોન્ડરીંગના આરોપમાં જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સુગર લેવલ મુદ્દે વિવાદ ઉઠયા બાદ કેજરીવાલને જેલમાં પહેલીવાર ઈસ્યુલીન આપવામાં આવ્યું હતું.

કેજરીવાલે ઘેરથી આવેલા ટિફિનમાં રસ-પુરી ખાતા ઈડીએ આરોપ લગાવ્યો હતો કે કેજરીવાલ પોતાનું સુગર લેવલ જાણી જોઈને વધારીને મેડીકલના ગ્રાઉન્ડમાં જામીન



લેવા માંગે છે, જેના જવાબમાં કેજરીવાલે કહ્યું હતું કે હું જાણી જોઈને મારી જાતને લકવામાં મુકું!

દરમિયાન આમ આદમી પાર્ટીના સૂત્રો મુજબ જેલમાં કેજરીવાલનું સુગર લેવલ ૩૨૦ સુધી વધી ગયું હતું.

દરમિયાન દિલ્હી સરકારની મંત્રી આતિશીએ ઈડી અને તિહાર જેલ પ્રશાસન પર કોર્ટને ગેરમાર્ગે દોરવાના આરોપ લગાવ્યા છે. તેણે કહ્યું હતું કે કેજરીવાલનું સુગર લેવલ વધવાને લઈને ના તો એઈમ્સના વિશેષજ્ઞોની સલાહ લેવાઈ કે ના તો કેજરીવાલનું વ્યવસ્થિત ચેકઅપ કરાવાયું. માત્ર એક ડાયેટિશિયનના ચાર્ટના આધારે કોર્ટમાં કહેવામાં આવ્યું કે જો તેમને ડાયેટ અનુસાર ખાવાનું અપાયું હોત તો તેમનું સુગરલેવલ ઠીક રહેત.

# આવતીકાલથી ફરી આકરી ગરમીનો રાઉન્ડ

## પવનની દિશા બદલાશે: ઉત્તર-પૂર્વનાં સુકા પવનોથી તાપમાન ક્રમશઃ ૪૦થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જશે

રાજકોટ તા.૨૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભેજવાળા પવનોનાં કારણે કાળઝાળ ગરમીમાં રાહત રહી હતી. જો કે હવે આવતીકાલથી ફરી પવનની દિશા બદલાશે અને ઉત્તર પૂર્વના સુકા પવનો શરૂ થશે આથી આવતીકાલથી ફરી સર્વત્ર ગરમીમાં ક્રમશ: વધારો થશે. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આવતી તા.૩૦ સુધી ગરમી વધશે અને ક્રમશ: ૪૦થી ૪૪ ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચી જશે.

દરમ્યાન ગઈકાલે પણ રાજયમાં ગરમીમાં આંશિક રાહત રહેવા પામી હતી. ગઈકાલે રાજકોટમાં ૩૮.૬, સુરેન્દ્રનગરમાં ૩૮.૭, પોરબંદરમાં ૩૪ તથા અમદાવાદમાં ૩૯, અમરેલીમાં ૩૯, વડોદરામાં ૩૭.૮, ભાવનગરમાં ૩૮.૨, ભૂજમાં ૩૭.૬, છોટાઉદેપુરમાં ૩૬.૯, ડિસામાં ૩૭.૮, દિવમાં ૩૫.૬ અને દ્વારકા ખાતે ૩૦.૬, ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.





જયારે જામનગરમાં ૧.૨ ડિગ્રીના આંશિક ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું હતું. દિવસભર તીવ્ર ગતિએ પવન ફૂંકાવાનો સિલસિલો યથાવત રહ્યો હતો. લઘુત્તમ તાપમાન અઢી ડિગ્રી વધ્યું હતું. જામનગરમાં છેલ્લા પાંચેક દિવસથી તેજીલા-પવન ફૂંકાવાનો દૌર ચાલી રહ્યો છે. જે મંગળવારે પણ યથાવત રહ્યો હતો. શહેરમાં પવનની ગતિ પ્રતિકલાકની ૧૨.૨ કિ.મી.ની રહેવા પામી હતી. શહેરમાં છેલ્લા ચોવીસ કલાક દરમીયાન નહીંવત ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી પારો નોંધાયો હતો.જ્યારે અઢી ડિગ્રીના વધારા સાથે લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું.તો પવનની ગતિ પ્રતિકલાક ૧૨.૨ કિમિ નોંધાઇ હતી.

શહેરમાં તેજીલા વાયરાઓની સાથે-સાથે મિશ્ર વાતાવરણનો દોર પણ ચાલી રહ્યો છે. સવારે અને રાત્રે ઠંડક તો બપોરે ગરમી અનુભવાઈ રહી છે. ઠંડી અને ગરમીભરી મિશ્ર ઋતુની વિપરીત અસર લોકોના સ્વાસ્થ્ય પર પણ પડી. રહી છે. જેના કારણે તાવ સહિતના કેસમાં વધારો થયો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું. પવનને કારણે સવારે અને રાત્રિના લોકોએ ઠંડક અનુભવી હતી. બપોરે ગરમી અને સવારે ઠંડકને કારણે મિશ્ર ઋતુ જોવા મળી રહી છે.

# ટુંક સમયમાં અમદાવાદ-સાળંગપુર વચ્ચે હેલીકોપ્ટર સેવાનો પ્રારંભ : કષ્ટભંજન મંદિર પરિસર નજીક બે હેલિપેડ તૈયાર

બોટાદ, તા. ૨૩

સાળંગપુરમાં વિરાજિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીના દર્શને આવતા ભક્તો માટે એક પછી એક હાઈટેક સુવિધા મંદિરના સંતો કરવામાં આવી રહી છે. ત્યારે આગામી લોકસભા ચૂંટણી પછી આખા ગુજરાતના યાત્રાધામમાં પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર માટે અમદાવાદથી ડેઈલી હેલિકોપ્ટર રાઇડ શરૂ કરાશે. આ માટે મંદિર પરિસરથી થોડેક દૂર બે હેલિપેડ બનાવવામાં આવ્યા છે. અમદાવાદ-સાળંગપુર હેલિકોપ્ટર રાઇડ અંગે મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામીએ માહિતી શેર કરી હતી.

મહત્ત્વનું છે કે, ગુજરાતના કોઈપણ યાત્રાધામે જવા માટે અમદાવાદ બેઝ્ડ એરોટ્રાન્સ કંપની દ્વારા હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવશે. જેમાં લોકો અંબાજી, શ્રીનાથજી, પાલિતાણા, સારંગપુર, સોમનાથ, વડનગર, નડાબેટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તલગાજરડા હેલિકોપ્ટરમાં જઈ શકશે. જેમાં અમદાવાદથી સાળંગપુરની ૬ સીટવાળા Bell 407 હેલિકોપ્ટરમાં ટિકિટ ૧ લાખ ૮૫ હજાર છે અને ૫ સીટવાળા Bell 505 હેલિકોપ્ટરમાં ટિકિટ ૧ લાખ ૫૦ હજાર છે. આ હેલિકોપ્ટર રાઈડની ટિકિટ એરોટ્રાન્સની વેબ સાઈટ પરથી ઓનલાઈન બૂક કરાવી શકશે.



## મંદિર પરિસરની નજીક બે હેલિપેડ બનાવવામાં આવ્યા

સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામીએ જણાવ્યું કે, 'આગામી લોકસભાની ચૂંટણી પછી થોડાક જ દિવસમાં અમદાવાદ-સાળંગપુરની ડેઈલી હેલિકોપ્ટરની રાઇડ શરૂ કરવામાં આવશે. આ માટે અત્યારે બની રહેલાં ગુજરાતના સૌથી મોટા ૧ હજારથી વધુ રૂમવાળા ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવન નજીક બે હેલિપેડ બનાવવામાં આવ્યા છે.'